સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૧ | અંક : ૧ | માર્ચ - ૨૦૧૮



અન્સારી દરક્ષાબાનો મો. સલીમ - ધો.૯-ક ● જે.એન. બાલિકા વિદ્યાલય

## શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય - વિનીત વિદાય તા. ૧૭-૨-૨૦૧૮








## પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને હેલમેટ વિતરણ કાર્યક્રમ

સરસપુર કેમ્પસ



બાલભારતી કેમ્પસ









## બાલભારતી મેડિકલ કેમ્પ






# ઘરશાળા

**માર્ચ - ૨૦૧૮**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૯૨**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**, **રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**, **જ્યોતીન્દ્રભાઈ દવે**, **સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**, **અમીતાબહેન પાલખીવાલા**, **અશોકભાઈ સોમપુરા**, **હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૮ |
| સારપનાં દિવડાં | મિત્તલ પટેલ / ૧૨ |
| તર્કસંગત પ્રત્યુત્તર - હરીફને કરે નિરુત્તર | રણછોડ શાહ / ૧૩ |
| પતંગિયાની મસ્તીભરી દુનિયામાં ડોકીયું | ડૉ. મીતા એચ. થાનકી / ૧૫ |
| નાગરિક ધર્મનું શિક્ષણ | દિનેશ લ. માંકડ / ૧૮ |
| શ્રી ભગવતીભાઈ દવે - સંગીત સંધ્યા | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૦ |
| દિક્ષાંત પ્રવચન | હરિભાઈ આર. ચૌધરી / ૨૨ |
| શિક્ષણમાં સંગીત અને કલા | સ્વાતિ એન.પંડયા / ૨૩ |
| જશવંતસિંહજી ફતેસિંહજી સોલંકી | દિલીપસિંહ જશવંતસિંહ સોલંકી / ૨૬ |
| વસંત | હરિદાસ ગાંધર્વ / ૨૭ |
| આધુનિકરણના ગેરફાયદા | ચૈતાલી હિરલ શાહ / ૨૮ |
| પરમવીર ચક્ર - | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૯ |
| વિદ્યાર્થી આલમ | |
| દાન | પ્રહલાદ પારેખ / ૩૪ |
| શું વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણા... | અન્સારી અલશિફા / ૩૫ |
| પ્રકૃતિ તરફ પાછા વળીએ,ઉજ્જવળ ભવિષ્ય બનાવીએ | દૃષ્ટિ ઠક્કર / ૩૬ |
| "કેવા રંગબેરંગી પક્ષીઓ" | શેખ યશફીનબાનું તાજુદ્દીન / ૩૭ |
| ભારતીય સંસ્કૃતિ | ઠક્કર દૃષ્ટિ / ૩૮ |
| પુસ્તક પરિચય - 'કલાસ રૂમ' | ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૦ |
| "તે નાનું બાળક......" | ધીરૂભાઈ શાહ / ૪૨ |


## "ઘરશાળા" શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## પ્રક્ષેપણ પ્રયુક્તિઓ થકી લાગણીનો આવિષ્કાર

બાળકોમાં રહેલાં વ્યક્તિત્વ-લક્ષણોની ઓળખ અને માપન કેવી રીતે થઈ શકે ? શિક્ષકો અને માબાપ માટે આ પ્રશ્ન મહત્ત્વનો ને ઉપયોગી ખરો.

પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે તે હેતુ માટે મનોવૈજ્ઞાનિકોએ કેટલીક પદ્ધતિઓ વિકસાવી છે, જે પૈકીની એક તે પ્રક્ષેપણ પદ્ધતિ (projection technique) છે. આ પદ્ધતિ અનુસાર વ્યક્તિને તેની આંતરિક મનોસ્થિતિના વાતાવરણ સાથે પ્રક્ષેપણ-આવિષ્કાર કરવાની તક અને અનુકૂળતા કરી આપવામાં આવે છે. પરિણામ સ્વરૂપે તે તેના દિલની વાત, ભાવના, યોજના, પ્રેમ કે દ્વેષ, ધિક્કાર કે મૂંઝવણ ઈત્યાદિ ગૂઢ બાબતો અભિવ્યક્ત કરે છે.

આ પદ્ધતિ અન્વયે વ્યક્તિને ચિત્રો ઉપરથી વાર્તા બનાવવાનું; ચિત્રોની પસંદગી કરવાનું; વાક્યો પૂરાં કરવાનું અને શાહી કે રંગના ડાઘા અને વાદળોના આકારો ઉપરથી ચિત્રોની કલ્પના કરવાનું કહેવામાં આવે છે. પ્રત્યુત્તરમાં તે જણાવે કે દર્શાવે તેનું અર્થઘટન કરવામાં આવે છે, જે તે વ્યક્તિના આંતર મનની ઈચ્છાઓ, મૂંઝવણો, ભયભીતિઓ ને કચડાઈ ગયેલી ભાવનાઓ પ્રગટ કરે છે.

શિક્ષકો જો, બાળકોને આમ તેમની મનોવ્યથા વ્યક્ત કરવાની તકો આપે, તો તે દ્વારા તેમની લાગણીઓ મુક્તપણે વહેવા લાગે અને મન હળવું ને પ્રસન્ન બને. આ માટે વિદ્યાર્થીઓને મુક્ત રમતો અને પ્રવૃત્તિઓ આપવી ઘટે. સ્વતંત્ર અને મુક્ત અભિવ્યક્તિના વિકાસ માટે મનગમતા વિષય પર વાર્તા, નિબંધ, કવિતા કે ચિત્ર દોરવાની તકો આપવી ઘટે. ચિત્રપ્રદર્શન, સંગીત, નાટક, વિવિધ સ્પર્ધાઓ યોજી તેમાં ભાગ લેવાની વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી જોઈએ. આમ, પ્રક્ષેપણ પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓની લાગણીઓનો આવિષ્કાર થઈ શકશે.



## સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

# ગુજરાતમાં શિક્ષણ

શિક્ષણની ઉપયોગિતા અંગે ઘણીવાર અતિ ભવ્ય અને રોમેન્ટિક કલ્પનાઓ રજૂ થાય છે. સામાજિક પરિવર્તન અને વિકાસમાં શિક્ષણનું સ્થાન મહત્ત્વનું છે જ, તેમાં શંકા નથી; પરંતુ કેટલાક પ્રવચનકારો, ભાષણ કરનારા અને લેખકો શિક્ષણ બાબતની રોચક કલ્પનાઓને સતત બહેલાવતા રહેવાનો પૂર્ણ સમયનો વ્યવસાય ચલાવે રાખે છે. આ પ્રકારના વિચારો સાચી લોલીપોપ પણ નથી; માત્ર ભ્રમણાઓનું જાળું છે. શિક્ષણને વાસ્તવિક ધરાતલથી તપાસવાને બદલે તે એક શબ્દાળુ વ્યાપાર બની રહે છે. આથી ઉલ્ટું શિક્ષણનાં તમામ પાસાંને પૃથક્કરણાત્મક ઢબે અને તર્કવિવેક વડે તપાસતા રહેવાની જરૂર છે.

શિક્ષણની કામગીરીને ગુજરાતમાં ખાનગી ક્ષેત્ર અને બજારવાદને હવાલે કરી દેવાઈ છે તેથી અનેક દૂષણો વ્યાપી ગયાં છે. ઊંચી ફી, અનેક પ્રકારના લાગા-વસૂલી, નબળી ગુણવત્તાનું શિક્ષણ, ભરતીકાપ, ગ્રંથાલયો અને રમત-ગમતની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચકાપ, પાયાની સગવડોનો અભાવ વગેરે સમસ્યાઓ હવે દૂષણ બની ચૂકી છે. આ ક્ષેત્રે સરકાર ખરેખર સાવચેત અને ચિંતિત છે કે કેમ તે જાણવા અને સમજવા વાસ્તે રાજ્યના બજેટની ગતિવિધિ ઉપર નજર નોંધવી રહી. ગુજરાત 'વિકાસ'વાળો પ્રદેશ છે, એમ વારંવાર કહેવાતું રહ્યું છે. અહીં 'વિકાસ'નો સંદર્ભ જીડીપીના વધારાની ઊંચી ટકાવારી સાથે છે એમ ઘણાં ઉચ્ચારણો ઉપરથી સમજાય છે. ૨૦૧૪-૧૫ માં રાજ્યની જીડીપી રૂ. ૮,૯૫,૨૦૨ કરોડ (લગભગ રૂ. ૯,૦૦,૦૦૦ કરોડ હતો. તે ૨૦૧૭-૧૮માં વધીને રૂ. ૧૨,૭૫,૫૯૧ કરોડ (લગભગ રૂપિયા પોણા તેર લાખ કરોડ) થયો. આ વધારો લગભગ ૧૪.૨૫ ટકા જેટલો છે. આમ, રાજ્યના જીડીપીમાં ઝડપી વધારો નોંધાયો છે. પરંતુ આ ઊંચા અને ઝડપથી વધતાં જીડીપીમાંથી રાજ્ય બજેટ દ્વારા પોતાના કાબૂમાં તો માંડ રૂ. ૧,૭૨,૧૭૯ કરોડ જ લાવી શકે છે, આ રકમમાંથી રાજ્ય કરવેરા દ્વારા તો મામૂલી રકમ ભેગી કરે છે. ૨૦૧૭-૧૮ ના બજેટ પ્રમાણે, રૂ. ૩૩,૬૭૮.૮૯ કરોડ (૧૯.૬૯) ટકા દેવા દ્વારા મેળવતા હતા. કરવેરા દ્વારા અન્ય ૩૧.૩૩ ટકા, અન્ય વેરાઓ દ્વારા ૧૩.૪ ટકા અને કેન્દ્ર સરકાર પાસેથી મળવાપાત્ર ૧૨.૨૧ ટકા તેમ જ અનુદાન રૂપે ૯.૧૬ ટકા મેળવવાનો અંદાજ મુકાયો હતો. આનો અર્થ એ થયો કે રાજ્ય સરકાર બજેટની લગભગ અડધોઅડધ રકમ દેવા, કેન્દ્રીય ફાળા તથા અનુદાન સ્વરૂપે મેળવે છે. જીડીપીમાં ગમે તે ઝડપે વધારો થાય પણ તેના માંડ ૧૩-૧૪ ટકા હિસ્સા ઉપર જ કાબૂ ધરાવતી સરકાર, શિક્ષણ, સ્વાસ્થ્ય, પેય જળ, સમાજકલ્યાણ વગેરેની યોજનાઓમાં ઝાઝું કૌવત દાખવી ન શકે તે સ્પષ્ટ છે.

શિક્ષણને ઘણું મહત્ત્વનું અને ઉપયોગી માનવા છતાં સરકાર તેની પાછળ જે ખર્ચ કરે છે, તે જોઈએ તો સમજાશે કે આ બધી વાતો વાસ્તવિકતાથી ખાસી દૂર છે.

**તાજેતરના બજેટમાં વિવિધ ક્ષેત્રોમાં રાજ્યનું ખર્ચ (ટકાવારી)**

| વિભાગ | ૨૦૧૫-૨૦૧૬ (વાસ્તવિક) | ૨૦૧૬-૨૦૧૭ (સુધારેલો અંદાજ) | ૨૦૧૭-૨૦૧૮ (બજેટ) |
|---|---|---|---|
| **સામાજિક ક્ષેત્ર** | ૩૮ | ૩૭ | ૩૫ |
| **આર્થિક ક્ષેત્ર** | ૨૯ | ૨૭ | ૨૬ |
| **સામાન્ય ક્ષેત્ર** | ૩૨ | ૩૬ | ૩૯ |
| **કુલ** | **૧૦૦** | **૧૦૦** | **૧૦૦** |

સરકારના બજેટમાં થતા ખર્ચને સોશિયલ, ઈકોનોમિક અને જનરલ સેક્ટર એમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે. આ પૈકી સોશિયલ સેક્ટરમાં (સામાજિક ક્ષેત્ર) શિક્ષણ, સ્વાસ્થ્ય, પેયજળ, સામાજિક કલ્યાણ વગેરે જેવાં ક્ષેત્રોના ખર્ચનો સમાવેશ થયા છે. આ ખર્ચ માત્ર નીચું જ નથી; ૨૦૧૫-૧૬થી તેમાં ઉત્તરોત્તર ઘટાડો જ થતો આવ્યો છે. ૨૦૧૫-૧૬માં કુલ બજેટના ૩૮ ટકા આ ક્ષેત્ર તરફ વાળવામાં આવ્યા હતા, પરંતુ ૨૦૧૭-૧૮માં આ રકમ ૩૫ ટકા થઈ છે. સરકાર સતત દેવુ વધારતી ગઈ હોવાથી તેના મુદ્દલના હપતા અને વ્યાજની ચુકવણી સતત વધતી ગઈ છે. કદાચ આ કારણે સામાજિક વિકાસની બાબતમાં લોકોએ સહન કરવાનું આવ્યું છે.

૧૯૬૮માં ભારત સરકારે શિક્ષણ બાબતની સર્વગ્રાહી નીતિ અને કાર્ય નિર્ધારિત કરવા વાસ્તે કોઠારી પંચની નિમણૂંક કરી હતી. કોઠારી કમિશને શિક્ષણનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજીને દેશની કુલ જીડીપીના છ ટકા શિક્ષણ માટે ખર્ચવાનું સૂચન કર્યું હતું. આજ દિન સુધી કોઈ પણ સરકારે આ સૂચનનો અમલ કર્યો નથી. પણ ગુજરાતમાં તો સ્થિતિ બદથી બદતર થતી ચાલી છે. એક તરફ ડેમોગ્રાફિક ડિવિડંડની વાતો કાને પડે છે, બીજી તરફ રાજ્યની જનસંખ્યા ઝડપથી વધતી જાય છે. આથી રાજ્યમાં યુવા વસ્તીનું પ્રમાણ વધુ છે. રાજ્યમાં ૦-૧૪ વર્ષથી ઉંમર ધરાવતાં કુલ ૧.૦૭ કરોડ બાળકો છે. ૦-૧૮ વર્ષની વયજૂથમાં લગભગ ૨.૨૨ કરોડ બાળકો છે. આ બધાં શિક્ષણ અને તે પણ ગુણવત્તાસભર શિક્ષણ ઝંખે છે. સામે પક્ષે વાસ્તવિકતા શી છે ?

પાંચમી ડિસેમ્બર, ૨૦૧૬ના દિવસે પાર્લામેન્ટમાં અપાયેલી માહિતી અનુસાર, રાજ્યમાં ૩૧-૩-૧૬ સુધીમાં ઍલિમેન્ટરી કક્ષાએ ૨૪,૮૪૧ શિક્ષકોની ઘટ હતી. મંજૂર થયેલી જગ્યાઓની સાપેક્ષમાં આ ઘટ ૧૧.૦૧ ટકાની હતી.

**રાજયના બજેટમાં શિક્ષણ પાછળ ખર્ચની તાસીર**

| વિગત | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|---|
| રાજ્યનો જીડીપી (કરોડ રૂ.માં) | ૮,૯૫,૨૦૨ | ૯,૯૪,૩૧૬ | ૧૧,૨૫,૯૫૪ | ૧૨,૭૫,૫૯૧ |
| શિક્ષણ પાછળનું ખર્ચ (કરોડ રૂ.) | ૧૬,૭૩૭.૪ | ૧૮,૪૧૮.૭ | ૧૯,૨૧૭.૧ | ૨૦,૫૫૪.૪ |
| જીડીપીમાંથી શિક્ષણ પાછળના ખર્ચના ટકા | ૧.૮૭ | ૧.૮૫ | ૧.૭૧ | ૧.૬૧ |
| જીડીપીમાંથી પ્રાથમિક શિક્ષણ પાછળના ખર્ચના ટકા | ૧.૨૦ | ૧.૧૭ | ૧.૦૮ | ૧.૦૧ |
| જીડીપીમાંથી અન્ય શિક્ષણ પાછળ થતા ખર્ચના ટકા | ૦.૬૭ | ૦.૬૮ | ૦.૬૩ | ૦.૬૦ |

આરટીઈ હેઠળ શાળાઓમાં જરૂરી વર્ગખંડો, શૌચાલયો, મેદાનો અને કમ્પાઉન્ડ વૉલ પણ બાંધવાનાં થયા છે. આ પ્રત્યેક ક્ષેત્ર રાજ્ય સરકારે ઉદાર કે કૂણું વલણ જ દાખવ્યે રાખ્યું છે. હજુ પણ રાજ્યની ૮૭૮૬ શાળાઓમાં કુલ ૧૮,૯૭૫ ઓરડાઓની ઘટ છે. શાળાના ઓરડા બાંધવા તે કદાચ સરકારની 'વિકાસ'ની પરિભાષાથી બહારની બાબત હશે !

એન્યુઅલ સ્ટેટસ ઑફ એજ્યુકેશનનો ૨૦૧૪નો અહેવાલ જણાવે છે કે ગુજરાતમાં વિદ્યાર્થીઓની વાચનક્ષમતા નીચી છે અને ઘટતી જાય છે. ધોરણ બેના વિદ્યાર્થીઓ પૈકી, ૨૦૧૦માં નેવું ટકા અક્ષર અને શબ્દ ઉકેલીને વાંચી શકતા. ૨૦૧૪માં તે પ્રમાણ ૭૪.૨ ટકા થયું. ખાનગી શાળાઓમાં આ પ્રમાણ ૯૦ ટકા જેવું છે.

આવા પરિણામો કોઈ પણ પ્રગતિશીલ અને વિકાસવાંચ્છુ સમાજ માટે નિરાશાજનક ગણાય. સામાન્ય રીતે, આવા સંજોગોમાં જાહેર અર્થનીતિ પાસેથી એક અપેક્ષા ઊભી થાય જ. અપેક્ષા એ ઊભી થાય કે સરકાર આવી સ્થિતિ સુધારવા વાસ્તે મેદાને પડશે અને પોતાની ગવર્નન્સની શક્તિ અને સામર્થ્યને કામ લગાડશે, પણ બન્યું છે સાવ ઊંધું. અહીં આપેલા આંકડાને ધ્યાનથી જોવાથી સરકારની શિક્ષણ તરફની ઉદાસીનતાનો ખ્યાલ આવશે.

રાજ્યનો જીડીપી (જીએસડીપી) વધે છે, તે લક્ષમાં લઈને રાજ્યએ 'વિકાસ' કર્યો એમ કહેવાય છે. પરંતુ જીડીપી વધવા છતાં શિક્ષણ પાછળનું ખર્ચ ઘટ્યું છે. પ્રાથમિકથી માંડીને તમામ શિક્ષણ પાછળ, ૨૦૧૪-૧૫માં માત્ર ૧.૮૭ ટકા ખર્ચ થતું, પણ તે ૨૦૧૭-૧૮ આવતા સુધીમાં ઘટીને માત્ર ૧.૬૧ ટકા થયું.

જીડીપીમાંથી પ્રાથમિક શિક્ષણ જેવા અતિ મહત્ત્વના તબક્કામાં પણ કરવામાં આવતા સરકારી ખર્ચના આંકડા જોઈએ, તો જણાશે કે ૨૦૧૪-૧૫માં તે માત્ર ૧.૨ ટકા હતું પણ ૨૦૧૭-૧૮માં માંડ એક ટકા જેવી મામૂલી રકમે આવીને અટક્યું ! નોંધપાત્ર બાબત એ છે કે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૭-૧૮ વચ્ચે રાજ્યના જીડીપીમાં લગભગ ૧૪.૨૫ ટકાનો વધારો નોંધાયો છે.

૧૯૬૮માં કોઠારી કમિશને દેશના જીડીપીના છ ટકા શિક્ષણ પાછળ વાપરવા ભલામણ કરી હતી. છેક ૨૦૧૭-૧૮ માં 'વિકાસનું મૉડલ' ગણાવાતા ગુજરાતમાં માંડ એક ટકો આ માટે ખર્ચાય છે. ક્યુબામાં તે લગભગ પંદર ટકા છે. જો શિક્ષણ પાછળ માફકસરનું ખર્ચ ન કરાય, તો કેવાં પરિણામ આવે તેનું પણ ચિંતન કરવું જોઈએ.

**(રોહિત શુક્લ)** અભિદૃષ્ટિમાંથી ટૂંકાવીને...


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# શાંત પળોમાં શાળાનું ભાવિ રેખાચિત્ર

સંચાલન મંડળની સ્થાપનાનો સંતોષ અને આનંદ મનમાં ઘણો હતો, પણ મંડળ બનાવવાનો થાક-મંડળના સભ્યોની પસંદગી વગેરેનો માનસિક શ્રમ સારો એવો થયો હતો.

"ચાલોને એકાદ દિવસ ક્યાંક બહારગામ જઈ આવીએ. થોડો ફેરફાર પણ થશે અને પછી કામ કરવાની મજા પણ પડશે. થોડો સમય શાળાના વિચારોમાંથી મનને રિસેસ પણ મળશે." રઘુભાઈ બહારથી આવ્યા અને મારાથી બોલાઈ ગયું. સારા નસીબે બીજા દિવસે રજા પણ હતી.

"બહારગામ તો ઠીક પણ અમદાવાદની આસપાસ ક્યાંક જઈએ. તમે જ સ્થળ પસંદ કરોને." એમને પણ થાક ખાવાની ઈચ્છા હશે, એમ મને સ્પષ્ટ લાગ્યું.

"બોલો ક્યાં જઈશું ?" આમ અમારી વાત તો અહીં અટકી અને અમે બીજા કામમાં પડી ગયા. પણ બીજે દિવસે સવારે ખરેખર મને આશ્ચર્ય થયું. "લક્ષ્મણ ! એક ઘોડાગાડી લઈ આવો ને ?" ઓળખીતો ઘોડાગાડીવાળો શોધજે - આજે આપણને આખા દિવસની ઘોડાગાડી જોઈએ છે. સવારમાં રઘુભાઈએ બહાર જવાનું નક્કી કર્યું. પાંચ દસ મિનિટમાં તો લક્ષ્મણ ઘોડાગાડી લઈને આવી ગયો. અમે સારા એવા નાસ્તાની થેલીઓ ભરીને ઘોડાગાડી તરફ આવ્યા. "લક્ષ્મણ ચાલને અમારી સાથે તને પણ આરામ મળશે." મેં કહ્યું. એ તો ખુશ થયો. દોડીને ચંપલ પહેરીને શર્ટ બદલીને આવી ગયો. ઘોડાગાડીવાળા સાથે બેસી ગયો.

સાબરમતી આશ્રમ - ગાંધી આશ્રમ તરફ ઘોડાગાડી લઈ લ્યો." રઘુભાઈએ પોતે સ્થળ પસંદ પણ કરી લીધું હતું. ગાંધીઆશ્રમમાં નદીને કિનારે શાંત વાતાવરણમાં મજા પડશે. ૧૯૪૬-૪૭માં આ આશ્રમ તો શહેરથી ખૂબ દૂર અને એકાંત સ્થળે હતો. ક્યાં આજનો આશ્રમરોડ અને ક્યાં એ વખતનો શાંત કુદરતી વાતાવરણમાં આવેલો એ આશ્રમ ? એલિસબ્રિજ છોડીને આગળ વધ્યા એટલે પછી આખો ય રસ્તો નિર્જન હતો, જાણે સાંજે કે રાત્રે તો નીકળવાનું યે મુશ્કેલ. પણ સ્થળ ખૂબ રૂપાળું. ગાંધીજીએ અહીં જ પોતાનાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની ભાવનાનાં બીજ રોપ્યાં હતાં. સ્વાતંત્ર્ય યજ્ઞની ધૂણી ધખાવી હતી એટલે પણ મનમાં આ સ્થળનું મહત્ત્વ હતું. ૩૦૦ વર્ષ જૂની ગુલામીમાંથી દેશને સ્વતંત્રતાની લગન લગાડનાર એ બાપુને મનથી પ્રવેશતાં વેંત જ નમસ્કાર કર્યા. ચારેબાજુથી જાણે સ્વતંત્રતાના સૂરો સંભળાતા હતા. સાબરમતી નદી પણ એ જ સૂરોમાં પોતાના ખળખળ જળના અવાજથી સૂરો મિલાવી રહી હતી.

"કેવું સરસ વાતાવરણ છે નહીં ?" અમારા વિચારો શબ્દોમાં આવવા લાગ્યા. વાતાવરણ જ મનમાં ભાવનાઓના અનેક તરંગો સર્જી રહ્યું હતું. વાતાવરણ કેવો મોટો શિક્ષક છે ? પણ થોડીવાર હું શાંત બની ગઈ. પાછું આગળ બોલવા લાગી. "ક્યાં આ ગાંધીજીનો આશ્રમ અને ક્યાં આપણી મિલોમાંથી નીકળતા કાળામેશ ધૂમાડાથી ઘેરાયેલું આકાશ ? ત્યાં આવેલી સરસ્વતી વિદ્યાલય ?

"હં...ર...ર... એ શું ?" શાની સરખામણી ? તરત રઘુભાઈએ કહ્યું. "આપણે તો આપણો લત્તો જાતે જ પસંદ કર્યો છે. એ ધૂમાડામાં વસતા - અજાણ કુટુંબોનાં બાળકોને ભણાવવાનું આપણે પસંદ કર્યું છે. શાના વિચારમાં છો ?"

આ આશ્રમની શાળામાંથી જે સારું હોય ત્યાંથી આપણે જે અમલમાં મૂકી શકીએ એવું ઉપાડી લેવાનું. કંઈક સારું જોવા મળે એ તો ખુશીની વાત છે. સારું મળે તેમાંથી આપણને શું ઉપયોગી થાય એમ છે અને અમલમાં મૂકી શકીએ એમ છીએ એ શીખવું સારું.

આવી સરખામણી કરી એ યોગ્ય ન હતું. સરસ્વતી

વિદ્યાલય સમાજના એક જુદા સ્તરનાં બાળકો માટે હતી. એને બીજી રીતે જોવી એ ઠીક નહીં. મેં જ મારી જાતને પૂછ્યું. ઠપકો આપ્યો. "હે મન આવા વિચારે કેમ ચડી ? બંનેની શરૂઆત જુદા જુદા હેતુથી થઈ હતી.

"ના હવે હું સરસ્વતી વિદ્યાલયને માટે સરખામણી કદી નહી કરું."

એના કરતાં તો આજે એવા વિચાર કરવા જોઈએ કે એ શાળામાં શાળાના વિદ્યાર્થીઓના વિકાસ માટે, સારી રીતે શાળા ચલાવવા કેવા કેવા કાર્યક્રમો અમલમાં મૂકવા જોઈએ.

શાળાનાં નવા અંગ-ઉપાંગોની યોજના અહીં જ બેસીને વિચારણા કરવી ઠીક ગણાશે. એ માટે એક "રફ આઉટ લાઈન" બનાવવી જોઈએ.

પછી અમે ચા - નાસ્તો કર્યો. રઘુભાઈ કહે, "તમે થોડો આરામ કરો મનને પણ આરામ આપો. હું પ્રશાંતને લઈને નદીમાં રમવા જાઉં છું - ત્યાં પાણીમાં રમવાની એને મજા પડી.

નાસ્તો કરીને પિતા-પુત્ર આશ્રમમાંથી નીચે નદીમાં જઈ શકાય એવા પગથિયાં તરફ ચાલવા લાગ્યા.

હવે શાળાનાં ક્યા કયા પાસાંઓ છે ? એ પાસાં કેવી રીતે વિકસાવવા જોઈએ એનો વિચાર કરવા લાગી. ના, હું તો દરેક અંશને વિકસાવવા માટેનો જ વિચાર કરવા લાગી. રથના ચારે પૈડાંઓ એકી સાથે ચાલે છે ત્યારે રથ દોડી શકે છે. શરીરમાં આવેલ આંખ, કાન, હાથ, મન, આત્મા બધા ય અંગોને એકીસાથે વિકસાવી શકીએ તો જ સમાજને સમતોલ નાગરિક આપી શકીએ.

ત્યાં તો પ્રશાંત - રઘુભાઈને પાછા આવતા જોયા. "કેમ શું થયું ?" મેં પૂછ્યું. પ્રશાંત ભીનો થઈ જાય તો તરત જ બીજાં કપડાં જોઈએ ને ? તેથી ટુવાલ - કપડાં લેવા આવ્યા છીએ." પ્રશાંત તો રઘુભાઈનો હાથ પકડીને કૂદાકૂદ કરતો હતો, અને કહે, "બા તું પણ પાણી પાસે ચાલને ?" "બા ભલે બેઠી, આરામ કરવા દે. આપણે જઈએ છીએ." રઘુભાઈને મેં કહ્યું, "હું વિચારમાં પડી છું કે શાળારૂપી રથનાં બધાં ચક્રોને એકીસાથે ચલાવવા માટે શું કરવું જોઈએ ?" જોયું ને ? સુથારનું મન બાવળીએ ને ? મને થયું કે આપણે આપણાં પ્રોજેક્ટમય બની રહ્યા છીએ."

મને શેકહેન્ડઝ કરીને તેઓ ટુવાલ લઈને ચાલવા લાગ્યા.

"પણ બા મને શેકહેન્ડઝ કરને ? પ્રશાંતે કહ્યું, મારી પાસે ખેંચીને શેકહેન્ડઝ એને કર્યાં અને કપાળ પર બચ્ચી ભરી લીધી. ગમે તેવો પ્રોજેક્ટ હોય, પ્રશાંત હંમેશા એક મધ્યબિંદુ તરીકે જીવનમાં બની રહ્યો હતો. થોડીવારમાં તો હાથ હલાવતા હલાવતા બંને જણ પાછા પાણી સુધી પહોંચી ગયા.

શાળાને કેમ વિકસાવવી એના મુદ્દાઓ લખવાની મેં શરૂઆત કરી. મારા વિચારો કાગળ પર મૂકવા માંડી.

દરેક અંગ માટે વિચારો તો એટલા બધા આવતા કે એક એક નાનકડો નિબંધ થાય પણ નિબંધ લખવા બેસું તો મુદ્દાઓ નોંધવાના રહી જાય.

એટલે આજે તો ચાલને મુદ્દાઓ અને હેતુઓ જ ટપકાવી લઉં. શાળાનાં મહત્ત્વનાં અંગોને આકાર મળ્યો.

**(૧) શાળાની પ્રાર્થના (આચાર્યની જવાબદારી) અથવા સંમેલન :** શાળા શરૂ થાય. વિદ્યાર્થીઓ ઘરેથી આવે ત્યારે અનેક વિચારો સાથે લઈને આવે, અને મિત્રો, માતા-પિતા અને ઘરનાં કામોમાંથી આવે તે વખતે તેમનું મન એકાગ્ર કરવા બીજી બધી બાબતોમાંથી મનને ખેંચી અને એને એકાગ્ર કરવું એ એક મહત્ત્વની વાત પ્રાર્થના કરવામાં બને છે. સંગીત અને સંગીત દ્વારા પ્રેરણામય ગીતો, જીવનનાં મૂલ્યાંકનો તરફ લઈ જાય એવાં ગીતો, રાષ્ટ્રીયભાવના પોષે તેવા ગીતો, વિચારો આપવાં, સંગીતનો પરિચય પણ થાય અને આચાર્ય દ્વારા પાંચેક મિનિટ સારા સારા વિચારો બાળકોને આપી શકાય. શાળાના દિવસની શરૂઆત પ્રાર્થનાથી થાય. એ બાળકો માટે સમાજનાં સમાચારોનું છેલ્લું પાનું બની શકે અને તે ભાવનાથી બાળકોનાં મન પર કાયમી છાપ પડે એવું બોલી શકાય.

પ્રાર્થના સંમેલનનાં વિચારો ટપકાવીને હું બીજા મુદ્દા પર આવી. એ માટે ઘરે જઈને નિરાંતે લખીશ. લાવને હવે બીજા મુદ્દા પર વિચારું.

**શાળાની સાંસ્કૃતિક અને પૂરક પ્રવૃત્તિઓ :** આત્માનો વિકાસ મનનો વિકાસ. અભ્યાસક્રમને સમૃદ્ધ બનાવે.

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :** બાળકોમાં અનેક શક્તિઓ પડેલી છે. જેને આપણે છૂપાયેલી કે સુષુપ્ત શક્તિઓ તરીકે ઓળખવી જોઈએ. સાંસ્કૃતિક પ્રવૃત્તિ બાળકનાં આત્માને - મનને વિકસાવે છે. આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એટલે સંગીત, નૃત્ય, કલાચિત્ર. આ સંસ્કારનાં બીજ રોપે છે. સંગીતના સ્વરો, ચિત્રોનાં રંગો, પગના તાલો અને સારી કવિતાઓ, સાહિત્ય વગેરેની શાળામાં શરૂઆત કરીએ તો કેવું સરસ ! એની યોજના મનમાં શરૂ થઈ.

**પૂરક પ્રવૃત્તિ :** દરેક વિષય શિક્ષક જે વિષય શીખવે છે એ વિષયનો એક નાનો ભાગ શીખવે છે એ તો હું વિદ્યાર્થી હતી ત્યારથી ખબર. સાહિત્યમાં ઈતરવાંચન, કવિતા ઇતિહાસમાં ઐતિહાસિક નવલકથા, ચર્ચા સભાઓ, સમાજના પ્રશ્નો પર ચર્ચા સભાઓ. વિજ્ઞાન ઉપર બહારના વ્યાખ્યાતાઓ, મહેમાનોની વાતો. આમ અનેક વિષયો શાળાની પ્રવૃત્તિઓમાં મૂકી શકાય. એવી પ્રવૃત્તિઓ માટેની વિચારમાળા તો આગળ ચાલવા લાગી કે બસ.

**સાપ્તાહિક પત્રિકાઓ :** અમારી શાળામાં ઘણા શિક્ષકો સામે આ વિચાર મૂક્યો હતો પણ તેમના મનમાં સ્પષ્ટતા નહિ હોય. એટલે જોઈએ એવો એ વિચારમાં સહકાર મળી શક્યો નથી.

વિદ્યાર્થીમાં છૂપાઈને પડેલી શક્તિ સાપ્તાહિક લખાવીને બહાર લાવી શકાય. દા.ત., સાહિત્યપત્રિકા, વિજ્ઞાનપત્રિકા, નાગરિક પત્રિકા, શાળાના સમાચારો - એકવાર વિદ્યાર્થીને કહો તો ખરાં - કેવા સરસ લેખો વિષય શિક્ષકને મળે છે. બાળક તંત્રી બનનાર વિદ્યાર્થીનું વ્યક્તિત્વ એવું તો ખીલી ઊઠશે કે જેની વાત નહીં આપણે પોતે જ ખુશ થઈ જઈએ.

**વિદ્યાર્થી સંઘ :** નેતૃત્વની તાલીમ આપવાનું એક ઘણું સરસ અંગ વિદ્યાર્થી સંઘ બની શકે અને જવાબદારી લેવાની તકો વિદ્યાર્થીઓને પૂરી પાડી શકાય. શાળાનું સૌંદર્ય અને શાળાનું શિસ્ત. સંઘ સંભાળી શકે. પ્રાર્થના અને પ્રાર્થનાની વ્યવસ્થા એડોલેસન્સને સમજવા માટેની એક વિશાળ તક આચાર્યને અને શિક્ષકોને વિદ્યાર્થીસંઘ દ્વારા મળે છે. એમાંથી છૂપાયેલી શક્તિને બહાર લઈ આવવાનો મોકો મળે છે. ચાલો તેમને સમજીએ.

**વિદ્યાર્થીને સમજવાની તક :** મુસાફરી, પ્રવાસો, ઐતિહાસિક જ્ઞાન, ભૌગોલિક જ્ઞાન અને કોમ્યુનિટી લાઈફનો પરિચય આપવાની સુંદર તક વિદ્યાર્થીઓને પ્રવાસોમાં મળે. એકબીજાની સાથે કેવી રીતે અનુકૂલન સાધવું, એડજસ્ટ થવું જોઈએ એની તાલીમ એમાં મળે છે. સાથે સાથે શિક્ષકોને બાળકોનાં સ્વભાવને સાચી રીતે ઓળખવાની તક પણ મળે છે.

**રમતો :** રમતોનો શોખ શિસ્તનો વિકાસ કરે. ગ્રૂપમાં રમાતી રમતો - લેઝીમ, લાઠી, વ્યક્તિગત કસરત. સમૂહ ક્વાયત આમ રમતનું મેદાન બાળકનાં મન અને શરીર બંનેને વિકસાવે છે.

**સંગીત :** સંગીતના કાર્યક્રમો દ્વારા ગીતોની રમઝટથી વિદ્યાર્થીઓ શબ્દો અને ભાવ સાથે એકરૂપતા અનુભવે છે. સંગીતમાં પ્રેરણા ગીતો સમાવીને તેમને જીવનમાં જુદી જુદી રીતે પ્રેરણા આપી શકાય. સંગીત શિક્ષણનો તો જાણે કોઈ અંત જ ન મળે. પણ આચાર્ય તથા શિક્ષકો - રસ લે તો જ વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિઓમાં વધારે પ્રેરણા મળે. એમાંય આચાર્યની પ્રેરણા મહત્ત્વની બનવી જરૂરી છે.

**શિક્ષકસભાઓ :** શાળામાં જો શિક્ષકોની સભા ન હોય તો એ શાળાના કાર્યક્રમોમાં તેઓનો સહયોગ સમજ વિનાનો થાય. એટલે દરેક અઠવાડિયામાં શું થવાનું છે એ વાત આચાર્યે શિક્ષકસભામાં સમજાવવી જોઈએ. અભ્યાસક્રમમાં શા શા અને કેવા સુધારા થઈ શકે એની ચર્ચા કરવી જોઈએ. શિક્ષકસભા કેળવણીની એક તાલીમ

સભા બની જાય તો વિદ્યાર્થીઓ સાથેના શિક્ષકોના હેન્ડલિંગ-વ્યવહાર બધું જ બદલાઈ જાય.

**સ્મરણિકા :** શાળાનું કેલેન્ડર એ સ્મરણિકા. શાળાકીય કાર્યક્રમોના આયોજનની આ સ્મરણિકા વાલી-વિદ્યાર્થી અને શિક્ષક સૌને માટે એક મહત્ત્વનું અંગ બની જાય છે. સ્મરણિકા શાળાકીય અનેક કાર્યક્રમોને સાંકળી લેતું અંગ. અને તૈયારી કરવાનું એક અંગ બની જાય છે. હા, વર્ષની શરૂઆતમાં જ તે બાળકોને આપવું જરૂરી. એટલું જ નહિ, એની ઉપયોગિતા પણ સમજાવવી આવશ્યક ગણાય.

**વાલી દિન :** શિક્ષણમાં શિક્ષક અને વાલીનો સંપર્ક મોટેભાગે હોતો નથી. તેથી જો શાળામાં વર્ષમાં બે વાલીદિન રાખી શકાય તો એક ઘર અને શાળા માટે સેતુ જેવું કામ બની શકે. એ દિવસ શિક્ષક શાળામાં બાળકોનાં અભ્યાસ વર્તન વિશે વાત કરે. વિદ્યાર્થીનાં વ્યવહાર વિષે વાલી વાત કરી શકે.

**વાલીમંડળ :** વાલીઓને શાળાના કાર્યક્રમમાં વધારે ભેળવવા હોય તો વાલીમંડળનું અસ્તિત્વ શાળાનાં વિકાસ માટે એક મહત્ત્વનું અંગ બની જાય છે. વાલીઓ શાળાનાં બગીચા-લાઈબ્રેરી વાલીદિનની વ્યવસ્થા દરેકમાં મદદરૂપ થાય તો વાલીઓને લાગે કે આ શાળા અમારી પોતાની જ છે.

**શાળાની ઑફિસ એટલે શાળાનું હૃદય : (આચાર્યની દૃષ્ટિ અને દોરવણી) :** દરેક સંસ્થામાં શાળાની ઑફિસ એ કંઈ જુદું પડી જતું અંગ બની જાય છે. એમ માની ન શકાય. ઑફિસ સ્ટાફ શાળાના બધાં જ અંગોને લોહી પૂરું પાડે છે ઑફિસ શાળાની દરેક પ્રવૃત્તિને સહકાર આપે તો દરેક પ્રવૃત્તિ ખીલી ઊઠે છે. ઑફિસના સ્ટાફને તેમજ શાળાના પટાવાળાઓને સારામાં સારી તાલીમ આપવી એ મહત્ત્વનું કામ શાળાના આચાર્યનું છે. આચાર્ય શાળાના કોઈપણ અંગની ઉપેક્ષા ન કરી શકે. તેથી ઑફિસ સ્ટાફની સભાઓ મહત્ત્વનું અંગ બની રહે છે. વહીવટી એડમિનિસ્ટ્રેટીવ કામ સાથે ઑફિસ સ્ટાફને શૈક્ષણિક દૃષ્ટિને વિકસાવવી તે કામ આચાર્યનું છે.

**લાઈબ્રેરી :** લાઈબ્રેરી માત્ર શાળાના પુસ્તકો રાખવાના કબાટ બની ન રહે એ જોવાનું કામ લાઈબ્રેરીઅનનું છે. વાલી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ત્રણેયને ઉપયોગી બની રહે સતત પ્રયત્ન કરવા જોઈએ.

**જૂના વિદ્યાર્થીઓનું સંગઠન :** કોઈપણ યુવાનને કે નાગરિકોને પૂછો તો જરૂર જાણવા મળશે કે તે વ્યક્તિને માટે શાળાના સ્મરણો વધારે યાદગાર બને છે. કૉલેજ કરતાં ખૂબ અભિમાનપૂર્વક શાળાનાં સ્મરણો બીજાને તે કહે છે. જૂના વિદ્યાર્થીઓનું એક સરસ મંડળ દરેક શાળાનું ગૌરવ બની રહે છે.

**નવા પ્રોજેક્ટ :** શાળામાં ભણાવવાના વિષયોને રૂઢિચુસ્ત રીતે ભણાવાય એના કરતાં એમાં કંઈક નવા પ્રયોગો થતા રહે તે માટે સતત વિચારણા કરતા રહેવાનું જરૂરી છે. એ દિવસોમાં ૧૯૪૮-૫૦ના વર્ષો દરમિયાન બી.એડ્.ની તાલીમ આપતી કૉલેજો કેળવણી સારી થાય એટલા માટે સરકારની મદદથી એક પ્રોજેક્ટ ચલાવતી. એમના દ્વારા શાળાઓ નવા પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી શકે એ માટે આયોજન થતાં. એ માટે સરસ્વતી મહત્ત્વનું ચરણ જરૂર બની રહેશે.

**બોર્ડની પરીક્ષાઓ :**શાળા બોર્ડની પરીક્ષાઓને ઘણું મહત્ત્વ આપે છે. એમાં વધારે સંખ્યામાં બાળકો પાસ થાય અને વર્ષ ન બગડે એનાથી ય અગત્યનું અંગ સારા ગુણોથી પાસ થાય એ જરૂરી કાયમ ગણાવું જોઈએ. સારા બાળકો માટે ઉજ્જ્વલ પરિણામો લાવતાં બાળકોનું સન્માન કરવું એ એક બાળકનાં જીવનનો પ્રેરણામય દિવસ બની રહેશે. વળી એ બીજા અનેક વિદ્યાર્થીઓ માટે પણ એટલો જ પ્રેરક બની રહે છે.

આમ સારા શિક્ષકો - પણ સરસ કામ કરે તેઓને સૌ તરફથી અને આચાર્ય તરફથી પ્રેરણા મળી રહે. આવા પ્રોજેક્ટસને આવકાર આપવો એ સંસ્થા માટે મહત્ત્વનું અંગ બની રહે.

આમ આ તો અત્યારે શાળાના અંગો-ઉપાંગોનો વિચાર શાંત પળોમાં થયો. એથી હું ખૂબ આનંદમાં હતી.

બીજા વિચારો ઘરે જઈને નોંધી લઈશ એમ કરીને પેન્સિલ અને પેડ નીચે મૂક્યાં. ત્યાં જ લક્ષ્મણે રઘુભાઈ અને પ્રશાંતને પાછા આવતા જોયા. "બેન સાહેબ આવ્યા" લક્ષ્મણે કહ્યું, પ્રશાંત દોડતો દોડતો આવ્યો. બા-બા મેં ને પપ્પાએ ખૂબ જ મજા કરી. બાએ પણ કંઈક મજા કરી હોય એમ લાગે છે એટલે આનંદમાં દેખાય છે. પણ લક્ષ્મણ કદીએ ચૂપ નો'તો રહેતો. બોલી પડ્યો.

"સાહેબ ગયા ત્યારના બહેન તો કંઈક લખવામાં પડી ગયાં હતાં. વચ્ચે વચ્ચે ગીત પણ ગાતા હતાં. "શું લખ્યું ? બતાવો જોઈએ." રઘુભાઈએ લખવાનું પેડ માંગ્યું. મેં તરત જ ખુશી ખુશી મેં કરેલી નોંધ આપી અને કહ્યું, "શાળામાં કયા કયા અંગોને વિકસાવવા જોઈએ એની યાદી બનાવી છે. પણ દરેક પ્રવૃત્તિની નોંધ સરખી થાય તો જરા નોંધ વિસ્તારપૂર્વક લખવી જોઈએ ને ?" વાંચીને તરત જ તેઓ બોલ્યા, "અરે વાહ ! આ નોંધ શાળાની દરેક પ્રવૃત્તિમાં આપણે માટે સ્મરણિકા પણ બની રહેશે. આ જ વિચારો પ્રમાણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે કામ થાય તો શાળાનો વિકાસ અને બાળકોનો વિકાસ સરસ અને ઝડપી થાય."

"સમાજને રાષ્ટ્રને અને પરિવારને વિદ્યાર્થી સુખી બનાવશે. આશ્રમના આ શાંત વાતાવરણમાં અને નદીના કિનારે મને તો આપણી સંસ્થાને માટે વિચારો આવ્યા તે નોંધી લીધા." વાતાવરણે મને પ્રેરણા આપી. બીજી તમારી પ્રેરણા એટલા માટે તે તમે કહ્યું કે બીજી સંસ્થા જોઈને આપણી સંસ્થાને નીચી ન માનવી, પણ સારું શીખવું. એ વાત હૃદય સુધી પહોંચી ગઈ હતી. અમે બંને હસી પડ્યાં. ચા પાણી પીને સૌ ઘોડાગાડીમાં બેઠાં. ગાડી આશ્રમથી અમારા ઘર તરફ દોડવા લાગી. પોણો કલાક થયો હશે. અમે સરસ્વતી (સરસપુર)માં પ્રવેશ્યાં. "સાહેબ તમે અને પ્રશાંતભાઈ તો નદીમાં ખૂબ રમ્યા પણ જશીબહેને તો શાળાનું જ કામ કર્યું કહેવાય ને ?" મને થયું કે લક્ષ્મણ પણ અમારો સાથીદાર છે. એ કંઈ પટાવાળો નથી. શાળાનું ભાવિ રેખાચિત્ર લઈને અમે ઘરે પહોંચ્યાં.

જૂની મિલોના એ પતરાંનાં છાપરાનાં ઓરડાઓ પણ અમારે માટે તો ઘર જ હતું. નાનકડા હિંડોળા પર બેઠાં બેઠાં મનમાં એક પ્રકારની પ્રસન્નતા હતી. આનંદમાં ને આનંદમાં રવીન્દ્રનાથ ટાગોરની કવિતાની પંક્તિઓ યાદ આવી. જે કદાચ આજના કામની સ્પષ્ટતાની નિશાની હતી.

"નવ અરુણોદય જય જય જય હો.
પૂર્વ દિગંચલ હો કે જ્યોતિર્મય જય જયકારનો
નવ અરુણોદય જય જય."

અમદાવાદનાં પૂર્વ સમાજને નવજીવન આપવામાં આજનો આ દિવસ કાયમ યાદ રહેશે. ગાંધી આશ્રમને નમન કર્યું.

## સારપનાં દિવડાં

**મિત્તલ પટેલ**

**પ્રાંતવેલ વર્ગ પ્રાથમિક શાળા, તા. બાયડ, જિ. અરવલ્લી.**

સાચું બોલશું, સારું ભણશું
માણસાઈના પથ અમ બનશું......
મુશ્કેલીઓને માત દઈને,
અડગ હિમાલય સમ અમ બનશું
દુર્ગુણ ફેંકી સદ્ગુણ લેશું
દૂર એકમાંથી સારપ લણશું....
વિચાર, વાણી અને વર્તને
એકરૂપ થાશું... સમરસ બનશું.....
સ્વચ્છ ઘર ને સ્વચ્છ શાળા
સ્વચ્છ રૂપાળો દેશ અમ કરશું.......
દ્વેષભાવ ને દૂર ફગાવી
સારપના દિવડાં અમ બનશું......
સેવા, દાન ને સહાનુભૂતિ
નિઃસ્વાર્થ ભાવે અમ સૌ જીવશું......
લક્ષ્ય બનાવી મહેનત કરશું.
દેશભાવિને ઉજ્જવળ સમ કરશું.....

# તર્કસંગત પ્રત્યુત્તર - હરીફને કરે નિરુત્તર

**રણછોડ શાહ**

સારા વિચારો અને સારી સંગત વ્યક્તિને પ્રગતિના પંથે જ લઈ જાય. આજની તાણયુક્ત જિંદગીની વચ્ચે પણ અનેક લોકો સતત વિધેયાત્મક ચિંતન અને મનન કરતા નજરે પડે છે. આ દુનિયામાં સારી અને ઉદાહરણીય બાબતો કઈ કઈ છે તેની શોધખોળમાં જ તેઓ વ્યસ્ત રહે છે. તેમની નજર ફૂલના સૌંદર્ય ઉપર હોય છે. કાંટા તરફ તેઓ દુર્લક્ષ સેવે છે. તેઓ પ્રત્યેક પ્રસંગમાંથી સારા મુદ્દા તારવી તેના પ્રચાર અને પ્રસાર માટે મંડી પડે છે.

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય છે. તેમાંથી કોણ સારું અને કોણ નરસું તેની પસંદગી કરવામાં જ વ્યક્તિનું ડહાપણ સમાયેલું છે. નિરાશાવાદી, નિંદાખોર અને નકારાત્મક વિચારો ધરાવતા મિત્રોની પસંદગી કરતી વ્યક્તિને સારી સોબત ક્યાંથી સાંપડે ? સારી મૈત્રી શોધવાની પ્રક્રિયા તો અનાજમાંથી કાંકરા નહીં પરંતુ કાંકરામાંથી અનાજ શોધવા જેટલી કઠિન છે. એક કવિએ પ્રભુ ભક્તિ નીચેની કાવ્ય પંક્તિમાં વ્યક્ત કરી છે.

"નથી કરવા નફા-નુકસાનનાં સરવાળા બાદબાકી,
આજ મળી છે ખુશી, મને એના ગુણાકાર કરવા દે.
મળી જેમને હું મારું અસ્તિત્વ પણ ખોઈ બેસું છું,
એવા મિત્રોમાં મને તારો સાક્ષાત્કાર તો કરવા દે."

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનના જીવનમાં એક ઘટના ઘટી જે સારી વ્યક્તિઓના સંપર્કથી શું પ્રાપ્ત થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આઈનસ્ટાઈન 'સાપેક્ષતાવાદના સિદ્ધાંત' (Theory of Relativity) માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે. વિશ્વને આ મૂલ્યવાન સિદ્ધાંતની ભેટ આપનાર વૈજ્ઞાનિક તરીકે તેઓ સમગ્ર વિશ્વમાં જાણીતા છે.

'સાપેક્ષતાવાદ'ને સમજાવવા તેઓશ્રી પૂરી દુનિયામાં ભ્રમણ કરતા હતા. તેમના પ્રવચનો એટલે જ્ઞાનનો અખૂટ ભંડાર. તેમની સાથે તેમના ડ્રાઈવર પણ વિવિધ સ્થળોએ જતો. ડ્રાઈવર તમામ પ્રવચનો ધ્યાનથી સાંભળી, શક્ય તેટલી બાબતો સમજવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતો. એક દિવસ ડ્રાઈવરે આઈનસ્ટાઈનને જણાવ્યું, "મેં તમારા તમામ પ્રવચનો સાંભળ્યા હોવાથી સાપેક્ષતાવાદ મને પણ બરાબર સમજાઈ ગયો છે વળી એટલો સરળ છે કે હવે તો હું પણ તેના ઉપર પ્રવચન આપી શકું."

આ સમયે ગુસ્સે થવાને બદલે આઈનસ્ટાઈનને આનંદ થયો કે તેઓનો સિદ્ધાંત હવે તો સામાન્ય વ્યક્તિને પણ સમજાઈ ગયો. તે દિવસોમાં પ્રસાર માધ્યમો આટલા બધા નહોતા. તે સંજોગોમાં લોકો આઈનસ્ટાઈન વિશે જાણતા હતા. પરંતુ તેમને જોવાનો લ્હાવો મળતો નહીં. તેઓ ઓળખની રીતે સમાજથી અપરિચિત હતા. એક દિવસ તેઓએ ડ્રાઈવરને કહ્યું કે આજે મારી જગ્યાએ તારે પ્રવચન આપવા જવાનું છે. ડ્રાઈવરે આઈનસ્ટાઈન જેવાં કપડાં પહેરી વૈજ્ઞાનિકની અને આઈનસ્ટાઈને ડ્રાઈવર જેવા વસ્ત્રો પહેરી પોતપોતાની વેશભૂષા તૈયાર કરી લીધી. તેઓ પ્રવચન આપવા માટે હોલ ઉપર ગયા. આઈનસ્ટાઈન હોલમાં છેલ્લી લાઈનમાં બેસી પ્રવચન સાંભળવા લાગ્યા.

ડ્રાઈવરે સ્ટેજ ઉપર જઈ અત્યંત સહજ રીતે કુશળતાપૂર્વક સિદ્ધાંત સમજાવી દીધો. શ્રોતાઓને કોઈ શંકા પણ ન ગઈ. પ્રવચનના અંતે પ્રશ્નોત્તરી થઈ. મોટાભાગના પ્રશ્નોના ઉત્તર અગાઉના વક્તવ્યોમાં આઈનસ્ટાઈને આપ્યા હોવાથી ડ્રાઈવરને કોઈ તકલીફ પડી નહીં.

પરંતુ છેલ્લે એક પ્રશ્ન એવો આવ્યો કે ડ્રાઈવર પાસે તેનો ઉત્તર નહોતો. આવો સવાલ અગાઉ કોઈએ પૂછ્યો નહોતો જેથી ડ્રાઈવરને તેનો જવાબ આવડતો નહોતો. તેની સમક્ષ સમસ્યા ઊભી થઈ ગઈ. પરંતુ સોબતના સહારે ઉકેલ શોધવામાં સફળ થયાં. ગણતરીની સેકન્ડમાં, ગભરાયા વિના જવાબ આપ્યો, "મિત્રો, આ સવાલ તો એટલો બધો સહેલો

છે કે તેનો ઉત્તર તો છેલ્લી લાઈનમાં બેઠેલ મારો ડ્રાઈવર પણ આપી શકશે. તેમને વિનંતી કરું છું કે તેઓ આ પ્રશ્નનો જવાબ આપે.'' આઈનસ્ટાઈન ડ્રાઈવરના હાજરજવાબીપણાથી ખુશ થઈ ગયા. તેઓ સીધા સ્ટેજ ઉપર પહોંચી ગયા. પ્રશ્નનો ઉત્તર આપી દીધો. તેની વિગતવાર સમજ પણ આપી દીધી. કાર્યક્રમ સારી રીતે સંપન્ન થઈ ગયો.

જીવન કેવા પ્રકારની વ્યક્તિ સાથે પસાર થાય છે તેના ઉપર પ્રગતિનો આધાર છે. આઈનસ્ટાઈન જેવી વિશ્વ વિભૂતિની ગાડી ચલાવતો અભણ ડ્રાઈવર પણ હોંશિયાર થઈ શક્યો. તેથી તો આપણે કહીએ છીએ : ''જેવો સંગ તેવો રંગ''. આપણી આજુબાજુ અનેક સજ્જનો રહે છે તો દુર્જનોની પણ આ સમાજમાં ખોટ નથી. વ્યક્તિએ કોને પસંદ કરવા અને કોને છોડી દેવા તે જાતે સૂઝબૂઝથી નક્કી કરવું પડે છે. આવું જ એક ઉદાહરણ પ્રાણીજગતમાંથી પણ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટાંત વ્યવસ્થાપનના (Management) પાઠ્યક્રમમાં નથી પરંતુ વ્યવહારમાંથી પ્રાપ્ત થાય છે.

એક દિવસ એક કૂતરો જંગલમાં ફરતો હતો. તે તેના ઘરનો રસ્તો ભૂલી ગયો હતો. ત્યાં તો સામેથી ગર્જના કરતા સિંહને આવતો જોયો અને તેના મોતીયા મરી ગયા. તે ધ્રૂજી ઉઠ્યો. તેને લાગ્યું હવે 'રામ બોલો ભાઈ રામ' થઈ જ જશે. પરંતુ ત્યાં તો તેણે રસ્તામાં વેરાયેલાં સૂકાં હાડકાંના ટુકડાઓ જોયા. તેને તરત એક યુક્તિ સૂઝી. તે સિંહ તરફ પીઠ કરી બેસી ગયો. એક હાડકું મોંમા લઈ ચૂસવા લાગ્યો. મોટે મોટેથી બોલવા લાગ્યો, ''સિંહને મારી નાંખી તેને ખાવાની તો કંઈક મજા જ જુદી હોય છે. જો બીજો એક સિંહ મળી જાય તો મિજબાની થઈ જાય !'' આમ બોલી તે જોર જોરથી ભસવા લાગ્યો. સિંહ આ સાંભળી વિચારમાં પડી ગયો. તેને વિચાર આવ્યો કે આ કૂતરો તો સિંહનો શિકાર કરી તેને મારી નાંખી ખાઈ જાય છે. માટે તેનાથી તો દૂર રહેવું જ સારું તેમ સમજીને તે ત્યાંથી ભાગી ગયો. ઝાડ ઉપર બેઠેલો વાંદરો આ ખેલ જોઈ રહ્યો હતો. તેને વિચાર આવ્યો કે જંગલના રાજા સાથે મૈત્રી કરવાની આ એક ઉત્તમ તક છે. જો સિંહ સાથે દોસ્તી થઈ જાય તો પછી તે પણ રાજાની જેમ જંગલમાં ફરી શકે ને ! તે વહાલો થવા માટે સિંહ પાસે પહોંચી ગયો. કૂતરાએ કરેલી ચાલબાજી કહેવા માટે તે અધીરો બની ગયો.

કૂતરાને લાગ્યું કે આ લુચ્ચું વાંદરું મારી વિરુદ્ધ કંઈક કરી રહ્યું છે. કાંઈક ગરબડ લાગે છે. વાંદરાએ સિંહ પાસે પહોંચી તેને કઈ રીતે કૂતરાએ બેવકૂફ બનાવ્યો તે તમામ વાતો જણાવી દીધી. સિંહ ખૂબ ક્રોધે ભરાઈ ગયો. તેણે કૂતરાને ફાડી ખાવાનો નિર્ણય કરી લીધો. સિંહે વાંદરાને પીઠ ઉપર બેસાડી લીધો અને જ્યાં કૂતરો હતો તે તરફ દોડવા લાગ્યો.

કૂતરાએ સિંહને પોતાના તરફ આવતો જોઈને સમજી ગયો કે નવી મુસીબત આવી રહી છે. પરંતુ પોતાનામાં હતી તે સઘળી તાકાત ભેગી કરીને પુનઃ સિંહ તરફ પીઠ ફેરવીને બેસી ગયો. તેણે બીજી યુક્તિ લડાવી. બરાડા પાડી પાડીને જોર જોરથી બોલવા લાગ્યો, ''વાંદરાને એક કલાકથી સિંહને શોધવાનું કહ્યું છે પરંતુ બેવકૂફ હજુ સુધી પાછો આવ્યો નથી. સિંહને પટાવીને લઈ આવતાં મૂરખને કેટલીવાર લાગે છે ?'' આ સાંભળીને સિંહે તુર્તજ તેની પીઠ ઉપર બેઠેલા વાંદરાને નીચે પાડી નાંખ્યો અને તેના ઉપર હુમલો કર્યો.

મુશ્કેલીભરી પરિસ્થિતિમાં ક્યારેય વિશ્વાસ ગુમાવવો જોઈએ નહીં. એવા લોકોની મૈત્રી રાખવી જોઈએ કે જેઓ મુશ્કેલીના સમયમાં મદદ કરે. વાંદરાઓથી આ સમાજ ભરેલો છે, તેઓને શોધી કાઢી તેમનાથી દૂર રહેવું સારું. તેઓ ક્યારે દગો કરશે તે કહી શકાય નહીં. મિત્ર હોંશિયાર હોય તો સારું પરંતુ તેનાથી વિશેષ તો તે વફાદાર અને વિશ્વાસુ હોય તે આવશ્યક છે. નજીકની વ્યકિતઓની પસંદગી કરતી વખતે અત્યંત કાળજી રાખવી જોઈએ. હરીફને હરાવવાનો ઉત્તમ રસ્તો છે તેને તર્કબદ્ધ જવાબ આપી નિરુત્તર બનાવી દેવો જોઈએ.

''મશહૂર થઈને, ઓળખ ઊભી કરવાનો શોખ મને ક્યાં છે, મને તો, મારા નજીકના લોકો ઓળખે એ જ ઘણું છે.''

# પતંગિયાની મસ્તીભરી દુનિયામાં ડોકીયું

**ડૉ. મીતા એચ. થાનકી**

પ્રોફેસર, આર.જી.ટીચર્સ કૉલેજ, પોરબંદર.
નિવાસઃ 'તત્સત્' ૨૩૧ સરકારી કર્મચારી કોલોની, રોકડીયા હનુમાન મંદિર પાછળ, ગીતા નગરના છેડે, મુ. ખાપટ, તા. જિ. પોરબંદર.

જ્યાં ફૂલો ઊગતાં હોય તેવા પૃથ્વીના કોઈપણ સ્થળે જાવ, પછી એ વન-વગડો હોય, જંગલ હોય, ખુલ્લું મેદાન હોય, રણ વિસ્તાર હોય, બાગ-બગીચો હોય કે ધ્રુવ પ્રદેશ આ બધી જગ્યાએ તમને એક પ્રકારનું કીટક અચૂક જોવા મળી જાય ! એ કીટક એટલે પતંગિયું.... વિવિધરંગી મનોહર પતંગિયાને જોતાં જ માનવહૈયું પુલકિત થઈ ઊઠે ! મનુષ્યની ભીતર શ્વસતો બાળક તો પતંગિયાની સુંદર પાંખો જોઈને તેને પકડી લેવા આતુર થઈ ઊઠે ! પરંતુ રખે ને એ અત્યંત નાજુક જીવને પકડવા જતાં ક્યાંક તેનો જીવ તો જોખમમાં નહીં મુકાઈ જાય ને ! એમ વિચારી, તેને દૂરથી જોઈને જ સંતોષ માની લે ! પરંતુ એ સાથે જ તેના બૌદ્ધિક માનસમાં અસંખ્ય સવાલો ઊઠ્યા કરે કે... આટલા નાજુક અને રંગબેરંગી પતંગિયાઓનું જીવન કેવું હશે ? તો આવો મિત્રો, આજે તમને આ વિવિધ રંગી પતંગિયાઓની મસ્તીભરી દુનિયામાં વિજ્ઞાનની આંગળી પકડીને સૈર કરાવું...

વિશ્વમાં પતંગિયાની અસંખ્ય જાતો અસ્તિત્વ ધરાવે છે. જેમાંથી ૧,૦૦,૦૦૦ જેટલી જાતોને તો વિજ્ઞાને ઓળખી બતાવી છે. પ્રાણીશાસ્ત્રમાં 'પીપીલિઓનીના' જાતિમાં જેનો સમાવેશ થાય છે તેવા પતંગિયાનું સૌથી આકર્ષક અને મનમોહક અંગ એટલે તેની પાંખો. પરંતુ મિત્રો, પાંખો વડે ઊડતા દરેક કીટકો પતંગિયા નથી. ઘણાં લોકો ફૂદાં હંમેશા રાત્રે ઊડનારા 'નીશાચર' જીવો છે, જ્યારે પતંગિયા એ દિવસે જ ઊડનારા 'દિવાચર' છે. બંનેમાં બીજો ભેદ એ છે કે પતંગિયાના શરીરના પ્રમાણમાં તેની પાંખો મોટી હોય છે અને તે બેસે ત્યારે તેની પાંખો પીઠ ઉપર બિડાઈ જાય છે જ્યારે ફૂદું બેસે ત્યારે પણ પાંખોને પંખાના પાંખિયાની જેમ પ્રસરાવી રાખે છે. વળી, તેની કાયા પણ પતંગિયાની કાયા કરતાં થોડી ભરાવદાર અને મોટી હોય છે.

કદમાં નાના પતંગિયા સરેરાશ ૨૧ દિવસનું અને મોટા પતંગિયા ૪૦ થી ૪૫ દિવસનું આયુષ્ય ધરાવે છે. પરંતુ આટલી નાની અમથી જિંદગીમાં પણ તેઓ સતત કર્મશીલ રહી પુષ્પોના પરાગનયનમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવતા રહી, આપણાં બાગ-બગીચાને હરિયાળા રાખે છે.

ગ્રીષ્મ અને વર્ષાઋતુ દરમિયાન પ્રજોત્પતિમાં સતત રચ્યાપચ્યા રહેતાં પતંગિયાની પ્રજનનની પ્રક્રિયા અન્ય કીટકોની માફક જ ચાર તબક્કામાંથી પસાર થાય છે. ઈંડા, ઈયળ, કોશેટો અને છેલ્લે પતંગિયું.... પ્રજનન કાર્યમાં માદા અને નરનું કાર્ય ખૂબ સિમિત હોય છે. માદાને ગર્ભાધાન કરાવીને નર ઊડી જાય છે. એ પછી માદા પતંગિયું પોતાને મનગમતા વનસ્પતિના છોડના છાયામાં રહેલા પાંદડા પર અથવા છોડના મૂળિયા પાસે જ્યાં કીડીનું દર હોય ત્યાં નાનો એવો ખાડો કરીને ખસખસના દાણા જેટલા કદના આછા ગુલાબી, પીળા કે સફેદ રંગના ૨૦ થી ૩૦ જેટલા ઈંડા મૂકે છે. મોટા પતંગિયા હોય તો ઈંડાનું કદ રાઈના દાણાથી સહેજ મોટું હોય તથા ઈંડાની સંખ્યા ૫૦૦ જેટલી હોય છે. માદા એકવાર ઈંડા મૂકી દે પછી તેનું કર્તવ્ય પણ પૂરું થાય છે. ઈંડામાંથી પતંગિયા સુધીની યાત્રા પછી કુદરત સંભાળી લે છે.

કુદરતી ગરમીથી ઈંડા સેવાય છે અને ઈંડામાંથી ઈયળ બહાર આવે છે. કીડીના દર પાસે ઈંડા મૂકતી વખતે માદા પતંગિયું ઈંડાની આસપાસ મીઠું મધ જેવું ચીકણું પ્રવાહી છોડી જાય છે. ઈંડામાંથી નીકળેલી ઈયળના શરીરમાંથી પણ એવું જ પ્રવાહી ઝરે છે તેથી કીડીને પુષ્કળ પ્રમાણમાં

મીઠો રસ મળતો હોય, તે સ્વાભાવિક રીતે જ ઈયળોનું રક્ષણ કરે છે. ઈયળ પણ વનસ્પતિના ખરેલા પાંદડા કે ફળ ખાઈને કીડીઓના રક્ષણમાં ઝડપથી ઉછરી જાય છે.

ઈયળનો રંગ એવો હોય છે કે જેથી આસપાસની વનસ્પતિના રંગ સાથે તે સહેલાઈથી ભળી જાય અને જીવાત ભક્ષી પંખીડાઓથી તેને રક્ષણ મળે. ખૂબ ખાઈ ખાઈને જાડી અને લાંબી થયેલી ઈયળ પોતાની ડોકની બંને બાજુએ રહેલાં છિદ્રોમાંથી ચોક્કસ પ્રકારના ચીકણા રસના તાંતણા બહાર કાઢે છે. આ તાંતણાં મુકાઈ જાય એટલે તેમાંથી રેશમ બને છે જેમાં ઈયળ પોતે સતત વીંટળાતી રહે છે અને ત્રિકોણાકાર કોશેટાનું સ્વરૂપ ધારણ કરીને તેમાં જાતે જ કેદ થઈ જાય છે. આ અવસ્થામાં જ કુદરત ઈયળનું વિસર્જન કરી, તેને સુંદર પતંગિયાનો આકાર અને રંગ આપે છે. કોશેટો તોડીને પતંગિયું જેવું બહાર આવે અને પોતાની પાંખો વિસ્તારે કે તરત જ તેના શરીરમાંથી રક્તરસ ફેલાવા લાગે છે અને અચાનક જ પતંગિયાનું કદ મોટું થઈ જાય છે. થોડીવારમાં જ તેનું ભીનું શરીર સુકાઈ જતા આપમેળે પાંખો ફફડાવીને આ વિશાળ જગતમાં પોતાની જાતને તરતી મૂકી દઈને તે ઊડી જાય છે.

ઈયળ સ્વરૂપે સતત ખા-ખા કરતું પતંગિયું પુખ્ત થયા પછી કશું જ ખાઈ શકતું નથી તેથી શેષ જીવન તેણે ફૂલોના રસ પર નિર્ભર રહીને જ ગુજારવાનું થાય છે. પુખ્તવયના પતંગિયાના મોઢામાંથી વાળ જેવી બે સૂંઢ નીકળે છે. તેની મદદથી સ્ટ્રોની જેમ ફૂલોમાંથી રસ ચૂસવાનું કાર્ય તે કરતા રહે છે. પગના તળીયે આવેલી સ્વાદેન્દ્રિયના આધારે ફૂલોના રસનો સ્વાદ પારખી, સૂંઢ દ્વારા મધુરસ ચૂસવાનું કાર્ય પૂર્ણ થતાં જ પતંગિયું પોતાની દોરા જેવી સૂંઢને ગૂંચળું વાળીને સંકેલી લે છે. આ ગૂંચળું અત્યંત તેજ ગ્રહણશક્તિ ધરાવતા 'સેન્સર' તરીકે પતંગિયાને મદદરૂપ થાય છે. તેના દ્વારા પતંગિયું પોતાની આસપાસ અવાજના મોજાં, ઉષ્ણતામાન, વાતાવરણમાં ભેજનું પ્રમાણ વગેરેની ભાળ મેળવી લે છે.

પતંગિયાની સુંદરતામાં વધારો કરનારું મુખ્ય અંગ એટલે તેની રંગબેરંગી પાંખો.... પરંતુ એવું માની લેવાની જરાય ભૂલ ન કરશો કે માદાને આકર્ષવા માટે જ કુદરતે તેની પાંખોને આટલી સુંદર બનાવી છે !! તેની સુંદર પાંખોનો ખરો હેતુ તો છે સ્વ-રક્ષણનો... પતંગિયાની પાંખો પર અવનવા ચિત્રણો સર્જીને કુદરતે તેને 'આત્મગોપન' (જાતને છૂપાવવાની કળા)ની અજાયબ સગવડ કરી આપી છે.

જેમ કે, 'સનબીમ' જાતિના પતંગિયાની પાંખની ઉપલી સપાટી કેસરી રંગની અને નીચલી સપાટી સફેદ હોય છે. ઊડતા 'સનબીમ'નો કેસરી રંગ જોઈને કોઈ શિકારી પક્ષી તેની પાછળ પડે તો તરત જ આ પતંગિયું સફેદ ફૂલો પર પોતાની પાંખો સંકેલીને બેસી જાય છે અને પોતાની જાતને સફેદ ફૂલો વચ્ચે એવી એકાકાર કરી દે કે પેલું પક્ષી તેને શોધવા હાંફળું - ફાંફળું થઈ જાય !

'ઑકલીફ' જાતિનું પતંગિયું પોતાની પાંખોને સંકેલીને ઘેરા રંગના પાંદડાની વચ્ચે પોતાની જાતને છૂપાવી, પક્ષીઓને સહેલાઈથી થાપ ખવડાવી દે છે !

'પ્લેઈન ટાઈગર', ઝેઝબેલ અને મોનાર્ક જાતિના પતંગિયા ઝેરી વનસ્પતિના ફૂલોનો રસ ચૂસી પોતે વિષયુક્ત બની જાય છે તેથી તેમનો શિકાર કરનારા પક્ષીઓ ગરોળી, ઉંદર વગેરે ખુદ શિકાર થઈ જાય છે.

એક માહિતી અનુસાર ભારતમાં પતંગિયાની કુલ ૧૪૪૩ જાતો નોંધવામાં આવી છે. જેમાં 'ગ્રાસ જ્વેલ' નામના પતંગિયા કદમાં સૌથી નાના છે જ્યારે 'કૉમન બર્ડ વિંગ' જાતિના પતંગિયા સૌથી મોટા છે જે ૧૯૦ મિલિમીટર લાંબી પાંખો ધરાવે છે.

કેટલીક જાતિના પતંગિયા પક્ષીઓની જેમ યાયાવર (ઋતુપ્રવાસી) પણ છે. જેમાં સૌથી વધુ સાહસિક જાત અમેરિકા અને કેનેડામાં જોવા મળતા 'મોનાર્ક' પતંગિયાની છે. અમેરિકા અને કેનેડામાં હાડ થીજાવી નાખતી ઠંડી શરૂ થાય ત્યારે આ 'મોનાર્ક' જાતિના પતંગિયા રોજના ૮૦

માઈલની મુસાફરી કરી મેક્સિકો પહોંચી જાય છે. કેટલાંક 'મોનાર્ક' તો પ્રશાંત મહાસાગરને ઓળંગીને હવાઈ ટાપુઓ પર કે ઑસ્ટ્રેલિયા સુધી પણ પહોંચી ચૂક્યાના દાખલા છે.

પતંગિયાને જીવતા રહેવા માટે ફૂલોથી લથબથ બાગ-બગીચાઓ જોઈએ. પંરતુ આપણે માનવીઓ ક્રોંકીટ-પથ્થર-ના બહુમાળી મકાનો બનાવવાની દોડમાં બાગ-બગીચાઓનો ખાત્મો બોલાવી રહ્યા છીએ તેથી પતંગિયાના દર્શન શહેરોમાં દુર્લભ થવા લાગ્યા છે ત્યારે વિચારવું રહ્યું !! પતંગિયા કીટક પ્રજાતિના હોવા છતાં માનવજાત માટે જરાય ખતરારૂપ નથી. તેઓ નથી તો કોઈ પ્રકારના રોગના જીવ-જંતુ ફેલાવતા કે નથી તો ખેતરોના ઊભા મોલને નુકસાન કરતા ! ઊલ્ટાના તે તો વનસ્પતિના પ્રજનન કાર્યમાં મદદરૂપ જીવ છે. ખેતરોમાં જંતુનાશક દવાના વધુ પડતા છંટકાવથી પણ આ કોમળ જીવ મુશ્કેલીમાં મુકાયો છે ત્યારે કુદરતની આ નાજુક અને રમણીય સર્જકતાને બચાવવી જ રહી !!

સાહિત્યના અને સંસ્કૃતિના શિક્ષણ પર છેલ્લાં થોડાં વરસોમાં અનેક પુસ્તકો લખાયાં છે. એમાં The Closing of the American Mind (Allan Bloom) ખૂબ જાણીતું છે. છેક ૧૯૮૭માં પ્રગટ થયેલા આ પુસ્તકમાં લેખક કહે છે કે અમેરિકામાં ઉચ્ચ શિક્ષણે લોકશાહીને નિષ્ફળ બનાવી છે અને આજના વિદ્યાર્થીઓના આત્માને વધુ દરીદ્ર બનાવ્યો છે. ભારતમાં તો ઉચ્ચશિક્ષણે વિદ્યાર્થીઓના આત્માને પથારીવશ કરી નાખ્યો છે એમ કહી શકાય. આપણા વિદ્યાર્થીઓને આપણે Critical Thinking ભણાવતા જ નથી. આ વિષય પર આમ તો અનેક પુસ્તકો છે. પણ Teaching Critical Thinking (Bell Hooks) ખૂબ જાણીતું છે. ગુજરાતની યુનિવર્સિટીઓમાં, એમાં પણ ગુજરાતી વિભાગોમાં, વિશ્વસાહિત્ય કેટલું ભણાવાય છે એની ખબર નથી પણ વિશ્વસાહિત્યના શિક્ષણ અને ગ્લોબલાઈજેશનને ઘણો સંબંધ છે. Teaching Wrold Literature (Ed. David Darmrosch) પુસ્તકમાં વિશ્વસાહિત્યના અભ્યાસની જરૂરિયાત અને પદ્ધતિ પર ઘણી ચર્ચા કરવામાં આવી છે. એક જમાનામાં તુલનાત્મક સાહિત્યની બોલબાલા હતી. કેટલાક વિદ્વાનો એની જગ્યાએ વિશ્વસાહિત્યને મૂકે છે. Darmroschનું નામ ખૂબ જાણીતું છે. હજી ગુજરાતી વિભાગોમાં Theory ભણાવાતી નથી. વિવેચન ભણાવાય છે. જેને Theoryમાં રસ હોય એણે વધારે નહી તો Teaching Theory (Ed. Richard Bradfrod) જોવું જોઈએ. એમાં Theory પર ઘણી ચર્ચા છે. એમ તો Gayatrio Spivakએ પણ સાહિત્યના શિક્ષણની વાત એમનાં Outside in the Teaching Machineમાં કરી છે. મોટા ભાગના અંગ્રેજી વિભાગોમાં એ પુસ્તક વંચાય છે. ૧૯૮૭માં Gerald Graffyu Professing Literatureમાં સાહિત્યના અભ્યાસની વાત કરેલી. ગુજરાતીમાં સુરેશ જોષીએ 'વિદ્યાવિનાશને માર્ગે'માં સાહિત્યના શિક્ષણના ધોવાણની વાત કરી છે. એ પુસ્તક પ્રગટ થયું ત્યારે કોઈ વેદિયા ગુજરાતી માસ્તરે શીર્ષકમાં '-ને' આવે કે નહી એ વિષે વિવાદ છંછેડી પુસ્તકની મૂળ દલીલને ટાળેલી. એ વેદિયાનું કહેવું હતું કે '-ના' આવે. પણ એમના કમનસીબે બંને સાચાં છે. ગણેશ દેવી અને હું પણ એવું માનીએ છીએ કે 'હિન્દ સ્વરાજ' પછી એ એક મહત્ત્વનું પુસ્તક છે. આ તો યાદ આવ્યાં એ પુસ્તકો નોંધ્યાં. મારા અંગત પુસ્તકાલયમાં શિક્ષણને લગતો એક અલગ વિભાગ છે. એમાં ગણિત અને રસાયણશાસ્ત્ર તથા ભૌતિક વિજ્ઞાનના શિક્ષણથી લઈને તે સાહિત્ય તથા કળાના શિક્ષણ પર પુસ્તકો છે. હું જે વ્યવસાયમાં હતો એ વ્યવસાય શું છે, એમાં શું ચાલી રહ્યું છે એ જાણ્યા વિના હું વ્યવસાયમાં ટકી ન શકું.

**બાબુભાઈ સુથાર**

# નાગરિક ધર્મનું શિક્ષણ

**દિનેશ લ. માંકડ**

એફ-૪૦૨, ઈસ્કોન પ્લેટિનમ, બોપલ ચાર રસ્તા પાસે,
૨૦૦ ફૂટ રીંગરોડ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો.: ૯૪૨૫૯૬૦૯૫૯

સવાર પડે, વર્તમાન પત્ર ખોલીએ - 'બસ પર પથ્થર મારો, વિરોધ રેલી, હડતાલ' જેવા મથાળાં વગરનો એકેય દિવસ ન હોય. આમ કેમ બને છે ? કોઈ પોતાના ઘરના રાચરચીલાં ને નુકસાન કરે છે ખરું ? ભાવતું શાક ખાવા કેટલાયે હડતાલ કરી ? ખાનગી કંપનીમાં વ્યવસાય કે સેવાવાળાઓએ પોતાની કંપનીને કયારેય નુકસાન પહોંચાડયું ખરૂં ?

વિશ્વની સૌથી મોટો લોકશાહી દેશ ભારત છે. લોકશાહીમાં લોકમત હોવો તો પ્રાથમિક શરત અને આવશ્યક પણ છે. પરંતુ આવો મત વધારે પ્રમાણમાં નકારાત્મકતા ધારણ કરે, તે ખૂબ જ નુકસાનકર્તા બને છે. અસંખ્ય ઉદાહરણ નજર સામે છે.

શું છે એનો ઉકેલ ? મંથનનો વિષય છે. કેવળ કાયદો, જ આ સમસ્યા નિવારી શકે તેમ નથી. વ્યક્તિમાત્રમાં સ્પષ્ટ લોકમત માટે સ્વતંત્ર વિચાર જન્મે અને એ યોગ્ય રીતે અભિવ્યકત થાય, તે પાયાની આવશ્કયતા છે. વિચારવાનું એ છે કે એ કેમ આવી શકે ?

એક તત્ત્વચિંતકે માણસ વાવવાની વાત કરી છે. ઉત્તમ નાગરિક તૈયાર કરવા - એટલે માણસ વાવવાની વાત. અને માણસ-નાગરિક તૈયાર કરવાની વાત આવે, ત્યારે શાળા જ આવે. બાળુડાને કુટુંબથી બહાર સમાજ તરફ લઈ જવાનું પ્રવેશદ્વાર એટલે શાળા એટલે ઉત્તમ નાગરિક તૈયાર કરવાની સીડી શાળા જ બની શકે.

ખૂબ લાંબા સમય પહેલા સમાજશાસ્ત્રના વિષયમાં ઈતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્રના ત્રણ પુસ્તકો આવતા. પ્રાથમિક શિક્ષણમાં 'સમૂહ જીવન'ની સંકલ્પનામાં વિવિધ પ્રયોગો અને ટેવ આવતી, તો માધ્યમિક કક્ષાએ નાગરિક શાસ્ત્રમાં આપણાં બંધારણ અને લોકશાહીના તત્ત્વોને કેન્દ્રમાં રાખીને પાઠયક્રમ આવતો. નાગરિકના અધિકારો, મૂળભૂત હક્કો અને ફરજની વાત આવતી. ધારાસભા અને સંસદની કાર્યપદ્ધતિ સમજાવાતી.

પાઠય પુસ્તકોના તમામ પરિરૂપો બદલાયાં છે. પાઠયક્રમમાં કોણ જાણે કેમ, પણ નાગરિકતાના પાઠ કયાંક ને કયાંક મહદ્અંશે વિસરાયા છે - ઓછા થયા છે.

તો બીજી તરફ મતાધિકારની વય અઢાર વર્ષ થઈ છે. એટલે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પૂરું કરે કે વિદ્યાર્થી ખૂબ જ નજીકના વર્ષોમાં જ એક જવાબદાર મતાધિકારી બનવાનો છે. એટલે તો શાળાની જવાબદારી તેને પુખ્ત-સમજદાર નાગરિક બનાવીને જ બહાર મોકલવાની થાય .

મતાધિકારનું શિક્ષણ શાળાના વિદ્યાર્થી મંડળની પંસદગી વખતે આપવાનો પ્રારંભ થાય. વર્ગમાંથી મતદાન દ્વારા વર્ગ પ્રતિનિધિ ચૂંટાય અને વિદ્યાર્થી મંડળ થાય. ચૂંટાયેલ, પ્રતિનિધિના હોદ્દા, તેની જવાબદારી, કાર્ય પદ્ધતિ જાણે. સામાન્યમંત્રી (*G.S.*) ની સીધી ચૂંટણી પણ થાય, જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ સક્ષમ અને પસંદગીના ઉમેદવારને મત આપે. હવે વાસ્તવિકતાની વાત — કેટલી શાળા, આ રીતે પદ્ધતિસર ચૂંટણી કરે છે ? હકીકતમાં આ ખૂબ જ આવશ્યક પ્રથમ અગ્રતાની સહઅભ્યાસિક પ્રવૃતિ છે. તંદુરસ્ત વિદ્યાર્થીમંડળ શાળા સંચાલનમાં ખૂબ જ સહાયતા કરી શકે.

ભારતીય લોકશાહીમાં અનેક સ્તરની ચૂંટણીઓ વારંવાર આવે જ છે. ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત, નગર પંચાયત, પાલિકા, મહાનગરપાલિકા અને ધારસભા તથા સંસદની પણ. દેશના પ્રત્યેક વિદ્યાર્થીના પરિવારના અઢાર વર્ષથી ઉપરના તમામ સભ્યોને આવી ચૂંટણીઓમાં મતાધિકાર હોય છે.

તમામ ચૂંટણીઓમાં મતદાન ૫૦% થી માંડીને ૭૦%

સરેરાશ થાય છે. સવાલ એ છે કે બાકીના દેશવાસીઓને પોતાના મતના મૂલ્યની ખબર નથી ! એક ગામના સરપંચની ચૂંટણીમાં ૫૦% મતદાન થાય અને ચૂંટાયેલાને ૨૬% મત મળે તો ૨૬% મત મેળવનાર ૧૦૦% વસ્તીનો સરપંચ થાય. આને કેવી લોકશાહી કહેવાય. દેશની સંસદ સુધી આ જ ઘટના આજ સુધી બનતી આવે છે.

શાળામાંથી નાગરિકતાનું સાચું શિક્ષણ મેળવી ગયેલો વિદ્યાર્થી પરિવારને જરૂર મતદાન માટે સમજાવી શકે. પોતે પણ આવતીકાલનો નાગરિક છે જ, સમગ્ર પરિવાર પણ જાગ્રત પરિવાર બને, જયારે વિદ્યાર્થી સૌ પરિવારજનો- (શિક્ષિત હોય કે નિરક્ષર), પણ જાગ્રત નાગરિક બનવાના ફાયદા સમજાવી શકે. પૂર્વશરત એટલી જ કે તેને શાળામાંથી પ્રામાણિકતાપૂર્વક અને જવાબદારીપૂર્વક નાગરિકતાના પાઠ શિખવાયા — સમજાવાયા હોય. સામાન્ય મત મુજબ ઓછા મતદાન માટેના કારણોમાં નિષ્ક્રિયતા, હતાશા, બેજવાબદાર વલણ, આળસુપણું જેવા પરિબળો હોય છે. જે વલણો શાળા દ્વારા આવતીકાલના નાગરિકો જ કઢાવી શકશે.

કેટલાય સમયની 'નોટા' (કોઈ પણ પસંદ નથી) નું બટન આવ્યું, ખરેખર તો 'નોટા' બટન માણસની નબળી તુલનાત્મક દૃષ્ટિનો પ્રવર્તક બને છે. બધા અયોગ્ય હોય તેમાંથી એકાદતો થોડા અંશે યોગ્ય હોય જ ને ? નોટા-મત વેડફવા બરાબર છે. અને 'નોટા' આવ્યા પછી પણ મત ન આપવા વાળાને શું સમજવા ?

પ્રચાર માધ્યમો લોકશાહી માટે પ્રહરીનું કામ કરે છે, પણ કેટલીયે વાર *TRP* ના નામે લોકપ્રિય થવા પ્રજા માનસ પર અવળી અસરો પેદા કરનાર બને છે. આવા વખતે પણ સ્વસ્થ અને નિર્ણાયક વિચાર વાળા નાગરિક તૈયાર કરવા જ પડશે.

સરકાર, સામાજિક અને પ્રચાર માધ્યમો અને સ્વાયત્ત સંસ્થાઓ સંનિષ્ઠ પ્રયાસો કરતી રહે છે. પણ 'કૂવામાં હોય તો અવાડામાં આવે' ની કહેવત યર્થાથ થાય, - જો શાળાઓ આ વાતને અગ્રિમતાના ધોરણે ઉપાડે.

પ્રત્યક્ષરૂપે અસરકારકતા લાવવા શાળામાં આ વાતને એક 'પ્રકલ્પ' (*project*) તરીકે લઈ જ શકે. નાની શાળા હોય તો તેના વિદ્યાર્થી પરિવારોમાં એકાદ હજાર મતદાર હોય. આવી શાળા આવનારી ચૂંટણીમાં ૧૦૦% મતદાનનો નિર્ધાર ન કરી શકે ?

મોટી શાળા કે ખૂબ મોટી શાળામાં પણ વર્ગો અનુસાર કે ધોરણ અનુસાર આ પ્રકલ્પ અશકય તો નથી જ. વળી આ પ્રકલ્પમાં પ્રાયોગિકતા એટલી બધી છે કે તેની (*By product*) આડ પેદાશી જ્ઞાન અને ટેવો ખૂબ વિકસે જ. વિદ્યાર્થીઓ પક્ષના કેવળ 'હાથા' બનવાને બદલે લોકશાહીના 'હાથ' બને. પ્રત્યેક શાળા ગંભીરતાથી વિચારે અને સંકલ્પ લે તો જરૂર એક શ્રેષ્ઠ સહઅભ્યાસિક પ્રવૃતિ અસરકારક સાચા અર્થમાં બની રહે.

ખૂબ ઊંચી ઈમારતના પાયાની પ્રત્યેક નાની ઈંટને તેનું ખૂબ ઊંચું મૂલ્ય છે. એક શાળાના પ્રદેશ કે વોર્ડમાં ૧૦૦% મતદાન એ વિશ્વની મોટી લોકશાહી ભારત દેશની તંદુરસ્ત લોકશાહીની ઈમારતની મજબૂત-નક્કર ઈંટનું મૂલ્ય ધરાવશે.

સરળ, જીવંત શાળા — આ રાષ્ટ્ર નિર્માણના સોપાન સમો ઉત્તમ પ્રકલ્પ લે તો ? તત્ત્વચિંતક પાવેલના શબ્દો યાદ આવે, 'એક માત્ર આનંદ છે, આરંભ કરવાનો' !

---

**વસંત**

વસંત એ વનસ્પતિનો શૃંગાર છે.

બસ, વસંતને આપણી ઈન્દ્રિયો વડે માણતાં શીખીએ તો પ્રભુ આપણી પાસે જ છે.

અને છેલ્લે એટલું જરૂર કહીશ.

''રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો<br>
મુકામ તેણે વનમાં જમાવ્યો<br>
તરુવરોએ શણગાર કીધો<br>
જાણે વસંત એ શિરપાવ દીધો.

**(એક પ્રસિદ્ધ અખબારમાંથી સંકલિત)**

# શ્રી ભગવતીભાઈ દવે સંગીત સંધ્યા

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

સરસ્વતીના સંગીત વારસાને ઉજાગર કરનાર, તેમજ સંગીતને જીવન સમર્પણ કરનાર સંગીત વિશારદશ્રી ભગવતીભાઈ દવેની યાદગીરીરૂપે સંગીતની લગન લાગી હોય તેવા તાલીમાર્થી વિદ્યાર્થીઓને કલાની પ્રસ્તુતિ કરવા યોગ્ય મંચ મળી રહે તેવા ઉમદા હેતુથી સરસ્વતી વિદ્યામંડળ તથા શ્રી હરભાઈ સ્મારક નીધિના સંયુકત ઉપક્રમે તા.૨૭ જાન્યુઆરી ૨૦૧૮, શનિવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ ખાતે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું.

સંસ્થાના આદ્યસ્થાપક મુ.શ્રી રઘુદાદા અને મુ.શ્રી જશીબહેનના સંગીત વારસાને આગળ ધપાવવા માટે મુ.શ્રી ભગવતીભાઈ દવેએ સરસ્વતીને પોતાની કર્મભૂમિ બનાવી. ભકિતસંગીત બિરાદરીની સ્થાપનામાં અગ્રેસર રહીને વિવિધ ગીતોનું સ્વરાંકન પણ કર્યું. સમય જતાં સરસ્વતી વિદ્યામંડળના સંગીત શિક્ષકોના તેઓ હંમેશાં પ્રેરકબળ રહ્યાં. એટલું જ નહીં પણ અનેક ઉંચા ગજાના કવિઓની પ્રાકૃતિક તથા પ્રેરણાદાયી રચનાઓને આબાદ રીતે સ્વરબદ્ધ અને લયબદ્ધ કરીને ભકિત સંગીત બિરાદરીના મુખ્ય ચાલકબળ સમા બની રહ્યાં. પોતાની સરળતા અને ઋજુ સ્વભાવને લીધે જ તેઓ બધા સાથે લયમાં જીવ્યા અને જીવનપર્યંત તેઓએ અનેક શિક્ષકોની અને વિદ્યાર્થીઓની ચાહના પ્રાપ્ત કરી.

શ્રી ભગવતીભાઈ દવે સંગીત સંધ્યાના આ કાર્યક્રમમાં સંગીતના વિવિધ સૌંદર્ય દર્શાવી મુ.શ્રી ભગવતીભાઈ દવેનું હૃદયપૂર્વક સ્મરણ કરી કાર્યક્રમનું મંગલાચરણ મંગલગીતથી કરવામાં આવ્યું. ભૃગુસંહિતામાં મહર્ષિ ભૃગુએ આધિ-વ્યાધિ, ઉપાધિ જેવા સાંસારિક તાપોના નિવારણ માટે જીવનમાં જગદંબાની ઉપાસનાનું મહત્ત્વ દર્શાવ્યું છે. કલાગુરુ શ્રી વિજયભાઈ દવે તથા શ્રી હેમંતભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ જે. જી. કૉલેજ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સના ૨૨ વિદ્યાર્થી ભાઈબહેનોએ ''હે જગ જનની, હે જગદંબા'' સ્તુતિ ગીતની ભાવવાહી રજૂઆત કરી હતી.

સંસ્થાના મંત્રી શ્રી જયોતીન્દ્રભાઈ દવેએ ઉપસ્થિત આમંત્રિત મહેમાનો, સંચાલક મંડળના સભ્યો, આચાર્યો, શિક્ષકો, વાલીગણ સૌને આવકાર આપી મુ.શ્રી ભગવતીભાઈ સાથેની કેટલીક સ્મૃતિઓ ઢંઢોળીને તેઓને વંદન પાઠવતા સરસ્વતી વિદ્યામંડળની પંરપરાને આગળ ધપાવી હતી. સંસ્થાના આદ્યસ્થાપક મુ.શ્રી જશીબહેન નાયક, કલાગુરુ શ્રી હેમંતભાઈ ભટ્ટ, શ્રી વિજયભાઈ દવે તથા શ્રી ઋચાબહેન અંજારિયાનું પુષ્પગુચ્છ દ્વારા જયારે જે. જી. કૉલેજ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ કૉલેજના સમૂહ મંગલગીતના તમામ વિદ્યાર્થી ભાઈબહેનોનું સરસ્વતી વિદ્યામંડળવતી પુષ્પ અર્પણ કરી સ્વાગત શ્રી દિલીપભાઈ દવે તથા શ્રી દુષ્યંતભાઈ દવેએ કર્યું હતું.

સરસ્વતી સંગીતની ઓળખ મુ.શ્રી જશીબહેન અને મુ.શ્રી ભગવતીભાઈને આભારી છે. શિષ્ય ભગવતીભાઈ સાથેનો મુ.શ્રી જશીબહેનનો નાતો આજીવન હાર્મોનિયમની કાળી અને સફેદ પટ્ટીઓ જેવો રહ્યો. આથી જ મુ.શ્રી ભગવતીભાઈને સંસ્મરણીને મુ.શ્રી જશીબહેને પોતાની હૃદયાનુભૂતિ વ્યકત કરતાં કહ્યું કે સંગીત અને શિક્ષક એ બંનેનો સમન્વય એટલે શ્રી ભગવતીભાઈ શાળા અને સંગીત પ્રત્યેની તેઓની પ્રતિબદ્ધતા સંસ્મરણીને મુ.શ્રી જશીબહેને કહ્યું કે તેઓનો સંગીતનો વારસો એટલો તેજસ્વી છે કે સ.વિ.મં.ના સંગીતવૃંદે આજે પણ તે સાચવી રાખીને શાળાઓમાં સંગીતનું વાતાવરણ જેમનું તેમ રાખ્યું છે.

'સંગીત કાર્યક્રમ'ની શરૂઆત સિતારવાદનથી કરવામાં આવી. કલાગુરુ શ્રી પ્રતિમાબહેન આણંજીવાલાના તાલીમી શિષ્ય ચિરંજીવી વિવેક પંચાલ, ચિ. ઉમંગ ગજજરની

તબલા સંગત સાથે સિતારવાદન દ્વારા રાગ યમનની સરવાણી વહેવડાવી હતી.

તાલને સંગીતનો જીવ ગણી શકાય. જે . જી. ગ્રૂપ ઑફ પર્ફોમિંગ આર્ટ્સના વિદ્યાર્થીઓ દ્વારા કેટલાક તાલવાદ્યોની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. સપ્તક ગુરુ હેમંતજી ભટ્ટના તાલીમી શિષ્ય ચિ. નમન ગાંધર્વ દ્વારા એકલ મૃદંગ વાદનની પ્રસ્તુતિ કરી હતી અને ત્યારબાદ આ મંગળવાદ્ય સાથે કલાગુરુ શ્રી પ્રવિણભાઈ શિંદેના તાલીમી શિષ્ય ચિ. ઉમંગ ગજ્જર તથા ચિ. દિપેશ સુથારે અનુક્રમે તબલાની જુગલબંધી તથા હાર્મોનિયમ પર લહેરો સંગત કરી સમગ્ર વાતાવરણમાં એક ભાવનાદ ઉત્પન્ન કર્યો હતો.

કલાગુરુ શ્રી વિજયભાઈ દવેના તાલીમી શિષ્ય ચિ.કુશલ મહેતાએ પોતાના કૌશલ્ય અને એકાગ્રતા દ્વારા રાગ જોગ ચિ.ઉમંગ ગજ્જરની તબલા સંગત અને ચિ.દિપેશ સુથારની હાર્મોનિયમ સંગત સાથે રજૂ કરી કાર્યક્રમને એક નવો આયામ આપ્યો હતો.

કલાગુરુ શ્રી અલ્લારખાં કલાવન્ત અને સપ્તક કલાગુરુ શ્રી મંજુબહેન મહેતાના તાલીમી શિષ્ય તથા આકાશવાણી અને દૂરદર્શનમાં સારંગીવાદનની એક નવી જ ભાત જન્માવનાર ચિ. વનરાજ શાસ્ત્રીએ ચિ. હરિએકસ વ્યાસની તબલા સંગત સાથે શ્રોતાગણ સમક્ષ રાગ ચારૂકેસરી રજૂ કરી ભાવવિભોર કર્યા હતા.

ત્યારબાદ સંગીતના એક લોક ભોગ્ય અર્વાચીન પ્રકાર એવા સુગમ સંગીતની ધારા લઈને જે.જી. ગ્રૂપ ઑફ પર્ફોમિંગ આર્ટ્સ કૉલેજના કેટલાંક વિદ્યાર્થી ભાઈબહેનો ચિ. ગ્રીષ્મા શ્રીમાળી, ચિ. ઈશા નાયર, ચિ. દીપાલી વ્યાસ તથા ચિ. સચીન સાલવી આવ્યા હતા અને તેઓની સાથે શ્રી મુંજાલભાઈ મહેતાના શિષ્ય ચિ. રાકેશ વાણીની તબલા સંગત અદ્‌ભુત રહી.

સરસ્વતી સંગીતવૃંદ એટલે શ્રી ભગવતીભાઈએ સ્વરાંકન કરેલાં વિવિધ ગીતો સાથે અતૂટપણે, અવિરતપણે જોડાયેલા સરસ્વતી વિદ્યામંડળના શિક્ષકો મુ. શ્રી ભગવતીભાઈના શિષ્યો સર્વ શ્રી ભરતભાઈ ઉપાધ્યાય , શ્રી હરિદાસભાઈ ગાંધર્વ, શ્રી જયંતભાઈ નાયક, શ્રી ખ્યાતિબહેન ખત્રી, શ્રી તરુબહેન સાધુ, ચિ. બિપીન નાયક, શ્રી મુકેશભાઈ પરમારે પરમ ભગવદીય શ્રી ભગવતીભાઈને હૃદયાંજલિ આપવા મુ.શ્રી ભગવતીભાઈ દ્વારા સ્વરબદ્ધ અને લયબદ્ધ પામેલાં કેટલાંક ગીતો ચિ. રાકેશ વાણીની તબલાં સંગત સાથે પ્રસ્તુત કર્યા.

કાર્યક્રમના અંતે અસારવા વિદ્યાલયના સંગીત શિક્ષક શ્રી હરિદાસભાઈ ગાંધર્વે જે.જી ગ્રૂપ ઑફ પર્ફોમિંગ આર્ટ્સના આચાર્ય શ્રી બિજોય શિવરામના સહકાર બદલ તથા કલાગુરુ શ્રી હેમંતભાઈ ભટ્ટ, શ્રી વિજયભાઈ દવે તથા શ્રી ઋચાબહેન અંજારિયાનો આભાર માનતા તમામ કલાકારો, ઉપસ્થિત આમંત્રિતો, શિક્ષકો, વાલીગણ તથા કાર્યક્રમમાં સહયોગી તમામ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

સરસ્વતી સંગીતની ઓળખ મુ.શ્રી જશીબહેન અને મુ.શ્રી ભગવતીભાઈને આભારી છે અને આ સંગીતની ઓળખ સદાય બની રહે એવા ઉમદા હેતુ શ્રી ભગવતીભાઈ દવે પરિવાર તરફથી પ્રતિવર્ષ યોજાતા શ્રી ભગવતીભાઈ દવે સંગીત સંધ્યા કાર્યક્રમ નિમિત્તે રૂ. ૨૧,૦૦૦ સરસ્વતી વિદ્યામંડળને અર્પણ કર્યા તથા શ્રી પ્રજ્ઞાબહેન કનૈયાલાલ દવેએ જરૂરિયાતમંદ બાળકોના સર્વાંગત વિકાસ માટે સરસ્વતી વિદ્યામંડળને રૂ. ૧૧,૦૦૦ ની ઉમદા સખાવત કરી હતી.


લગભગ ત્રણ કલાકથી વધુ સમય ચાલેલા આ કાર્યક્રમમાં સરસ્વતી વિદ્યામંડળની તમામ સંસ્થાઓના શિક્ષકો, આચાર્યો, ભૂતપૂર્વ સંગીત શિક્ષકો, સરસપુર વિસ્તારના અગ્રણી નાગરિકો, વાલીગણ, આમંત્રિત મહેમાનો, સરસ્વતી વિદ્યામંડળના સભ્યો વગેરે નવોદિત યુવા કલાકારોને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અસારવા વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષક શ્રી અમિતાબહેન પાલખીવાલાએ સફળતાપૂર્વક કર્યું હતું.

# દિક્ષાંત પ્રવચન

**હરિભાઈ આર. ચૌધરી**

ઈન્ચાર્જ આચાર્ય, શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય



વ્હાલા વિનિત વિદ્યાર્થી મિત્રો,

શાળા જીવનની સંધ્યાએ આજે એવી કેટલીક વાત કરીશ જે તમને જીવન ઉપયોગી બને. સરસ્વતી શાળાઓમાં તમારું ઘડતર થયું છે. તમારા ઘડતરનું ચાલક બળ છે. સરસ્વતીનું જીવન દર્શન મુ. શ્રી રઘુભાઈ નાયક તથા મુ. શ્રી જશીબહેનની શિક્ષણની દૃષ્ટિ શિક્ષણ દ્વારા નાગરિક અને નાગરિક દ્વારા રાષ્ટ્ર ઘડતરનો વિચાર એ આપણી સંસ્થાનું સૂત્ર રહ્યું છે.

જોત જોતામાં સમય પસાર થઈ ગયો ખબર પણ ના પડી. આજે અહીંની યાદોને લઈને જઈ રહ્યા છો, અહીંના કણકણથી પરિચિત છો આજે એ સંસ્મરણોને છોડી આપ સર્વે જઈ રહ્યા છો ત્યારે તમારી પાસેથી અપેક્ષા રાખું સરસ્વતીના સંસ્કારોની સુવાસ વિશ્વ ફલક સુધી પ્રસરાવજો, કર્મને મહત્ત્વ આપજો, ગીતાના ઉપદેશને સાર્થક કરજો, કર્મયોગી બનજો, સાચા રસ્તે કરેલ કર્મ ક્યારે નિષ્ફળ જતું નથી.

જિંદગીનું દરેક ડગલું પૂરી તૈયારી અને આત્મવિશ્વાસ સાથે ભરો કારણ કે જ્યાં આપણી હાજરી નથી હોતી ત્યાં આપણા ગુણ અવગુણની હાજરી અવશ્ય હોય છે. શિક્ષણ તમને માત્ર ભૌતિક રીતે જ સમૃદ્ધ બનાવે તેવું ન હોવું જોઈએ. તમારા માનવ જગત અને તેના ઉત્થાન માટે ભાવના જગાવે તેવી અનિવાર્યતા છે. (દા.ત.: આપણી પ્રવૃત્તિઓ)

દરેક બાળક મહત્ત્વનું છે. તેનામાં દિવ્યતા રહેલી છે. એ દિવ્યતાનું તમે પ્રગટીકરણ કરજો. મહાનકાર્ય કરવાને તમે સર્જાયા છો એવી શ્રદ્ધા રાખી શ્રદ્ધાવાન બનજો. પ્રબળ આત્મવિશ્વાસ રાખજો કેમ કે મહાન કાર્યોનો એ જનક છે. દાનદોલત કમાજો પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરજો. સમાજ અને દેશ માટે તેમાંથી દાન કરજો, યાદ રાખો કે તમે જ તમારા ભાગ્યના ઘડવૈયા છો તમને જરૂર હોય એવી બધી શક્તિ બધી સહાય તમારી અંદર જ છે. તેથી તમારૂ ભવિષ્ય તમે જ સર્જો, તમારી ભાગ્યની શીલાને કંડારનારા છો.

મુ. શ્રી રઘુદાદા અને મુ. શ્રી જશીબહેનના ઉમદા વિચારો અને આદર્શોને સાર્થક કરજો, તમે સૌ મુ. શ્રી જશીબહેન શતાબ્દી વર્ષના વિનિતો છો તે તમારા માટે મોટું સંભારણું બની રહેશે. શતાબ્દી વર્ષ એટલે આપણા માટે ઉત્સવનું વર્ષ બની રહ્યું. ઉત્સવ દ્વારા જીવન ઘડતર કરવાની પ્રણાલી મુ. શ્રી રઘુદાદા તથા મુ. શ્રી જશીબહેનની શૈક્ષણિક સૂઝ છે. શાંતિનિકેતન અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનો વારસો છે. ઉત્સવો અને ખાસ કરીને પ્રકૃતિના ઉત્સવો માનવીય જીવનમાં નવીન ચેતના લાવે છે. વર્ષોના વધામણા સાથે આપણે વર્ષા મંગલ માણી શકીએ છીએ. તો શરદની ચાંદનીના આહ્લાદક વાતાવરણ શરદોત્સવ અને વસંતની તો વાત શું કરવી ? ''ઋતુ એ ઋતુઓના રંગ ઉઠે તારે તરંગ'' આ તરંગ જ જીવનને આનંદિત અને મંગલમય કરે છે. આ વાત તમને વિદાય વેળાએ એટલા માટે કરું છું કે જીવનને ઉત્સવમય બનાવજો. પ્રગતિશીલ બનજો. પરંતુ જીવનમાં નૈતિકતાના શાશ્વત મૂલ્યોને ભૂલશો નહીં. સત્ય, અહિંસા, પ્રમાણિકતા, નિષ્ઠા, પ્રેમ અને કરુણા, આ મૂલ્યો એવા છે જેના દ્વારા તમે તમારું જીવન

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષણમાં સંગીત અને કલા

**સ્વાતિ એન.પંડયા**

જીવવિજ્ઞાન શિક્ષિકા - જે.એન.બાલિકા વિદ્યાલય.

સંગીત આદ્ય છે. પુરાણકાલિન, વેદકાલિન છે. દેવ, દાનવ,રાજા-રંકથી લઈને સમસ્ત માનવજાત જ નહિ, પણ પશુ, પક્ષી, કૃમિ અને કીટ પણ પોત-પોતાની વૃત્તિ અને ભાષા પ્રમાણે ગીત ગાય છે.

નિસર્ગ પણ વાયુના વહન દ્વારા ગીત સંભળાવે છે, નદી પણ પોતાના વહેણ દ્વારા ગાન ગુંજયા કરે છે. અનાદિકાળથી માંડીને આજ સુધી ભૂમંડળના તમામ દેશ અને સમાજમાં સંગીતની જયોત અતિ શ્રદ્ધાથી ઝગમગે છે. નિત્ય તૃપ્ત ભગવાન પણ સંગીતના પૂજારી કહેવાય છે. એમની ષાડ્ષોપચાર પૂજામાં એક ઉપચાર સંગીત છે.

સામવેદ સંગીતનું પ્રધાનશાસ્ત્ર છે. સામવેદે સંગીતરૂપમાં સર્વાત્મ ભગવાનના ગુણાનુવાદ ગાયા છે.

સંગીતમાં પરમાત્મશકિત પૂર્ણરૂપથી નિહિત છે.

પાગલ બનેલા ઉન્મત હાથીને સંગીત સ્થિર કરે છે, શાંત કરે છે.

અસાધ્ય રોગ અને માનસિક અસંતોષ સંગીત દ્વારા નાશ પામે છે

બ્રહ્મલીન સિદ્ધયોગીજન પણ સંગીતને પ્રેમથી શ્રવણ કરે છે. એ સંગીતના સૂર અંતરઆત્મામાં રમણ કરે છે.

શ્રી કૃષ્ણ વેણુ દ્વારા સંગીતકારથી બ્રહ્મનાદ સંભળાવીને સૌ કોઈને પ્રેમસમાધિમાં સ્થિર કરી દે છે.

સમાધિસ્થ યોગીજન, દિવ્યનાદ રૂપ સંગીત સાંભળીને પુનઃ એકવાર પૂર્ણ યુવાનીની અનુભૂતિ કરે છે અને ''નાદ'' દ્વારા આત્મસાક્ષાતકાર પામીને સુખી જીવન વ્યતિત કરે છે.

જેમ ઈંધણમાં રહેલો અગ્નિ બહાર પ્રગટ થાય છે, તેવી રીતે બંસરી, તંબૂરો, સારંગી, વીણા, સીતાર, મૃદંગ ઈત્યાદિ દ્વારા અંતર સંગીતને બહાર પ્રગટ કરી શકાય છે. અંતર સંગીતના પરિણામ રૂપ બાહ્ય સંગીત ભારે ગુણકારી દિવ્ય ઔષધરૂપ છે.

સર્વ સાધારણ સંગીતનાદ સર્વવ્યાપી છે એટલે કે સર્વ પ્રકારની વસ્તુમાં ગૃહય રૂપથી નાદ નિવાસ કરે છે. નાદમાંથી સ્વર , સ્વરમાંથી અક્ષર, અક્ષરમાંથી વાકય, વાકયમાંથી પદ, પદમાંથી શ્લોક અને શ્લોક દ્વારા દિવ્યાતિદિવ્ય અગમનિગમની રચના થાય છે. નાદને બ્રહ્મ પણ કહે છે. માનવી પોતાના અંતરના ભાવને શબ્દ દ્વારા પ્રગટ કરે છે. શબ્દ બ્રહ્મ છે. એથી સંગીત પરમેશ્વરની એક સુખશાંતિ યુકત પ્રેમ-દાતા શકિત છે.

**કલાઃ**

**જીવન-ઊર્જાનો મહાસાગર છે. જેમા કૌશલ્ય અપેક્ષિત હોય છે.**

જયારે અંતઃ ચેતના જાગૃત થાય છે ત્યારે, કલા-જીવનને સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌થી સમન્વિત કરે છે.

અનેક વિદ્યાઓને એક સાથે આપણામાં સમાવીએ ત્યારે આપણામાં રહેલ ઊર્જા કલાના રૂપમાં જીવનમાં ઉપસી આવે છે.

કલા જ આત્માની શાંતિનું માધ્યમ છે.

સ્વપ્નમાં આવેલા સપ્તરંગી, સુનહરા વિચારોને સાકાર સ્વરૂપ આપે છે, કલા.

કલા જયારે સંગીતના રૂપમાં ઉભરાય છે ત્યારે, કલાકાર-ગાયન અને વાદનથી પોતાને જ નહીં પણ સાંભળનારને પણ અભિભૂત કરી દે છે.

કલામાં માનવીયતાને સંમોહિત કરવાની શકિત છે.

કલા માનવ મનમાં સંવેદનાઓનું ઘોડાપુર લાવે છે.

કલા એ વ્યકિતના મનમાં રહેલા સ્વાર્થ, ક્ષેત્ર, ધર્મ, ભાષા અને જાતિ વગેરેની સીમાઓને મીટાવીને વ્યાપકતા પ્રદાન કરે છે.

વ્યકિતના મનને ઉદ્દાત બનાવે છે.

કલા વ્યકિતને 'સ્વ' થી બહાર ખેંચી કાઢી ''વસુધૈવ કુટુંમ્બકમ'' ની ભાવનાથી જોડે છે.

**શિક્ષણમાં સંગીત અને કલાઃ**

**''શિક્ષણ જો હોય હેતુ પૂર્ણ, તો જ્ઞાન આવે પરિપૂર્ણ, જ્ઞાન જો આવે પરિપૂર્ણ, ત્યારે જ વિકાસ થાય સંપૂર્ણ.''**

હેતુપૂર્ણ શિક્ષણ એ આજના શિક્ષણ જગતનો ધ્યેય હોવો જોઈએ. સાક્ષરતા જીવન ઉપયોગી હોવી જોઈએ, તો જ બાળકને રસ પડે. શિક્ષણમાં સાક્ષરતાનું જ્ઞાન ઔપચારિક રીતે આપીએ છીએ. જેનાથી વિદ્યાર્થી માત્ર સાક્ષર જ બને છે. કેળવણી પ્રાપ્ત કરતો નથી. કેળવણી એ માનવ વિકાસની પ્રક્રિયા છે. (એટલે કે વ્યકિતત્ત્વ અને ચારિત્ર્ય ઘડતર થાય.) તેના થકી સૌ પ્રથમ માણસની અંદર વિકાસ થાય છે. ત્યારબાદ બહાર પરિવર્તન જોવા મળે છે. બાળક જયારે કોઈ નવી બાબત શીખે છે ત્યારે, તેને કોઈ વિષય સ્વરૂપે નહીં, પરંતુ સમગ્રપણે શીખે છે. તેથી એમ કહી શકાય કે જ્ઞાન વિષયોના વાડામાં વિભાજિત થતું નથી. પરંતુ અખંડ રહે છે.

**કેળવણીઃ**

ઔપચારિક, અનઔપચારિક બંને રીતે આપી શકાય. કેળવણીમાં આપણે શિક્ષણને વધુ રસપ્રદ બનાવી શકીએ છીએ. શિક્ષક, શિક્ષણનો વ્યવહારુ ઉપયોગ કઈ રીતે કરવો તે શીખવાડે ત્યારે તેને કેળવણી કહેવાય.

વિષયને બહુસારી રીતે પ્રસ્તુત કરવામાં અનેક સાધનોનો ઉપયોગ કરી શકાય, જેમ કે – મોન્ટેસરી પદ્ધતિમાં ચાર્ટ, મોડેલ, વાર્તાઓ વગેરે.... સાધનો. સંગીત અને કલા પણ આવું જ એક સાધન બની શકે છે. તેમાં બાળગીતો વધુ સરસ રીતે ગેય બનાવવા, સ્ટોરી ટેલિંગ, નાટકો વગેરે....

**લોકનૃત્ય દ્વારા શિક્ષણઃ**

વિવિધ ભૌગોલિક, સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જ્ઞાન થાય છે.

**વાચિકમ્ દ્વારા શિક્ષણઃ**

વાચિકમ્ એટલે કે અવાજની એકિંટગ. જેમાં બંધ આંખે દશ્યનો અનુભવ કરી શકાય છે. ૧૦૦ વર્ષ પહેલાં જયારે દશ્ય સામગ્રી ન હતી ત્યારે વાચિકમ્ પ્રસ્તુત કરવાનું ચલણ જોવા મળતું હતું. જયારે, આજે ભાષાને બચાવવા માટે વાચિકમ્ કરવું પડે છે.

ઉત્તમ વાચિકમ્-બંધ આંખે પણ જો કોઈ દર્શક સાંભળે તો તેને લાગણી, ભાવ અને અવાજથી, જે તે દશ્યનો તે સાક્ષાત અનુભવ કરી શકે છે.

**કઠપૂતળી કે પપેટ દ્વારા શિક્ષણઃ**

જીવનના કેટલાંક મૂલ્યો, સમાજમાં જાગૃતિ લાવવી, ગણિતના સૂત્રો, વ્યસન મુકિત અંગે જાગૃતિ લાવવી વગેરે બાબતો પણ પપેટ દ્વારા શીખવાડી શકાય. પપેટ દ્વારા દર્શાવેલ બાબતો વિદ્યાર્થીને સરળતાથી સ્મૃતિપટ પર જળવાઈ રહે છે.

તાજેતરમાં જ સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે( ૩૦ કલાકાર, ૩૦ દિવસ, ૩૦ દષ્ટિકોણ ) અભિવ્યક્તિ ફેસ્ટ ચાલી રહ્યો છે. તેમાં નયન ભીલે જાતે લખેલી, જાતે તૈયાર કરેલ પપેટ સાથે મૂર્ખ રાજાની વાર્તાને રજૂ કરી હતી. પપેટ સામાન્ય રીતે એક થી દોઢ ફૂટ સુધીના મોટા હોય છે. તેમણે આ 'શો' માટે છ ફૂટના પપેટ બનાવ્યા હતા.

**ચિત્રકલા દ્વારા શિક્ષણઃ**

બાળકોને આવડે તેવા પોસ્ટર, ઋતુચિત્રો, ઉત્સવચિત્રો, સ્લોગન, કુદરતી દશ્યો, ફ્રિહેન્ડ વગેરે તૈયાર કરાવવા જેનાથી બાળકને પોતાની લાગણીની અભિવ્યકિત કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

કાવ્યપઠન, નિબંધલેખન, શ્રુતલેખન, વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નૃત્ય, નાટક, વાર્તા કહેવી, હસ્તકલા, ડિઝાઈન, ડિજિટલ કલા, મિડિયા અને ફોટોગ્રાફી વગેરે જેવી કલાઓ થકી વિદ્યાર્થીઓ પોતાની

લાગણીની અભિવ્યકિતઓ રજૂ કરી શકે છે.

વર્તમાન સમય ઈન્ફરમેશન ટેકનોલૉજીનો (IT) છે. તેના થકી જુદી-જુદી જાતના ઐતિહાસિક પાત્રો-એનિમેટેડ બનાવી શકીએ, તેના દ્વારા જ્ઞાન આપી શકાય.

સ્વચ્છતાના જ્ઞાન માટે નાટક, વાર્તાલાપ, એનીમેટેડ વાર્તાઓ દ્વારા જાગૃતિ લાવી શકાય.

પડદાઓ પર વાર્તાઓ દર્શાવવી, દેશ ભકિતના ગીતો દ્વારા પણ રાષ્ટ્રભાવના અને દેશ દાઝને બાળકોમાં જગાડી શકાય.

કેલીગ્રાફી, મેંદી, કેશગૂંફન, અલ્પના (રંગોળી) વગેરે કલાઓને સ્થાન આપવાથી કૌશલ્યવર્ધન પણ બાળકોમાં થાય છે. જેથી કરીને ભવિષ્યમાં પોતાનો વ્યવસાય કરવામાં પણ મદદરૂપ થાય .

જેમ રમતગમત દ્વારા વિદ્યાર્થીઓમાં ખેલદિલી આવે છે. એજ રીતે સંગીત-કલાના શિક્ષણ દ્વારા પણ ખેલદિલીનો આ ગુણ કેળવી શકાય છે.

સંગીત-કલા એ એવા કૌશલ્યો છે કે તે વ્યક્તિત્વ, ચારિત્ર્ય ઘડતર માટે જ નહીં, પણ વિદ્યાર્થીઓમાં પડેલી લાક્ષણિકતાનો ખ્યાલ તેના શિક્ષકને અને વિદ્યાર્થીને આવી જાય તો તેને માટે એ વ્યાવસાયિક તક બની જાય છે.

સંગીત-કલા નિદર્શન દ્વારા શિક્ષણને વધુ સમૃદ્ધ બનાવી શકાય છે. તે માટે માત્ર બાળકો જ નહીં, શિક્ષકે પણ અભિરૂચિ લઈ, તાલીમ લઈ, તેનો વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે ઉપયોગ કરવો.

ખૂબ સરળ છે શિક્ષિત બનવું, પણ શિક્ષિતમાંથી સુશિક્ષિત ક્યારે બને - "જ્યારે સંગીત-કલા જોડાય".

લાગણીની અભિવ્યકિત કરવા માટે સંગીત અને કલાથી વધુ અસરકારક માધ્યમ કોઈ નથી.

**સંગીત-કલા એ એક વિષય જ નહીં, પરંતુ તે વિદ્યાર્થીઓના જીવન અને શિક્ષણને સમૃદ્ધ બનાવી શકે છે. આવો, આપણે જાણીએ,**

૧. સંગીતની તાલીમ : ભાષા અને તર્ક વિકસાવવામાં મદદ કરે છે. ભાષા, તર્ક સંબંધિત મગજના વિસ્તારોનો વિકાસ શકય બને છે. સંગીત સાંભળવાથી શ્રવણ વિસ્તારનો વિકાસ થાય છે.

૨. વિદ્યાર્થીઓમાં હાથ-આંખોના સંકલનને સુધારી શકે છે. સ્નાયુઓની કાર્ય કરવાની ક્ષમતા સારી રીતે વિકસે છે.

૩. વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસમાં યોગદાન આપે છે.

૪. વિદ્યાર્થીઓમાં યાદશક્તિની કુશળતા કેળવાય છે. પરિણામે પરીક્ષામાં સારો સ્કોર મેળવી શકે છે.

૫. વિદ્યાર્થીઓની ભાવનાત્મક લાગણીઓ વિકસિત બને છે.

૬. વિદ્યાર્થીઓ તણાવ સામે લડી શકે છે, આરામ કરવા માટે મદદરૂપ થાય છે.

૭. વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારસરણીનો વિકાસ થાય છે.

૮. વિદ્યાર્થીઓનોઆત્મવિશ્વાસ મજબૂત બનાવે છે.

૯. સમૂહમાં, સંપીને કાર્ય કરવાની ક્ષમતાને કેળવાય છે.

૧૦. શિસ્ત અને સભ્યતા શીખે છે

૧૧. સમસ્યાઓનો ઉકેલ લાવવો, નિર્ણાયક વિચારશીલતાને મજબૂત બનાવે છે.

૧૨. પેઈન્ટિંગ, ગાયન, નાટક દ્વારા ધ્યાન કેન્દ્રિત કરતા શીખે છે.

૧૩. સંગીતના વિદ્યાર્થીઓ લય અને માત્રા શીખે છે. ત્યારે તે ગણતરી અને તર્કશાસ્ત્રનો ઉપયોગ કરતા શીખે છે. ગાણિતિક કૌશલ્ય પણ વિકસે છે.

ટૂંકમાં એટલું કહીશ કે,

સાહિત્ય, સંગીત અને કલા વિનાનો માનવી,

પૂંછડા અને શિંગડા વિનાનો પશુ સમાન છે.

# જશવંતસિંહજી ફતેસિંહજી સોલંકી

**દિલીપસિંહ જશવંતસિંહ સોલંકી**

પૂર્વ શિક્ષક, અસારવા વિદ્યાલય

સ્વ. જશવંતસિંહજી ફતેસિંહજી સોલંકી સાહેબનો જન્મ : ૨૪-૮-૧૯૩૪ ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ ગામ નવીધરી અને જનોડમાં લીધું. વધુ અભ્યાસ માટે તેઓના કાકાશ્રી હઠીસિંહજી અમદાવાદ લાવ્યા. અશોકમિલની ચાલીમાં રહેતા. નોકરી સાથે શિક્ષણ મેળવ્યું. બી.એ.માં ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા. ત્યારબાદ ડી.પી.એડ. કરવા માટે મહારાષ્ટ્ર-મુંબઈ ગયા.

મુંબઈથી આવ્યા બાદ સ.વિ. માં શિક્ષક તરીકે જોડાયા. શરૂઆત સ.વિ.માં કરી. એક વર્ષ સરસપુર આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં સેવા આપી. ત્યારબાદ તેઓએ સરસપુરમાં આવેલ જે.એન. બાલિકા વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. જે.એન. બાલિકામાં તેઓના કાર્ય દરમિયાન મુખ્ય શિક્ષક (સુપરવાઈઝર) તરીકે પણ કાર્ય કર્યું. તેઓશ્રી પોતાના કાર્ય પ્રત્યે-સંસ્થા પ્રત્યે ખૂબ જ નિષ્ઠા ધરાવતા હતા.

૧૯૮૨થી ૧૯૮૭ અસારવા વિદ્યાલયમાં જોઈન્ટ પ્રિન્સિપાલ તરીકે અને ૧૯૮૭ થી ૩૧-૧૦-૧૯૯૨ સુધી અસારવા વિદ્યાલયના આચાર્ય તરીકે સેવા આપી નિવૃત્ત થયા.

પોતાના સંપૂર્ણ શિક્ષણકાળ દરમિયાન શિક્ષણને વફાદાર, બાળકોના પ્રિય, સંસ્થા માટે સંપૂર્ણ સમર્પિત આજીવન સંપૂર્ણ શિક્ષક.

અસારવા વિદ્યાલયમાં પોતાના કાર્ય સમયમાં અસારવા વિદ્યાલય વાલીમંડળને સક્રિય બનાવ્યું. અસારવા ગામમાં વાલીમંડળના સભ્યોના ઘરે જતા અને તેઓને ત્યાં વા.મંડળની મિટિંગ રાખતા. શાળાના વિદ્યાર્થીઓના-વાલીઓના પ્રશ્નો વાલીમંડળને સાથે રાખી યોગ્ય ઉકેલ આપતા.



અસારવા વિસ્તારના રાજપૂત સમાજને સંગઠિત કરી અસારવા રાજપૂત સમાજની સ્થાપના કરી. સમાજના બાળકો-ખાસ કરીને દીકરીઓને વધુ શિક્ષણ મળે તે માટે વાલીઓનો સંપર્ક કરતા - ઘરે જતા અને દીકરીઓના ભવિષ્યની ચર્ચા કરી વધુ અભ્યાસ કરાવવાનો આગ્રહ રાખતા. તેઓ આ કાર્યમાં સફળ પણ થયા. નિવૃત્તિ બાદ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયા. અસારવા રાજપૂત સમાજ-મણિબહેન આંખની હૉસ્પિટલ, શારદાબહેન હૉસ્પિટલમાં સરસપુર નાગરિક બેંકના સહયોગથી રાહતદરે દવા વિતરણ માટે લોકસેવા ટ્રસ્ટનો સહકાર મેળવ્યો. કોઈ દર્દી કે જેને ખરેખર દવા માટે આર્થિક મદદની જરૂર હોય તેવી વ્યક્તિ રહી ન જાય તેની ખાસ કાળજી રાખતા. શારદાબહેન હૉસ્પિટલમાં દરેક વોર્ડમાં ફરતા હતાં. દર્દીના માથે હાથ ફેરવી આશ્વાસન આપતા. અંદરથી હિંમત કેળવો - નાસીપાસ થશો નહીં. દર્દી તથા તેના સગાને અંગત હૂંફ આપતાં. આજે પણ આ દર્દીઓ શ્રી સોલંકી સાહેબને યાદ કરે છે.

સરસપુર સિનિયર સિટીજનના આજીવન સભ્ય દરેક પ્રવૃત્તિમાં રસ - માર્ગદર્શન આપવું.

સરસપુરમાં શ્રી પુરુષોત્તમભાઈ પટેલ (દાસ) દ્વારા ચાલતા મફત અનાજ વિતરણમાં પણ કાર્ય કરતાં તેઓશ્રી જે કોઈ કહેતા તેનું માન જળવાતું.

દિવાળી - સૌના ઘરે જતાં. જૂના કપડાં અને અનાજ કીટ વિતરણ કરતાં. ૨૦૧૬ની દિવાળી પર સોસાયટીઓમાંથી જૂના કપડાં એકઠા કરી લગભગ ૨૦૦

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# વસંત

**હરિદાસ ગાંધર્વ**

**મ.શિ., અસારવા વિદ્યાલય**

પ્રકૃતિ એક પ્રેમાળ પાઠશાળા છે. મધુરવાણી માટે કોયલ, સૌંદર્ય માટે મોર, કુશળ કૌશલ્ય કારીગરી માટે સુગરી, ચપળતા માટે હરણ ગતિ માટે નહીં, વિશાળતા માટે સાગર, લાજશરમ માટે લજામણી, આધિપત્ય માટે સિંહ, પવિત્રતા માટે ગાય, વળાંકો માટે વેલ આવું ઘણું બધું પ્રસિદ્ધ છે પણ એક વાત વિવશ થઈને માનવી પડે કે પ્રકૃતિમાં ઋતુ વસંત શ્રેષ્ઠ છે.

નાજુક નાજુક ખીલતી કળીઓ ઉપર ભ્રમરના આંટાફેરા વધી જાય. વૃક્ષે વૃક્ષે વાયરો નવપલ્લવિત પુષ્પોના કાનમાં ગલીપચી કરી પ્રદક્ષિણા કરતો દેખાય. ગુલમહોર ગાંડોઘેલો થઈ લાલચટ્ટાક પુષ્પો ધારણ કરી બીજા વૃક્ષોમાં પોતાનો વટ પાડી દે. ગરમાળો પીળાં પીળાં પુષ્પો ધારણ કરી આકર્ષણનું કેન્દ્ર બની જાય ત્યારે માની લેવું કે વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું છે.

ટૂંકમાં,

પાંદડે પાંદડે પુરુષોત્તમ<br>
કળીએ કળીએ કૃષ્ણ<br>
અને પુષ્પે પુષ્પે પરમેશ્વરનો<br>
પ્રત્યક્ષ અનુભવ થાય.

વસંતમાં પ્રકૃતિની પાઠશાળા નવા નવા પાઠ ભણાવવા પોતાનો વૈભવ ચોમેરે વિખેરવા વહાલથી ઉત્સુક બને છે. પ્રકૃતિ વસંતમાં મૌન દ્વારા વાણીનો નાદ વહેતો મૂકે ત્યારે જે શબ્દોથી ન સમજાય તે માત્ર એક ઈશારામાં સમજી જવાય.

આપણે શીખવાનું છે કે,

પુષ્પો ખીલે તેમ આપણે ખીલવું.

કૂંપળો ફૂટે તેમ સદ્‌વિચારોનું નવસર્જન કરવું.

વૃક્ષો ઉપર લીલા પર્ણોની જેમ જીવનમાં ઉમંગની લીલોતરી લાવવી.

ભ્રમરના ગુંજારવની જેમ પ્રભુનામનું રટણ કરવું.

પાનખરમાં જીર્ણ પાંદડાં ખરે તેમ આપણામાંથી ખરાબ વિચારો ખરી પડે.

અજ્ઞાન, અંધશ્રદ્ધા કે વહેમના સ્થાને જ્ઞાન, સાચી શ્રદ્ધા અને આત્મવિશ્વાસની ડાળીઓ ઉપર સંસ્કાર સદ્‌વિચાર અને પુણ્ય કાર્યોના પુષ્પો બેસે અને તેમાંથી સફળતા, પ્રગતિ, વિકાસ અને પરમ આનંદના સુમધુર ફળોનો આસ્વાદ આપણે માણી શકીએ તો જ જીવનમાં વસંત મ્હોરી ઊઠે. ફૂલો સાથે ઉગતાં કાંટાં જીવનમાં ધૈર્ય રાખવાનું કહી જાય છે.

વસંત ઋતુ વનનો વૈભવ છે,<br>
પુષ્પો સુગંધનો ખજાનો છે.<br>
પાંદડાં લીલોતરીની રસ લ્હાણ છે.<br>
પવન ખુદ પ્રેમદૂત છે.<br>
વસંત પ્રકૃતિનો મહોત્સવ છે.

"ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ<br>
ગમતાં નો કરીએ ગુલાલ."

વસંતમાં કૂંપળો, કેસૂડા, કમળ, ઝાકળ, વાયરો, પતંગિયો, ભ્રમર, કળી, ગુંજન, મધુરતા, માદકતા, મસ્તી, સૌંદર્ય જેવા શબ્દોનું મહત્વ વધી જાય છે.

વસંત એ કવિઓ અને કલાકારોની મનગમતી ઋતુ છે.<br>
વસંત એ વનનો વૈભવ છે.<br>
વસંત એ પ્રકૃતિનો મહોત્સવ છે.<br>
વસંત એ પુષ્પોની મૈત્રી છે.<br>
વસંત એ વૃક્ષોની મહેફિલ છે.<br>
વસંત એ નજાકતનું નજરાણું છે.<br>
વસંત એ કુદરતની કળા છે.<br>
વસંત એ સુગંધનો દરિયો છે.<br>
વસંત એ યૌવનનો થનગનાટ છે.<br>
વસંત એ ધરતીનો ધબકાર છે.<br>
વસંત એ ચંચળતાનો ચમત્કાર છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# *Social Networking Side's Effect*
# આધુનિકરણના ગેરફાયદા

**ચૈતાલી હિરલ શાહ**

૫૦૪, સમત્વ ફ્લેટ, જૈન નગર, પાલડી, અમદાવાદ-૦૭.

મને ડર છે કે આ ટેકનોલૉજી માનવની વાતચીતોથી ઉપર થઈ જશે.

કહે છે આ મોબાઈલ... રિંગટોન દિવસમાં કેટલો ટાઈમ મોબાઈલ ચેક કરીએ છીએ.

રિંગટોન વાગે ને મોબાઈલ યાદ આવે છે.

આ રિંગટોન, મેસેજ ટોન, ચેક કરી છે. કેટલીયવાર ફેસબુક ચેક કરીએ છીએ કે કોઈ અને કેટલાયે લાઈક કરીએ છીએ. પોતાના અપડેટ પર એ ચેક કરીએ છીએ.

અમારું પ્યારુ વોટ્સએપ તો ફરીથી refresh કરીએ છીએ કે કોઈએ મેસેજ તો નથી કર્યો ને. આપણે બધા આ સોશિયલ નેટવર્કિંગ એપ્લિકેશન બધાને એક મંચ પર તો લાવે છે પરંતુ વ્યક્તિગત બધા એકબીજાથી દૂર થઈ ગયા છે. વોટ્સએપ પર તો કોઈનો લાસ્ટ સીન ટુડે મહત્ત્વનો છે પણ હકીકત માં એ વ્યક્તિને લાસ્ટ ક્યારે મળ્યા એ મહત્વનો નથી રહ્યો.

અને આ સેલ્ફી ટ્રેન્ડ તો જાણો. સેલ્ફી એ એક વ્યસન બની ગયો છે. અરે કોઈની મગજમાં સેલ્ફી જાણે ચાલતી ચાલતી ટ્રેનમાં ડેરિંગવાળી સેલ્ફી કે ફ્લેટના ૧૦ મા માળની પાળી પર ચડીને લેવાતી સેલ્ફી કઈ દિશામાં જશે.

હવે તો સ્માર્ટ ફોન દરબદર સસ્તો થતો જાય છે. ૩૯-૪૯નો દોર આવી ગયો છે. કોઈ તરસ્યો જાણે પાણી શોધે તેમ આપણે વાઈફાઈ શોધીએ છીએ. ખરી વાત ને ?

એક જમાનો હતો કે અમે દિવસમાં એકાદ વાર ફોનનો ઉપયોગ કરતા હતા. અત્યારે જમાનો બદલાઈ ગયો છે કે સબ્જીવાળાને પણ સબ્જીની લિસ્ટ વોટ્સએપ કરીએ છીએ સાચું કહું છું ને ? આ નવા નવા ઓનલાઈન શોપિંગ એપ્સ તો જોવો આના પરથી ખરીદો આના પરથી વેચો. જિંદગી શું સાચે જ આટલી આસાન થઈ ગઈ છે. અગર સાચે ઓનલાઈન શોપિંગ ઘરે બેસીને જરૂરિયાતની બધી જ વસ્તુઓ ખરીદી શકતા હોય તો આપણી પાસે ઘણો બધો સમય હોવો જોઈએ.

પરિવારમાં હોય ૪ સભ્ય એમાં એક મમ્મી ઓનલાઈન શોપિંગ કરે, લેપટોપ વર્ક કરે અને એની દીકરી મોબાઈલ પર યુ ટ્યૂબ જોવે અને પપ્પા વોટસ્એપ પર મિત્રો સાથે રહેતા હોવા છતાં પણ એકબીજાથી દૂર થઈ ગયા છે.

દેશની નવી પેઢી તો આ સ્માર્ટ ફોન અને અન્ય ગેઝેટથી એટલી બધી આકર્ષિત થયેલી છે કે એ પોતાનું બાળપણ ખોઈ રહ્યા છે. એ રમવાની ઉંમરે પ્લે સ્ટેશન, મોબાઈલ ગેમ કે વીડિયો શેરિંગ કરે છે. કોણ જાણે એ રમતનું મેદાન ખોવાઈ ગયું છે. એ રમતાં રમતાં ઝઘડવાનું, જીતવાથી પોતાના મિત્રોને ગળે લગાડવાનું કોણ જાણે ક્યાં ખોવાઈ ગયું એ બાળપણ...?

અને ખબર નહિ પોતાના બાળકો શું જોઈ રહ્યા છે ? (શું આપણે એના પર ધ્યાન રાખીએ છીએ ?) આજકાલ તો અશ્લિલ વીડિયો અને ફોટો તો સેંકડો સંખ્યામાં શેર થઈ રહ્યા છે. હાલ આ કેટલાક પ્રયોગોથી સાબિત થયું છે કે મોબાઈલના વધારે પડતા ઉપયોગથી આજ કાલ એકાગ્રતાની ઉણપ જોવાઈ રહી છે બાળકોમાં. વિદ્યાર્થીઓના અભ્યાસ પર આનું ગંભીર પરિણામ જોવા મળે છે. આપણા શહેરની આગળ પાછળ લાગેલા મોબાઈલ ટાવર અને એનાથી નીકળતા રેડિયેશનની શું સાઈડ ઈફેક્ટ થશે એ તો આવનારો સમય જ નક્કી કરશે.

કેટલીકવાર જોવા મળે છે કે ચાલતા કે ડ્રાઈવ કરતા મોબાઈલ પર વાતો કરીએ છે, તેનાથી ક્યારેક દુર્ઘટના પણ જોવા મળે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ**
ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

**કેપ્ટન મનોજકુમાર પાંડે, પરમવીર ચક્ર**
**પરમવીર ચક્ર, ૧/૧૧ ગોરખા રાયફલ્સ, મરણોત્તર**
**જન્મ : ૨૫ જૂન ૧૯૭૫**
**મૃત્યુ : ૩ જુલાઈ ૧૯૯૯**
**(કારગિલ યુદ્ધ દરમિયાન - 'ઑપરેશન વિજય')**

લેહની હવાઈપટ્ટી પાસે આવલું લશ્કરી સંગ્રહાલય 'Hall of Fame' જે ભારતીય સૈન્ય દ્વારા બાંધવામાં આવ્યું છે અને એની જાળવણી પણ સૈન્ય દ્વારા જ કરવામાં આવે છે. ભારત-પાક યુદ્ધમાં ભારતના જે વીર સૈનિકોએ શહીદી વ્હોરી છે તેમની યાદમાં, તેમના સન્માનમાં આ સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે. આપણને સલામત અને શાંતિપૂર્ણ જિંદગી આપવા માટે ભારત માતાના વીર પુત્રોએ આપેલા બલિદાનનો તેમાં આખો ઈતિહાસ છે. આ સંગ્રહાલયની બાજુમાં જ 'શાંતિ સ્થળ' છે. જેમાં સાંજે કારગીલ યુદ્ધનો વીડિયો દર્શાવવામાં આવે છે. કારગીલની ટેકરી પર તિરંગો લહેરાવવા માટે દેશના અનેક ઝાંબાઝોએ શહીદીની ચાદર ઓઢી હતી. ઝંઝાવાતી બર્ફીલા તોફાનો અને પ્રતિકૂળ હવામાન વચ્ચે લડતા આપણા જવાનોની ત્રિરંગામાં લપેટાતી લાશ પર રડતા સ્વજનો અને સલામી આપવા માટે કતાર-બંધ ઊભેલી સશસ્ત્ર સેના. આ બધું વીડિયોમાં જોઈને ભાગ્યે જ કોઈ ભારતીયની આંખોના ખૂણામાં ભીનાશ ન ફરી વળે. આ વીડિયો જોઈને ઉત્પન્ન થયેલી ઉત્કટ લાગણી પાણી બનીને મારી આંખમાંથી વહી રહી. ભીની આંખે જયારે 'શાંતિ સ્થળ' છોડયું ત્યારે દિલમાં એક વેદના ઊઠી અને ત્યારે જ નક્કી કર્યું કે પરમવીર ચક્રની શૌર્યગાથાઓ આજની ઊગતી પેઢીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરું તો કદાચ ભાવિ પેઢીની માનસિકતામાં બદલાવ આવે.

આજે પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન મનોજકુમાર પાંડેના અદમ્ય સાહસ અને બલિદાનની છાતી ચીરી નાંખતી કથા આલેખવાનો અહીં પ્રયાસ કર્યો છે.

૨૫ જૂન ૧૯૭૫ માં ઉત્તરપ્રદેશમાં સીતાપુરમાં મધ્યમ કુટુંબમાં જન્મેલા મનોજકુમાર પાંડેએ ૧/૧૧ ગોરખા રાયફલ્સમાં કેપ્ટન તરીકે પોતાની સેવાઓ આપવાની શરૂઆત કરી. કારગીલ યુદ્ધમાં પોતાની બહાદુરી અને સાહસનો પરિચય આપતા ખાલૂબાર ચોકી કબજે કરવા આ વીર ગોરખા નાયક તા. ૩ જુલાઈ ૧૯૯૯ ના રોજ વીરગતિ પામ્યા.

૨૫ મે ૧૯૯૯, નવી દિલ્હીમાં ભારતીય લશ્કરના વડા જનરલ વી.પી.મલિકે લશ્કરની ત્રણેય પાંખના વડાઓની તાકિદની બેઠક બોલાવી. બાબત એટલી ગંભીર હતી કે મલિકે ખુદ વડાપ્રધાનને આ બેઠકમાં હાજરી આપવા વિનંતી કરી હતી. લાંબી ચર્ચા પછી વડાપ્રધાને લશ્કરી વડાઓને ટૂંકો આદેશ આપ્યો. 'ગમે તે પગલાં લો, ભારતીય જમીનનો એક પણ ઈંચ જેટલો ટુકડો દુશ્મનના કબજામાં રહેવો જોઈએ નહિ.' આટલા સ્પષ્ટ આદેશ પછી આરંભાયું 'ઑપરેશન વિજય'.

વાત જાણે એમ હતી કે ૧૯૪૭ થી કાશ્મીર મુદ્દે ચાલતો વિવાદ, અગાઉના ત્રણ ત્રણ યુદ્ધોમાં ભારત સામેની હાર, સિમલા કરારને લીધે ભારત પર સીધા પ્રહારની પાકિસ્તાનની અસમર્થતા, ૧૯૭૧ પછી ભારતની લશ્કરી તાકાતમાં થયેલો નોંધપાત્ર વધારો, આ બધા કારણોને લીધે પાકિસ્તાની શાસકોએ ભારત સામે આડકતરા યુદ્ધની યોજના ઘડી કાઢી હતી. જેનું નામ હતું 'ઑપરેશન ટૉપાક'. જે મુજબ પાકિસ્તાને ૧૯૮૭ પછી કાશ્મીરમાં પ્રૉક્સી યુધ્ધ ચાલુ કર્યું હતું, જેમાં કારગીલ, દ્રાસ અને બટાલિકના મોરચેથી ભારતની સરહદમાં ઘૂસી આવેલા પાકિસ્તાની ઘૂસણખોરોના આતંકે હજારોની સંખ્યામાં જનતા અને જવાનોની જાનહાનિ કરી. કાશ્મીરી પંડિતોની હિજરત થઈ. આવા મુશ્કેલ સંજોગોમાં ભારતીય ખુશ્કીદળની આઠમી માઉન્ટેન ડિવિઝન કાશ્મીર ખીણમાં જ સતત ચોકીપહેરો કરતી હતી. પરંતુ ૧૯૯૮ના શિયાળામાં સરહદ પરના આ મોરચેથી ભારતનો લશ્કરી પહેરો ખસેડવામાં આવ્યો. ત્યારે આ તકનો લાભ લઈને પાકિસ્તાન એમના ઑપરેશનને નિર્ણાયક તબક્કામાં લઈ ગયું અને હજારો ફૂટની ઊંચાઈએ, બરફની ઉષ્ણ પહાડીઓ પર આવેલી ભારતીય ચોકીઓ કબજે કરીને, છેવટે શ્રીનગર-લેહ ધોરી માર્ગ પર પગદંડી જમાવવાનો મૂળ પ્લાન ઘડ્યો હતો. લેહમાં ભારતીય લશ્કરને મળતા ખોરાક અને શસ્ત્રના પુરવઠાની સપ્લાય લાઈન કાપી નાખી ભારત હસ્તકનું કાશ્મીર પડાવી લેવાની યોજના હતી. આ જડબેસલાક લશ્કરી વ્યૂહરચના હેઠળ નવેમ્બર૧૯૯૮ થી જ સાદાવેશમાં પાકિસ્તાની સૈનિકો સહિત ભાડૂતી લડવૈયાઓએ કારગીલ, દ્રાસ અને બટાલિકની ચોકીઓમાં સિમેન્ટના મજબૂત બંકરો બનાવી શસ્ત્રો અને ખાદ્યસામગ્રીનો જંગી પુરવઠો ખડકવાનું શરૂ કરી દીધું.

પરંતુ શિયાળો પૂરો થયા પછી મે, ૪ ના રોજ ભારતીય સૈન્યના ૬ અફસરો કાકસરમાં ૧૭,૦૦૦ ફૂટ ઊંચા શિખર પરની ચોકી પર ફરી ડ્યૂટી માટે ઊપડ્યા તે જીવતા કદી પાછા ન ફર્યા. મે, ૧૭ ના રોજ મોકલાયેલી ૩૧ જવાનોની બીજી ટુકડી પર દુશ્મનોની ગોળીઓનો વરસાદ વરસ્યો, તોપમારો ચાલુ થયો અને કારગીલમાં રહેલો શસ્ત્રભંડાર નાશ પામ્યો. ત્યારે ભારતીય લશ્કરને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ. તેમાં પણ ભારતીય રીમોટ સેન્સિંગ ઉપગ્રહે લીધેલી તસ્વીરો જોતાં તો મે ૨૩, ૧૯૯૯ ના દિવસે ભારતીય ખુશ્કીદળના વડા જનરલ મલિકે ૩૫,૦૦૦ જવાનોનો રાતોરાત આ ત્રણ ક્ષેત્ર પર યુદ્ધ મોરચે ફેરબદલી કરી. બરફ પીગળે એની પણ રાહ જોયા વિના બુલડોઝરથી હિમ ખસેડી માર્ગ મોકળા કરવામાં આવ્યા અને જંગી શસ્ત્ર સરંજામ સાથે જવાનો કારગીલ તરફ ઉપડ્યા. કાફલામાં ૯૦ બૉફોર્સ તોપ અને બીજી ૮૦ ફિલ્ડ ગન હતી. બધી તોપ એક સાથે ગર્જવા લાગે તો બીજા વિશ્વયુદ્ધ પછીનો નવો વિશ્વવિક્રમ સર્જાય તેમ હતો. અને આમ જગતભરમાં જેની બરોબરી થઈ શકવાની ન હતી એવા 'ઑપરેશન વિજયની' છેવટે શરૂઆત થઈ.

આટલા વર્ષોમાં ભારત પરના અનેકવારના આક્રમણોમાં પાકિસ્તાને કાં તો હાર ખાધી, કાં તો માર ખાધો, કાં તો પૂંછડી પકડીને ભાગ્યા, કાં તો લાશ થઈને ભારતની ભૂમિ પર ઢળ્યા. આટલી બધી વારની હાર પછી પણ પાકિસ્તાને ફરી એકવાર ભારતના કારગીલ ક્ષેત્ર પર આક્રમણ કર્યું અને એના વિવિધ વિસ્તારોમાં કબજો જમાવી દીધો.

સવારના સાત વાગી રહ્યા હતા. સિયાચીનમાં તૈનાત અગિયારમી ગોરખા રાયફલ્સ,પહેલી બટાલિયનના લેફ્ટન્ટ મનોજકુમાર પાંડે એમના રૂમમાં બેઠાબેઠા એમની ખૂખરી(knife) સાફ કરી રહ્યા હતાં અને પૂના જવાના વિચારમાં હતા, ત્યાં જ તેમને તેમની ટુકડી સાથે રેજિમેન્ટના કમાન્ડિંગ ઑફિસર કર્નલ લલિત રાયને તાત્કાલિક મળવાનો સંદેશ મળ્યો, કંઈક શંકા સાથે મનોજકુમાર થોડી જ વારમાં એમની બટાલિયન સાથે કમાન્ડિંગ ઑફિસરની સન્મુખ ઊભા રહ્યા. 'લેફ્ટનન્ટ મનોજકુમાર! તમારી બટાલિયનનું પૂના જવાનું કેન્સલ થયું છે. કારગીલ ક્ષેત્રને તમારી ખૂબ જ જરૂર છે. પાકિસ્તાની ઘૂસણખોરોએ કારગીલમાં ઘૂસણખોરી કરી ખાલુબાર વિસ્તાર પર કબજો જમાવી દીધો છે. મહત્વની વાત તો એ છે કે આજથી ૧૬

દિવસ પહેલા ૧૬ ગ્રેનેડિયર્સ અને ૩ પંજાબી ટીમ ખાલુબાર તરફ પેટ્રોલિંગ માટે ગઈ હતી. પરંતુ બંનેમાંથી હજુ સુધી કોઈનો પત્તો નથી. મળતી માહિતી મુજબ ત્યાં બધા જ ભારતીય જવાનો દુશ્મનોના હાથે શહીદ થઈ ચૂકયા છે. એટલે તમે સમજી શકો છો કે પરિસ્થિતિ કેટલી નાજુક અને ભયાનક છે. લેફ્ટનન્ટ મનોજકુમાર ! હું ખાલુબાર ખાલી કરાવવાની જવાબદારી તમને સોપું છું આ ઑપરેશનનું નામ છે 'ઑપરેશન વિજય' તમે તમારી બટાલિયન સાથે હમણાં જ રવાના થાઓ અને વિજય મેળવીને પાછા આવો. જય-હિન્દ'' કર્નલ લલિત રાયે કહ્યું.

આ લશ્કરી આદેશ હતો અને લશ્કરી આદેશને બ્રહ્મવાકય ગણીને સૈનિકો એનું પાલન કરતા હોય છે. કેપ્ટન મનોજકુમારે પણ એમ જ કર્યું અને મકકમતાથી કહ્યું, 'ડોન્ટ વરી સર, 'ઑપરેશન વિજય' ની શરૂઆત હું વિજય અપાવીને જ કરીશ એ મારું વચન છે. તમને પછી ભલે એ વિજય મારી શહીદી પર થઈને આવે.''

'ઑપરેશન વિજય' ને ખરા અર્થમાં સાર્થક કરવા માટે નીકળેલી ૧/૧૧ ગોરખા બટાલિયનની 'બી' કંપનીએ ૩ જુલાઈ ૧૯૯૯ ના રોજ ખાલુબાર પર આક્રમણ કરી ત્યાં કબજો કરવાનું આયોજન ઘડી કાઢયું હતું. લેફ્ટનન્ટ મનોજકુમારને ૫ નંબરની પલટનના કમાન્ડર તરીકે નેતૃત્વ સંભાળી ખાલુબાર પર કબજો કરવાનો આદેશ આપ્યો હતો.

મનોજકુમાર અને તેમની કંપની ખાલુબાર તરફ આગળ વધી રહ્યા હતા. તેમની નજર ચારે તરફ ફેલાયેલી હતી. પણ જેવો એમણે એમની પલટન સાથે ખાલુબારમાં પગ મૂકયો કે તરત જ જાણે આસમાનમાંથી ગોળીઓનો વરસાદ ચાલુ થયો. મનોજકુમાર અને તેમના જવાનોએ આશ્ચર્યપૂર્વક ઉપર તરફ જોયું. એક ઊભી પહાડી પરથી દુશ્મનો ગોળીબાર કરી રહ્યા હતા. મનોજકુમારે આદેશ આપ્યો કે અટકી જાઓ. કોઈ આગળ નહીં વધે. હવે માત્ર બળથી નહિં પણ કળથી કામ લેવું પડશે. બહુ જ દૂર હટી જાઓ.''

જવાનો આદેશનું પાલન કરી અટકી ગયા અને એકતરફ ભેગા થયા. લેફ્ટનન્ટ મનોજકુમારે કહ્યું 'જવાનો, દુશ્મનો બહુ ઊંચાઈ પર છે. આપણે તેમના તરફ આગળ વધીશું તો તેમની નજીક પહોંચતા પહેલાં જ શહીદ થઈ જઈશું.''

જો કે મનોજકુમાર જાણતા હતા કે તેમના સાથીઓ કે કોઈપણ ભારતીય સૈનિકમાં શહીદીની બીક કયારેય હોતી નથી. કારણ કે જે દિવસે સૈનિકો લશ્કરમાં જોડાય છે ત્યારે માથે કફન બાંધીને જ નીકળતા હોય છે. મનોજકુમાર માનતા હતા કે કોઈપણ પ્રકારની જીત મેળવ્યા વગર સામે ચાલીને મરવું તે શહીદી નહિ પણ આત્મહત્યા છે; અને દુશ્મનોના હાજા ગગડાવ્યા વગર, તેમને આપણી ભૂમિ ઉપરથી ખદેડયા વગર શહીદ નથી થવાનું. આથી જ એમણે પોતાની ટુકડીને આગળ વધતી અટકાવી.

મનોજકુમારની આ વાતનું તમામ જવાનો દ્વારા સમર્થન મળતા તરત જ તેમણે સાથીઓને દિશા નિર્દેશકો આપવા માંડયા. દુશ્મનોનું ધ્યાન વિચલિત કરવા માટે તેમણે સૌથી પહેલા ભીમ બહાદુરને પોતાની પલટન સાથે પાછલા રસ્તે થઈને જમણી તરફ આવેલા બે બંકરો પર તૂટી પડવાનો આદેશ આપ્યો અને પોતે બીજા સાથીઓને લઈને ડાબી તરફ આવેલા ચાર બંકરો પર કબજો મેળવવા દોડી ગયા. ખૂબ જ મુત્સદ્દીગીરીથી બંનેની ટુકડી ધીમે ધીમે દુશ્મનોના બંકરો સુધી પહોંચી ગઈ અને જમણી બાજુના બે બંકરો પર ભીમ બહાદુરે આક્રમણ કરી દીધું. જયારે ડાબી બાજુના ચાર બંકરોમાંથી પહેલા બંકર પર લેફ્ટનન્ટ મનોજકુમાર ખુદ તૂટી પડીને બંકરનો સફાયો બોલાવી દીધો. મનોજકુમાર જરાય ગભરાયા વગર છાતી કાઢીને દુશ્મનો સામે આવી ગયા અને એક પછી એક દુશ્મનોના ઢીમ ઢાળતા બીજા બંકર તરફ આગળ વધ્યા અને એના પણ કૂરચેકૂરચા ઉડાડી દીધાં. ચારેબાજુ ગોળીઓનો વરસાદ હતો. એમની સાથેના જવાનો દુશ્મનો સાથે ગોળીઓની રમઝટ બોલાવી રહ્યા હતાં. મનોજકુમાર ત્રીજા બંકર તરફ આગળ વધ્યા અને ત્યાં પહોંચે એ પહેલા જ હવાને ચીરતી બે ગોળીઓ આવી અને એમના શરીરમાં પ્રવેશી ગઈ. એક ગોળી એમના

ખભામાં ઘૂસી ગઈ હતી અને બીજી એમના પગમાં. બંને જગ્યાએથી લોહીનો ફૂવારો છૂટયો અને તેઓ જમીન પર ફસડાઈ પડયા.

ગોળીઓથી વિંધાયા બાદ લેફ્ટનન્ટ મનોજકુમારની શારીરિક પરિસ્થિતિ એકદમ ગંભીર થઈ ગઈ હતી. બીજો કોઈ સામાન્ય માણસ હોત તો એ પીડાથી પડી જ ભાંગત પણ અહીં ઉલ્ટું બન્યું હતું. ગોળીઓ વાગ્યા બાદ મનોજકુમારમાં જાણે વધારે શકિતનો સંચાર થયો. તેમણે એક ગ્રેનેડ હાથમાં લીધો અને, 'આયો ગોરખાવાલી'ના નારા સાથે બમણા ઝનૂનથી દુશ્મનો પર વીંઝયો. બીજી જ ઘડીએ દુશ્મનના બંકરના ચીથરેચીથરા હવામાં ઉડવા માંડયા. એ પછી મનોજકુમારે એમની ખુખરી કાઢી અને ફરી વાર 'જય મહાકાલી આયો ગોરખાવાલી'નો બુલંદ નારો લગાવતા દુશ્મનો પર તૂટી પડયા. મનોજકુમારને જાણે મૃત્યુનો ભય જ ન હતો. એ તાંડવ કરી રહ્યા હતાં અને તાંડવના રંગમંચ તરીકે કારગિલની ખાલુબારની ટેકરી હતી.

મનોજકુમાર એક બંકરથી બીજા બંકર લોહી નીગળતી હાલતમાં હુમલો કરતાં રહ્યાં, દુશ્મનોનો ખાત્મો બોલાવતા રહ્યાં, આગળ વધતાં રહ્યા અને એક પછી એક બંકરો ઉપર કબજો જમાવતા રહ્યા. મનોજકુમારનું સાહસ જોઈને તેમના સાથીઓ પણ હિંમતભેર દુશ્મનોનો સામનો કરતાં રહ્યાં, પણ ત્યાં જ અચાનક મનોજકુમારના મોં પાસે એક મશીનગન ફાટી અને એમનો ચહેરો અને શરીર તરડાઈ ગયા. વર્દી ફાટી ગઈ, ચામડી ચીરાઈ ગઈ અને એ ઢગલો થઈને ત્યાં જ ફસડાઈ પડયા. એમના મોમાંથી છેલ્લા શબ્દ હતા, "ના છોડનું !" આ નેપાળી શબ્દોનો હિંદીમાં અર્થ છે, 'ઉન્હેં મત છોડના'.

આટલું બોલી કેપ્ટન મનોજકુમાર ચીર નીદ્રામાં પોઢી ગયા. તરત એમની આંખ મીંચાઈ અને બીજી તરફ યુદ્ધ સમાપ્ત થયું. શ્યામ ! તારી બંસી થઈને બજવું છે જગ મારે, સૂર છેડવા કેવા, કયારે ? એ જોવાનું તારે !

ભગવદ્ગીતામાં શ્રદ્ધા ધરાવનાર અને વાંસળીના સૂરો છેડવાના શોખીન મનોજ પાંડેએ આખરે પોતાની ફૂંકે નહીં, પણ પ્રભુની ફૂંકે વાગતી વાસંળીનો આખરી સૂર છેડીને ભારતમાતાના રક્ષણમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

એમની શહીદી સાથે ખાલુબાર પર ભારતીય સૈન્યએ કબજો કરી લીધો હતો. એમને આપેલું લક્ષ્ય પૂરું કર્યા બાદ જ એમણે વીરગતિને માર્ગે પ્રયાણ કર્યું હતું, પણ તેમના મૃત્યુનો મહિમા પણ કંઈક ન્યારો હતો. કારણ કે તેમની રાયફલ મૃત્યુ બાદ પણ તેમના દ્વારા ખાલી થયેલા દુશ્મનના બંકર તરફ તકાયેલી હતી અને થીજેલી આગંળીઓ રાયફલની ટ્રીગર પર દબાવીને રાખેલી હતી.

આમ એમના બલિદાન સાથે જ 'ઑપરેશન વિજય' ના વિજયની શરૂઆત થઈ. તા. ૨૬ જુલાઈ ૧૯૯૯ના રોજ મનોજકુમાર પાંડેએ કારગિલમાં પાકિસ્તાનના સૈનિકોને જડબાતોડ જવાબ આપ્યો હતો અને 'ઑપરેશન વિજય'-ને સફળ કરી જીતનો પાયો નાંખ્યો હતો. તિરંગાની પ્રતિષ્ઠા જાળવવા તેમણે આપેલા બલિદાનના પ્રત્યુતરરૂપે જ આ દિવસને 'વિજયદિવસ' ના રૂપમાં મનાવવામાં આવે છે.

આર્મીમાં જોડાતા પહેલાં જ શહીદીની ખ્વાહિશ રાખનાર મનોજકુમાર પાંડેની ખાનગી ડાયરીમાં એક અવતરણ હતું. 'અગર મુઝે અપને આપકો સાબિત કરને સે પહેલે મોત ભી આ જાયે તો મૈં કસમ ખાતા હૂં કી મૈં મોત કો ભી માત દે દૂંગા!' આ અવતરણને તેમણે સાર્થક કરી બતાવ્યું છે. તેમની ડાયરીના કેટલાંક પૃષ્ઠો જોઈએ તો તેમાં તેમણે લખ્યું હતું, "Some goods are so worthy, it's glorious even to fail". જયારે પોતાની માતાની યાદમાં તેમણે લખ્યું હતું, "એ એવો તારો છે કે જે અંધકારમાં ખૂબ જ તેજસ્વીતાથી પ્રકાશે છે, એ કે જે હંમેશા આપે જ છે અને આશીર્વાદ વરસાવતી જ રહે છે."

કયા હવા ચલતી હૈ તલવાર દુધારા હોકર
હૌસલા મુજકો બચાયેગા કિનારા હોકર
કોમ કે વાસ્તે યે જાન જો મિટ જાયેગી
નામ ચમકેગા મેરા બાદ સિતારા હોકર

મરકે ભી મિટ્ટીસે નીકલેગી સદા, હાય વતન
ખૂન તડપેગા મેરા જોશ સે બારા હોકર

કવિ કિશનચંદ ઝેબાની આ પંકિતઓ સાકાર કરી હતી. આપણા નાયક, પરમવીર ચક્ર વિજેતા, કારગિલ વૉરના અસલી હીરો મનોજકુમાર પાંડેએ.

મનોજકુમારે ખાલુબાર ખાતે દાખવેલા અપ્રતિમ સાહસ, ધ્યાનાકર્ષક નેતૃત્વ, ફરજ પ્રત્યેનો અનુરાગ, શૌર્ય અને અજેય હિંમત દ્વારા 'ઑપરેશન વિજય' ને વિજયી બનાવવામાં વ્હોરેલી શહીદી બદલ ભારત સરકારે, ભારતનું સર્વોચ્ચ અલંકરણ મરણોત્તર પરમવીર ચક્ર આપીને તેમનું સન્માન કર્યું.

મનોજકુમાર પાંડે.... એક સાચા વીર સપૂત જે માતૃભૂમિ માટે શહીદ થયા. એમના પિતાએ જયારે ભીની આંખે અને ફૂલેલી છાતીએ શહીદ દીકરાને મળેલું સર્વોચ્ચ સન્માન સ્વીકાર્યું ત્યારે એમણે હચમચાવી મૂકે એવી એક વાત કરી હતી. એમણે કહ્યું, સેનામાં ભરતી વખતે SSB (Services Selection Board of Indian Army) ના ઈન્ટરવ્યૂમાં મનોજને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે એ શા માટે સેનામાં ભર્તી થવા માંગે છે ? સહેજ પણ અચકાયા વગર મનોજે જવાબ આપ્યો હતો કે ''હું પરમવીર ચક્ર મેળવવા માટે સેનામાં ભરતી થવા માગું છું'' ત્યારે જવાબ સાંભળીને ઈન્ટરવ્યૂ લેનાર ચકિત થઈ ગયા હતા અને મનોજનું એ સપનું આજે પૂરું થયું છે. ભીની આંખે આ વાત કરતાં તેમના વેપારી પિતા ગોપીચંદ્રએ કહ્યું, ''આવા મહાન પુત્રના પિતા હોવાનું મને ગૌરવ છે''. ત્યારે ત્યાં ઊભેલા સૌએ મનમાં ડુમા સાથે કહેલું કે મનોજ માટે માત્ર તમને જ નહીં પણ સમગ્ર ભારતવર્ષને ગૌરવ છે.

કેપ્ટન મનોજકુમાર પાંડે આજે ભલે આ દુનિયામાં નથી, પણ આપણા દિલોમાં હંમેશા રહેશે. એમને આપણે કયારેય ભુલાવી શકીશું નહી. લખનઉમાં એમના સન્માનમાં વિશાળ પ્રતિમા બનાવવામાં આવી છે અને એક ચાર રસ્તાનું નિર્માણ પણ એમના નામ પરથી કરવામાં આવ્યું છે એમની સ્મૃતિમાં ઉત્તરપ્રદેશ સૈનિક સ્કૂલ લખનઉના એક સભાગાર(ઑડિટોરિયમ)નું નામ કેપ્ટન મનોજકુમાર પાંડે ઓડિટોરિયમ રાખ્યું છે. તેમની સ્મૃતિમાં સીતાપુરમાં આવેલી 'રાની લક્ષ્મીબાઈ મેમોરિયલ સ્કૂલ'-માં પણ એમના નામનું એક સભાગાર બનાવ્યું છે; જેનું ઊદ્‌ઘાટન એમના માતા-પિતાએ કર્યું હતું.

અદમ્ય સાહસ અને બલિદાનનું બીજું નામ એટલે કેપ્ટન મનોજ પાંડે, દેશની રક્ષા કરતાં શહીદ થવાની ઈચ્છા ધરાવનાર મનોજકુમાર પાંડે, 'ઑપરેશન વિજય' દરમિયાન માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં શહીદી વ્હોરનાર મનોજ પાંડે, પોતાના બલિદાનથી દેશની પ્રતિષ્ઠા વધારનાર મનોજ પાંડે, પોતાની શહીદી દ્વારા દેશના પ્રત્યેક યુવાનની વિચારધારા બદલનાર મનાજ પાંડે, મનોજ પાંડે એટલે આખા દેશની ઓળખ, વાંચનના શોખીન અને રમતગમતમાં રૂચિ ધરાવનાર અને ખૂબ જ આકર્ષક વ્યક્તિત્વ ધરાવનાર અને ચહેરા પર હંમેશા સ્મિત ફરકાવનાર, ખુશ સ્વભાવ અને બુધ્ધિજીવી કેપ્ટન એટલે મનોજકુમાર પાંડે પરમવીર ચક્રના ઈતિહાસમાં ઘણું પ્રખ્યાત નામ એટલે મનોજકુમાર પાંડે.

જગતભરના લશ્કરી નિષ્ણાતોએ જેની પ્રશંસા કરવી પડી એવી ભારતીય સેવાની બહાદુરીને કારણે પાકિસ્તાનને તેનું આ ચોથું યુદ્ધ પણ અત્યંત મોંઘુ પડયું. હજારો ફૂટની ઊંચાઈએ વિષમ વાતાવરણમાં ખેલાયેલું રેકોર્ડસર્જક કારગીલ યુદ્ધ દુશ્મનોને થોડીક પણ જગત આખાને યાદ રહી જશે અને આ કથાના યુદ્ધનાયક કેપ્ટન મનોજકુમાર પાંડે ? અરે ! માત્ર ૨૪ વર્ષની ઉંમરે શહીદીને વરેલા પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન મનોજકુમાર પાંડેને અને તેમની વીરતાને તો સમગ્ર દેશ બંને હાથે સલામ કરે છે. એ માતાને પણ સલામ છે જેમણે પોતાના પુત્રને માતૃભૂમિ માટે ન્યૌછાવર કરી દીધો.

ખરેખર ! ચિંતક એલમ ડેવિસે લખ્યું છે તેમ ''જયાં સુધી આ દેશ વીર પુરુષોનું વતન છે, ત્યાં સુધી એ આઝાદ માણસોનો દેશ રહેશે''. જય-હિન્દ.

# દાન

**પ્રહલાદ પારેખ**

*ભોરની ભરનિદ્રામાં શ્રાવસ્તી નગરી હતી;*
*બુદ્ધને કાજ ભિક્ષાની કોની બૂમ નભે ચડી ?*
*હજુ ન રંગો નભ ઊઘડયા'તા,*
*તારા બધા યે હજુ ના ગયા'તા;*
*હજુ ન પૂરાં ફૂલડાં ખીલેલ,*
*ના પંખીએ ગાન હજુ ધરેલ.*
*પ્હેલી પળો મંગળ એ પરોઢની,*
*ટાઢી વહેતી લહરી સમીરની;*
*પોઢેલ એ સૌ જનને નિસર્ગ*
*મીઠું મીઠું વ્હાલ કરી રહેલ.*
*એ સમે બુદ્ધના શિષ્યે સાદ એ પુરમાં કર્યો,*
*"જાગો છો ? આપશો ભિક્ષા બુદ્ધને, નરનારીઓ ?"*
*અરણ્યમાં કોઈ તપસ્વી જેમ*
*ઉચ્ચાર કો મંગલ મંત્રનો કરે,*
*તેવો સૂતેલી નગરી મહીં એ*
*પુકાર સાધુ કરતો બધે ફરે.*
*સ્વપ્નોમાં ભમતાં સૌને સાદે એ ચમકાવિયાં;*
*બીડેલાં નયનોને સૌ સાધુએ કરિયાં ખુલાં.*
*સાધુ સાદે નરપતિ તણા અંતરે એમ થાતું :*
*"સત્તા શી આ પલવિપળની ? રાજ્યના ભોગ શા આ ?"*
*ને આવે છે ધનપતિના ચિત્તમાં યે વિચાર :*
*"આત્મા કેરા ધનવૈભવ એ ફાંસલાના પ્રકાર."*
*સાંભળી બુદ્ધનું નામ જાગી ગૈ નગરી બધી,*
*દેવા કૈં પ્રભુને પાયે, ધન્ય આવી ગણી ઘડી.*
*ભરી મુઠ્ઠી માર્ગે રતન ઠલવે રાજરમણી;*
*અને લક્ષ્મીવંતી, તનુ ઉપરનાં આભૂષણ તણી*
*કરે વૃષ્ટિ : ને સૌ ગરીબ ગૃહિણી વેણી મહીંનાં*
*બધાં ચૂંટી મોતી પથ ઉપર દે આજ ફગાવી.*
*પરંતુ સાદ સાધુનો ભિક્ષા કાજ ફરી પડે :*
*રત્ન, આભૂષણો, મોતી બધાં યે ધૂળમાં રહે.*
*"તને શું જોઈએ, સાધુ ? પ્રભુ શું આજ માગતા ?"*
*લક્ષ્મીથી તુષ્ટ થાતા સૌ એ વિચારે ડૂબી જતા.*
*"પ્રભુ ના યાચતો રત્નો, તમારાં આભૂષણો કદી :*
*વિચારી આજ સંતોષો ઈચ્છા એ અવધૂતની."*
*લક્ષ્મી ભરેલા પથને વટાવી,*
*ને સ્તબ્ધ મૂંગી નગરી મૂકીને,*
*અરણ્યને માર્ગ પળંત સાધુ,*
*પુકાર ત્યાં યે કરતો ફરીને.*
*ને આ ક્યાંથી, "ઘડીક ખમજો, દેવ !" એ કોણ બોલ્યું ?*
*ચોંકીને એ વિજન પથમાં સાધુએ શું નિહાળ્યું ?*
*વૃદ્ધા નારી,—શરીર વીંટિયું વસ્ત્ર કંગાલ એક,—*
*બોલે, "મારી પ્રભુ-ચરણમાં આપજો દીન ભેટ."*
*બોલી એમ ગઈ એક વૃક્ષની ઓથમાં સરી;*
*આપતી વસ્ત્રની ભેટ, લંબાવ્યા કરમાં ધરી.*
*નાચિયું ઉર સાધુનું : વસ્ત્ર શિરે ચઢાવિયું :*
*પાત્ર જે રાખિયું ખાલી પૂરે, તે કાનને ભર્યું !*

# વિદ્યાર્થી આલમ

## શું વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણા જીવનની ગુણવતા સુધારી છે ?

**અન્સારી અલશિફા**
ધો. ૯-ક, જે. એન. બાલિકા વિદ્યાલય

તો, હા વિજ્ઞાન અને ટેકનોલૉજીએ આપણા જીવનની ગુણવતા સુધારી છે. આ વાત ૧૦૦ એ ૧૦૦% સાચી છે.

***આઓ વિજ્ઞાન સે દોસ્તી કરે***
***ઈસ સમાજ કો બહેતર બનાએ***
***વૈજ્ઞાનિક દષ્ટિકોણ અપનાએ.***

મિત્રો, વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. આજનો યુગ વિજ્ઞાનનો યુગ છે. દિન પ્રતિદિન અવનવી શોધોની ભેટ ધરતાં વિજ્ઞાને આપણા જીવનમાં અદ્‌ભુત ક્રાંતિ સર્જી છે. જેના લીધે માનવી સવારની ચા ભારતમાં અને સાંજનું ભોજન લંડનમાં લઈ શકે છે. અનેક મશીનોથી માનવીનું કામ સરળ અને ઝડપી બન્યું છે. જે ઉત્પાદક અને દેશની સમૃદ્ધિમાં સિંહફાળો આપે છે. "એ છે વિજ્ઞાન !"

આપણે વિજ્ઞાનની અમુક શોધો જોઈએ.

ધારો કે તમારા ઘરમાં માછલીઓ કાચના ટબમાં રહે છે. એક નાના બાળકથી તે ટબ પડી જાય તો કાચ પણ તૂટી જાય અને માછલીઓ પણ મૃત્યુ પામે. આવી જ રીતે મોબાઈલ પડી જાય તો પણ કાચ તૂટી જાય. શું આવું હોય કે કાચ તૂટે જ ના ?

તો, હા સંભવ છે. જાપાન વૈજ્ઞાનિકે હાઈડ્રોજન બોન્ડિંગનો ઉપયોગ કરીને કાચ તૂટે જ નહી, તેવો કાચ બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આ જ છે વિજ્ઞાન ! મિત્રો આ જ છે વિજ્ઞાન !

***" સફલતા એક વિજ્ઞાન હૈ, યદિ પરિસ્તિથિયાં***
***હૈ તો પરિણામ ભી મીલેગા"***

આવું માનનાર વિજ્ઞાને દવાના ક્ષેત્રમાં કરેલી શોધોથી આજે અસાધ્ય રોગોનો ઈલાજ શકય બન્યો છે. તાજેતરમાંજ વિજ્ઞાને "કોરનરી આર્ટ ડિસિસ" નું ઑપરેશન સફળ રહ્યું છે. આજે રોબોટ માત્ર ૩ મિનિટ ને ૨૦ સેકેન્ડમાં આ ઑપરેશન કરે છે. આ વિજ્ઞાનની જ દેન છે મિત્રો !

એટલું જ નહીં પણ અરે ! આજે તો વિજ્ઞાને કૃત્રિમ હૃદયની પણ રચના કરી દીધી છે.

આકાશ ક્ષેત્રે જોઈએ તો, પહેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના જમાનાના બાળકો તારા-ચંદ્ર વિશે કાંઈ જાણતા ન હતા ત્યારે તેઓ આકાશ પર જવા માંગતા હતા અને તેઓ ગાતા હતા કે,

*Twinkle Twinkle Little Star*
*How I Wonder What You are*
*Up above the World So high*
*Like a diamond in the sky.*

જયારે આજે હવે બાળકોને ખબર પડી છે કે ચંદ્ર પર જઈ શકાય છે. ત્યારે આજના બાળકો આ પ્રમાણે ગાય છે.

*Twinkle Twinkle Little Star*
*Now I Know What You are*
*Up above the World So high,*
*Nuclear furnace in the sky.*

આમ, વિજ્ઞાનથી માનવ જીવન બદલાઈ ગયું છે અને વિજ્ઞાને ઘણી સફળતા પ્રાપ્ત કરી છે.

વિદેશનું ઉદાહરણ લઈએ તો, વધુ વસ્તી ધરાવતો દેશ ચીન. ચીનમાંથી કોઈ પણ વ્યકિતને કોઈ પણ સ્થળેથી માત્ર ને માત્ર સાત મિનિટમાં શોધી શકાય. એ પણ વિજ્ઞાનથી જ શકય બન્યું છે.

"આમ, વિજ્ઞાન માનવજાતિ માટે એક અનમોલ વરદાન સિદ્ધ થયું છે."

અંતે આટલું કહેવા માગું છું કે માનવી વિજ્ઞાનની શોધોનો સદ્‌ઉપયોગ એટલે કે જરૂર પૂરતો જ ઉપયોગ કરશે તો જ વિજ્ઞાન માનવજાત માટે વરદાન રૂપ બની રહેશે.

*ધર્મ વિજ્ઞાન સે, ભક્ત હમ ભગવાન સે,*
*કયા રિશ્તા હમ જાન લે, ગીતા કા કુરાન સે,*
*ધર્મ જીને કી કલા, મઝહબોં કા સાર હૈ,*
*જીવિત કૈસે રહે, વિજ્ઞાન પર યે ભાર હૈ!*
*ધર્મ સે હી માન હૈ, વિજ્ઞાન સે અભિમાન હૈ,*
*કુદરત સે મિલિ યે દો આંખે, માનવતા કી શાન હૈ.*

એટલે જ તો આપણા પૂર્વ માનનીય વડાપ્રધાન શ્રી અટલબિહારીજીએ નારો આપ્યો હતો કે

જય વિજ્ઞાન ! જય વિજ્ઞાન

અસ્તુ.

## પ્રકૃતિ તરફ પાછા વળીએ, ઉજ્જવળ ભવિષ્ય બનાવીએ

**દૃષ્ટિ ઠક્કર**
ધો. ૧૧, જે. એન. બાલિકા વિદ્યાલય

*કુહાડીની ચમકતી ધાર પર,*
*નવી પાંગરેલી કૂંપણની વાત વહેતી મૂકુ,*
*પ્રકૃતિના સૌંદર્યને અવગણનાર,*
*માનવ માટે કુદરતની કથા કહેતી મૂકુ,*
*એ ચકલીને બાંધવુ છે ઘર,*
*હું ઝાડ કયાંથી લાવુ....?*
*એ ઝાડને બનવુ છે વન,*
*હું ધરતી કયાંથી લાવુ....?*
*એ ધરતીને આપવુ છે જળ,*
*હું વાદળ કયાંથી લાવુ....?* (સમય જામનગરી)

આ દુનિયામાં વહેતી નદીઓના આ ખળખળ અવાજ, ઉંચા ઉંચા પર્વતો પરથી આવતા પવનો કેવા મસ્ત મજાના છે. ખેતરમાં લહેરાતી આ હરિયાળી મારી આંખોને ઠંડક આપે છે. અરે પેલી ચકલી, પોપટ, મોર તેમના કલબલની તો હું શું વાત કરું ? મારું મન મોહી લે છે તેમનો અવાજ. કુદરતે બનાવેલી આ સુંદર સૃષ્ટી આપણું પાલન-પોષણ કરે છે. તે આપણી ચારેતરફ સુરક્ષાનું કવચ બનીને નુકસાનથી બચાવે છે. કુદરત પાસે આપણને આપવા માટે ઘણું બધું છે પણ આપણી પાસે કુદરત માટે કશું જ નથી. મનુષ્યે તો ભૌતિકવિકાસ અને સફળતાની દોડમાં કુદરતનો ઉપકાર વીસરી જઈ પ્રકૃતિ સાથે સંબંધ અને સંપર્ક જ તોડી નાખ્યો.

મનુષ્ય આજે સમૃદ્ધિની ટોચ પર પહોંચી ગયો છે. એ શોધની ગતિ તરાપાથી સ્ટીમર સુધી, પંપથી ઓવરહેડ ટેન્ક સુધી, વનથી વાડી સુધી અને કુહાડીથી કમ્પ્યૂટર સુધીની રહી છે. જાણે સુખ, સમૃદ્ધિ મેળવવાની સાથે તેણે પ્રકૃતિથી પણ દૂર જવાની દોડ માંડી દીધી છે.

કુદરતનો વિચ્છેદ અચરજભર્યો છે. પ્રકૃતિથી વિખૂટા પડવામાં માણસને શું રંજ કે દુઃખ નથી ? આજના બાળકનું બાળપણ અને શિશુનું શૈશવ છિનવાઈ ગયું છે. વિદ્યાર્થીઓને ઋતુપરિવર્તનનો સ્પર્શ થતો નથી. ઉત્સવો અને પર્વોની ઉજવણી પ્રકૃતિથી અલાયદા રહેવાને કારણે કૃતક અને કૃત્રિમ લાગે છે. વસંતપંચમી, શરદપૂનમ, વર્ષા-વસંતના કાવ્યો પ્રકૃતિથી અલાયદા શાળાની ચાર દીવાલોની વચ્ચે ભણાવાય છે. ઘરના દીવાનખાનામાં કૃત્રિમ ફૂલોએ પગપસારો કર્યો છે ત્યારે આજના શિક્ષણે તેને પ્રકૃતિથી સાવ વિખૂટા પાડી દીધા છે ત્યારે કુદરત બૂમો પાડીપાડી કહી રહી છે....

*છોડ તારા વ્હોટ્સએપનું ગ્રૂપ,*
*માણ મસ્ત મોસમનું રૂપ.*
*ફેંક તારા ફેસબુકની લાઈક,*
*સાચુકલી વાત કરને કાંઈક.*
*બંધ કર મોબાઈલની ગેમ,*
*વાંચ હૈયામાં રહેલો પ્રેમ.*
*બસ એટલું તું સમજી જા યાર,*
*જીવન છે ટચ સ્ક્રીનની બહાર.*

પરંતુ, પ્રકૃતિથી તો આપણે બધિર થઈ ગયા છે. પ્રકૃતિથી આપણે વેગળા રહીને શું શું અને કેટકેટલું ખોયું છે તેનું આપણને સાન-ભાન પણ નથી ? હવે, સમય આવી ગયો

છે કુદરત તરફ પાછાં પગલાં માંડવાનો. ત્યારે એમ થાય છે સરકાર તો ઘણું કરે છે. આપણે એકલા શું કરી શકવાના ? કાંઈ જ ન કરી શકીએ ? પણ ના, આપણે પણ કાંઈક કરી જ શકીએ. જેમ કે, કાર છોડી સાઈકલ વાપરવી, સૌરઉર્જાના સાધનનો ઉપયોગ કરવો, પૂનમના દિવસે સ્ટ્રીટ લાઈટ બંધ રાખવી, સ્વચ્છ ભારત અભિયાન, ગંગા શુદ્ધિકરણ, ઝાડ બચાવવા, નવા રોપવા, વરસાદના પાણીને વહી જતા અટકાવવું, પ્લાસ્ટિકને બદલે જયૂટ કે કાપડની કોથળી વાપરવી, વાહનોનું પી.યુ.સી કઢાવવું, બાયો-ફર્ટિલાઈઝર વાપરવા, કમ્પોસ્ટ ખાતર અપનાવવું, સી.એન.જી ગેસથી ચાલતા વાહનો અપનાવવા, પવનચક્કી, સી.એફ.એલ બલ્બ, વગેરે....નો ઉપયોગ કરવો જોઈએ. આમ, નાની નાની બાબતમાં જાગૃતિભર્યા વલણ દાખવવાથી જરૂર પ્રકૃતિ તરફ પાછા જઈશું.

*હર એક વ્યકિત હરઘડી,*
*સાદ કુદરતનો રહે છે સાંભળી,*
*ઈન્દ્રધનુષમાં, મેઘમાં, વાદળ*
*તણી ઝાડીઓ મહી,*
*સાદ કુદરતનો વિધ*
*વિધ રીતે સંભળાય છે,*
*કાન છે સૌને છતાં*
*ના સાંભળે,*
*કુદરત આખિર શું કરે ?* (રાજેન્દ્ર ઉપાધ્યાય)

જો પર્યાવરણ બચાવવું જ હોય ને, તો
એક મહત્વની વાત કહું,
તમે એક વૃક્ષને અપલોડ કરો,
વાદળા આવશે તેને લાઈક કરવા.

આખરે મારો આપને એક પ્રશ્ન છે કે મનુષ્યને જીવવા માટે જોઈએ છે શું ?
આપ સૌનો ઉત્તર હશે : અનાજ, વસ્ત્ર, મકાન
તો પછી શા માટે મનુષ્ય
રોશનીના ઝગમગાટ,
મશીનોના કલબલાટ,
કોંક્રીટના જંગલો,
ટેકનોલૉજીની દોડની પાછળ પડયો છે.
શા માટે વિકાસ પાછળ વિનાશ નોતરી રહ્યો છે ?
તે શા માટે ભૂલી ગયો છે કે
પ્રકૃતિ જ તેના સુખ, સમૃદ્ધિ અને શાંતિની પારાશીશી છે.

તો, આવો આપણે સૌ કુદરત તરફ પાછા ડગ માંડીએ અને ઉજ્જવળ ભવિષ્ય બનાવીએ.

## "કેવા રંગબેરંગી પક્ષીઓ"

**શેખ યશફીનબાનું તાજુદ્દીન**
૪-ક, સરસ્વતી કુમાર શાળા નં. ૨

કેવા રંગબેરંગી પક્ષીઓ રે (૨)
મીઠા મધુર ગાન ગાતા રે
સવારે વહેલા ઉઠી કેવા મીઠા ગાન ગાતા રે
સવારે મીઠું મીઠું કલરવ કરતા રે
કેવા રંગબેરંગી.....(૨)
કેવા સુંદર ટહુકા કરતા રે (૨)
એમનો અવાજ મધુર મધુર રે
જેમ કે ઝરમર ઝરમર વરસે વાદળ રે
કેવા સુંદર પક્ષીઓ રે
કેવા રંગબેરંગી.....(૨)
પક્ષીઓનું કામ તો ગીત ગાવાનું રે (૨)
કેવા સુંદર ગીત ગાતા પક્ષીઓ રે
કેવા પક્ષીઓ આકાશે ઊડતા રે
કેવા ઝૂમખડા લઈને જાતા રે
કેવા રંગબેરંગી .....(૨)
પક્ષીઓનો નાદ તો કેવો મીઠો મધુર રે
તેના જેવો મીઠો ન કોઈ નાદ રે
રંગબેરંગી પીંછાવાળા કેવા સુંદર પક્ષીઓ રે

તેમને જુઓ તો મનમોજીલો બની જાય રે
કેવા રંગબેરંગી.....(૨)

## 'भारतीय संस्कृति'

**ઠક્કર દૃષ્ટિ**
**ધો.૧૧-જે.એન. બાલિકા વિદ્યાલય**

भारतीय संस्कृति जीवन विधि है।
संस्कारो से पोषित बहुमूल्य निधि है ॥
अमृतस्त्रोतस्विनी विकासचिरप्रवाहिता।
संस्कारित और परिष्कृत – विचार विवाहिता ॥

भारतीय संस्कृति दुनिया की सर्वोत्तम और महान संस्कृति है। वे विविधता में एकता का प्रतीक है और उसकी सुवास दुनिया के हर एक कोनें तक पहोंच चुकी है। विदेशमें रहने वाले लोग का जीवन सुबह से लेके शाम तक बस समृद्धि पाने की भागदोड में ही लगा रहा हुआ होता है। बल्कि भारत उन सबसे न्यारा है। आज भारतीय संस्कृति हजारो सदियाँ पारकर चुकी है। लेकीन इतने वर्षो में अपनी पहचान खोने के वजाय उन्हे अन्य देश के लोगों को भी अपनी और आकर्षित किया है। आज विदेशी में भी भारतीय संस्कृति का प्रभाव है । आज वे भौगोलिक सीमा पार कर वैश्विक संस्कृति की गरिमा प्राप्त कर चुकी है।

भारत की सांस्कृतिक विरासत जब भारतीयों को यहाँ तक खींच लाती है तब उनके आतिथ्य संस्कार के मूल्य से वह विदेशीओं का स्वागत करते हैं । सब अतिथी को देव समान मानकर उनका सत्कार किया जाता है इसीलिए भारतीय संस्कृति मातृसंस्कृति के रुप में जानी जाती है।

विदेशो में बढ रही भारतीय संस्कृति की शान है।
तेजी से बढ रहा भारतीय संस्कृति का मान है।
भारतीय संस्कृति आज सारी सीमाएँ पार है।
सच में संस्कृति भारतीयो की आन, बान, शान है।

त्यौहारों तो भारतीय संस्कृति का आईना है । जीससे भारतीय संस्कृति सोले कला संपूर्ण खिली है । नवरात्रि, दिवाली, उत्तरायण, रथयात्रा जैसे त्योहांरो की जगमगाहट विदेशी लोगों को यहाँ तक खींच लाती है। वे लोग खास टिकट निकलवाकर त्यौहार के दौरान भारत आते हैं। इसकी लम्बी चौडी तैयारीयाँ होती है। चार–पाँच दिन चलने वाले त्यौहारो में चहलपहल, रोशनी, संगीत आतिशबाजी से भरा वातावरण होता है। इन्हीं सबको निहारने के लिए लोग भारत में आने से रुक नहीं सकते । उसका उ.दा. उत्तरायण के दौरान आये हुए इजरायल के वडाप्रधान नेतन्यान्हू जीन्होने पतंगबाजी का मजा भी लिया था। इसके अलावा जापान के वडाप्रधान शिन्जोआबे और उनकी पत्नी अकीआबे भी भारतीय संस्कृति को निहारने वहाँ आई थी।

इसके बाद हम बात करते है भारतीय अष्टांगयोग एवं प्राणायाम की। आज के समकालीन युग में विदेशीलोग भी यह सोचते है कि स्वास्थ्य के संवर्धन के लिए योग ही सर्वश्रेष्ठ है। उन सबको भारतीय योग के बारे में अँधी आस्था है। आज भारतीय योग का एक बडा वटवृक्ष विदेशो में खडा है। योगविद्यालय की संख्या आज विदेशो में बढ रही है।

भारत का मार्मिकता से भरा साहित्य विदेशीओं को यह पुस्तकें पढने को मजबूर कर देता है। महाभारत, रामायण जैसे विशाल महाकाव्य, पंचतंत्र, हितोपदेश, भास व कालिदास के नाटक साहित्यीक शोभारुप बन चुके है। एक बात गौरवपूर्ण है कि अभिज्ञानशाकुन्तलम् नाटक दुनिया का सर्वश्रेष्ठ नाटक है । जर्मन कवि गेटे तो उसे पढकर कर उसे मष्तिष्क पे रखकर नाचने लगते है । यह विदेशी में साहित्यीक प्रभाव का सर्वश्रेष्ठ उ.दा. है।

सबसे न्यारी सबसे प्यारी
संस्कृति भारत की।
विविधताएँ विशेषताएँ सारी भरी
संस्कृति भारत की।

हमारे लिए यह एक महत्त्वपूर्ण बात है कि हमारा शहर अहमदाबाद युनेष्को द्वारा उद्घोषित दुनिया का पहला हेरिटेज सिटी बना। इससे आज हर एक विदेशी का एक सपना रहा है कि वह एक बार अहमदाबाद को देखे। वे हेरिटेज वीक और हेरिटेज डे के दौरान अहमदाबाद आते है। यहाँ के वाव, किल्ले, दरवाजे आदि.... को देख अभिभूत होते है और उन सब की तस्वीरों का प्रदर्शन भी विदेशो में रखा जाता है।

अब हम बात करते है आर्युवेदिक दवा की तो एसा नहीं है कि फोरेन कन्ट्रीज ही मेडीकल सायन्स में आगे है। बाल को खडा करके उसके दो भाग करके इसकी तक्नीक भारत में ही खोजी गई थी। आर्युवेदिक औषधियों का उद्‌गमस्थान भारत है। एलोपेथिक और होमियोपेथिक दवा की साईडइफेक्ट के कारण आज विदेश में भी आर्युवेदिक दवा का भरपूर उपयोग होता है।

भारतीय संस्कृति की शान भारतीय संगीत व नृत्यशैली है। भरतनाट्यम्, कूचीपूडी, कथकली, मणिपुरी, भांगडा, घुम्मर, गरबा आदि.... जैसे लोकनृत्य को देखने लोग दौडे आते है। आज इसी शान के दर्शन विदेशी लोग कर सके इसीलिए भारत सरकार कल्चरल फेस्टिवल, सप्तक सूर फेस्टिवल का आयोजन करती है। भारतीय संगीत के विविध घरानें व प्रकार जैसे की शास्त्रीय संगीत, सुगम संगीत, लोक संगीत आदि... को सुनने के लिए लोग उतावले हो जाते है।

भारत की यह संस्कृति को लेग देखने आते है।
भारत की गौरव गाथा के गीत को सब गाते है॥

अंत में मुझे एक प्रश्न हो रहा है कि जब लोग वहाँ सातसमन्दर पार से भारतीय संस्कृति की फुलवारि में घूमने के लिए आते है तो क्यूं अपने ही देश के लोग अपने अस्तित्व रुप संस्कृति से विभक्त हो चूके है।

क्यू वो पश्चिम संस्कृति के पीछे जा रहे है ?
क्यू वे समज नही पाए की भारतीय संस्कृति ही
उनके सुख, समृद्धि और शांति की पाराशिशि है।

# પુસ્તક પરિચય

## ‘કલાસ રૂમ’

**લેખક : દિનેશ લ. માંકડ**

**દરેક શાળા-પુસ્તકાલયમાં શોભે તેવું પુસ્તક.** શિક્ષણ ક્ષેત્રમાં, ચાર દાયકાની દીર્ઘ સેવા આપી નિવૃત્તિમાં પણ પ્રવૃત્ત આચાર્ય શ્રી દિનેશભાઈ માંકડે પ્રસ્તુત પુસ્તક, ‘કલાસ રૂમ’માં તેમણે વર્ગખંડમાં યોજાયેલા, અનુભવેલા અને વિચારેલા સ્વાનુભાવો મુક્યા છે. અહીં આવતીકાલનાં નેતા- મોનિટરની વાત છે અને સુપરવિઝનના સુપર-વિઝનની ચિંતા પણ છે. પ્રોક્સી તાસને પ્રિય તાસ બનાવવાની વાત, તો સરકતા સમય-લીક ટાઈમનાં સદુપયોગની વાત કર્મનિષ્ઠને ગમે તેવી છે ! જમણો હાથ ખોટો છે, મા છે, મા લેખકે પડકાર ઝીલતા બાળકોની વાત કરી છે, તો, એ તો મારો છે, મા સંબંધોની નિકટતા મૂકી છે. શિક્ષણ વિદ ડૉ. ભદ્રાયુ ભાઈ વચ્છરાજાની કહે છે “આ પુસ્તકમાં કેન્દ્રમાં શિક્ષણ છે, ત્રિજયા સ્વરૂપે સ્વાનુભવ છે, પણ આ વર્તુળનો વ્યાસ સમાજના માતા-પિતા, બાળકો, શિક્ષક સુધી લંબાય છે.”

શ્રી દિનેશભાઈએ પોતે કરેલા જોડણી સુધાર, જેવા કેટલાક શૈક્ષણિક પ્રયોગો તો મુકયા જ છે. સાથે સાથે શિક્ષણના વર્તમાન પ્રવાહમાં આવતી MCQ જેવી ઘટના પર પ્રકાશ ફેંકી પોતાના વિચારો મુકયા છે ! ડૉ. હર્ષદભાઈ પટેલ કહે છે “આ પુસ્તકના માધ્યમથી શિક્ષણ ક્ષેત્રની વર્તમાન સ્થિતિનો ચિતાર મળે છે અને તેને ઉત્કૃષ્ટ બનાવવાના ઉપાય પણ મળે છે. “શ્રી દિનેશભાઈ માંકડના પુસ્તક” ‘કલાસરૂમ’ દ્વારા શિક્ષણ પ્રત્યે રૂચી રાખનાર આચાર્ય, શિક્ષક, વાલી કે વાચક વર્ગ ને ઉત્તમ વાંચન સાથે નૂતન દૃષ્ટિકોણ મળશે જ ! પ્રત્યેક શાળાના અને પુસ્તક પ્રેમીનાં પુસ્તકાલયમાં શોભે તેવું પુસ્તક છે. પ્રાપ્તિ સ્થાન : સંસ્કાર સર્જન, અમદાવાદ. મો. ૯૪૨૭૯૬૦૯૭૯

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિક્માં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● શિક્ષણ માટે ૮૫૦૧૦ કરોડ ફાળવવામાં આવ્યા :**

આગામી નાણાંકીય વર્ષમાં શિક્ષણ માટે ૮૫૦૧૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. જે પૈકી ૩૫૦૧૦ કરોડ રૂપિયા ઉચ્ચ શિક્ષણ માટે અને ૫૦,૦૦૦ કરોડ રૂપિયા શાળા શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે.

બી.ટેકના ટોચના ૧૦૦૦ વિદ્યાર્થીઓને પી.એચડી સુધી ભણવા માટે ફેલોશીપ આપવામાં આવશે. આ ઉપરાંત ૨૪ નવી મેડિકલ કૉલેજો પણ શરૂ કરવામાં આવશે. સાથે સાથે વડોદરામાં એક વિશેષ રેલ્વે યુનિવર્સિટીની રચના કરાશે.

બજેટ વખતે નાણાંપ્રધાનશ્રીએ એવી પણ જાહેરાત કરી હતી કે ૨૦૨૨ સુધીમાં સરકાર "રિવાઈટિલાઈઝિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સિસ્ટમ ઈન એજ્યુકેશન શરૂ કરશે.

નાણાંપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૨ સુધીનાં ૫૦ ટકા એસટીની વસ્તી અને લઘુતમ ૨૦,૦૦૦ આદિવાસી લોકોની વસ્તી ધરાવતા બ્લોકમાં નવોદય વિદ્યાલયની જેમ એકલવ્ય શાળા શરૂ કરવામાં આવશે.

આઈઆઈટી અને એનઆઈટી હેઠળ ૧૮ સ્કૂલ ઑફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર શરૂ કરવામાં આવશે.

૨૦૨૦ સુધી નેશનલ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ ૫૦ લાખ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે. ચાલુ નાણાંકીય વર્ષમાં ૭૦ લાખ નવી નોકરીઓનું સર્જન કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.

**● ધો.૧૨ સાયન્સની ખાસ બોર્ડ પરીક્ષા ૨૭ મી ફેબ્રુઆરીથી અને ૧૯ મી એપ્રિલથી :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના સેમેસ્ટર સિસ્ટમના નાપાસ અને ગેરહાજર વિદ્યાર્થીઓ માટે લેવાનાર ખાસ બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. જેમાં ૧ થી ૪ સેમેસ્ટરમાં ગેરહાજર રહેલા અને કોપી કેસમાં પકડાયેલા વિદ્યાર્થીઓ માટે ૨૭મી ફેબ્રુઆરીથી પરીક્ષા શરૂ થશે અને નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ૧૯મીથી ખાસ પરીક્ષા લેવામાં આવશે.

ધો.૧૨ સાયન્સમાં ગત વર્ષે સરકારના નિર્ણયથી શિક્ષણ બોર્ડ સેમેસ્ટર સિસ્ટમ રદ કરી દીધી છે અને આગામી માર્ચ - ૨૦૧૮ માં વાર્ષિક પદ્ધતિ પ્રમાણેની પ્રથમવારની મુખ્ય બોર્ડ પરીક્ષા લેવામાં આવનાર છે. પરંતુ ધો.૧૨ સાયન્સની સેમેસ્ટર સિસ્ટમમાં નાપાસ થયેલા અને ૧ થી ૪ સેમેસ્ટરમાંથી કોઈપણ એક સેમેસ્ટરમાં ગેરહાજર રહેલા ૩ કોપી કેસમાં પકડાયેલા વિદ્યાર્થીઓ માટે ખાસ બોર્ડ પરીક્ષા લેવાનું ઉપર મુજબ નક્કી કરવામાં આવ્યું છે.

**● યુનિ. પરીક્ષામાં હવેથી વિદ્યાર્થીઓની બેઠક અટકને બદલે નામથી ફાળવવામાં આવશેઃ**

ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષા રિફોર્મ કમિટીની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે કેટલાક નિર્ણય કરવામાં આવ્યા હતા જે મુજબ હવેથી યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા અટકને બદલે નામથી ફાળવવામાં આવશે. આ ઉપરાંત પરીક્ષામાં ૩૦ મિનિટ સુધી વિદ્યાર્થીને અપાતી પ્રવેશની છૂટ રદ કરાઈ છે અને તેના બદલે ૧૫ મિનિટ વહેલા પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**● ડિગ્રી ઈજનેરીમાં AICTE દ્વારા કોમન મોડલ કોર્સ લાગુ કરવામાં આવશે :**

હાલ દેશની વિવિધ ટેકનોલૉજિકલ યુનિવર્સિટીમાં

ડિગ્રી ઈજનેરીના વિદ્યાર્થીઓ માટે જુદો જુદો અભ્યાસક્રમ ભણાવાય છે. ઉપરાંત દરેક યુનિવર્સિટીમાં પરીક્ષામાં પાસ થવાની પદ્ધતિ પણ અલગ અલગ છે. પરંતુ હવેથી સમગ્ર દેશભરની યુનિવર્સિટીઓ માટે ડિગ્રી ઈજનેરી અને પીજી ઈજનેરીમાં એઆઈસીટીઈ દ્વાર કોમન મોડલ કોર્સ લાગુ કરાશે. જેના દ્વારા વિદ્યાર્થીને પાસ થવું હવે સરળ બનશે.

સાથે સાથે કેન્દ્રની લાગુ થનારી નવી ટીચર્સ ટ્રેનિંગ પોલિસીમાં ટ્રેનિંગ લીધેલા પ્રોફેસર જ હવે ઈજનેરી કૉલેજમાં ભણાવી શકશે.

**● સીએ (C.A.) નું ૨૨.૭૬ ટકા પરિણામ:**

આઈસીએઆઈ દ્વારા સીએ ફાઈનલનું અને સીપીટી પરીક્ષાનું પરિણામ ૨૨.૭૬ ટકા રહ્યું છે. અમદાવાદના ત્રણ વિદ્યાર્થી દેશના ટોપ ૫૦ રેન્કમાં આવ્યા છે. જેમાં બે વિદ્યાર્થિનીઓ છે. આ પરિણામ ગત મેની પરીક્ષા કરતા ૦.૨૨ ટકા ઘટ્યું છે અને ગઈ નવેમ્બરની પરીક્ષા કરતા ૧૧.૧૮ ટકા વધ્યું છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ્ એકાઉન્ટન્ટસ્ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે મે અને નવેમ્બરમાં સી.એ. ફાઈનલની પરીક્ષા લેવામાં આવે છે. ગયા નવેમ્બર માસમાં લેવાયેલી આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી તમામ ગ્રૂપમાં મળીને ૧૨૮૮૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે બંને ગ્રૂપમાં ૩૦૦૫૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૬૮૪૧ વિદ્યાર્થી પાસ થતા એકંદરે ૨૨.૭૬ ટકા પરિણામ રહ્યું છે. ગ્રૂપ-૧ માં ૩૮૩૨૮ વિદ્યાર્થીઓમાંથી ૬૨૫૭ વિદ્યાર્થી પાસ થતાં ૧૫.૯૧ ટકા અને ગ્રૂપ-૨માં ૩૯૭૫૩ વિદ્યાર્થીમાંથી ૬૦૦૬ વિદ્યાર્થી પાસ થતા ૧૫.૧૧ ટકા પરિણામ રહ્યું છે.

**ટૂંકાવીને....**

- ધો. ૧૦-૧૨ માં બોર્ડ પરીક્ષાના ૯ કેન્દ્રો રદ કરાયા જ્યારે ધો.૧૦માં ૩૨ ઉમેરાયા.
- નિરમા, પીડીપીયુ અને સેપ્ટ યુનિ. ને સૌથી વધુ ૩૯ હજાર સુધીનો ફી વધારો.
- સીએની પરીક્ષામાં અમરેલી જિલ્લાના બગસરાનો સામાન્ય પરિવારનો વિદ્યાર્થી સમગ્ર દેશમાં ૨૯ માં ક્રમે આવ્યો.
- ગત ડિસેમ્બરમાં લેવાયેલી સી.એ. - સીપીટીનું ૩૮.૦૨ ટકા પરિણામ : ૨.૫ ટકા પરિણામ ઘટ્યું.
- સ્કૂલ બોર્ડનું ૨૦૧૮-૧૯ નું રજૂ થયેલું રૂ. ૬૬૬ કરોડનું બજેટ.
- ધો.૧૧ સામાન્ય પ્રવાહનું અંગ્રેજી વિષયનું નવું પ્રશ્નપત્ર માળખું બોર્ડે જાહેર કર્યું.
- બજેટમાં વિશ્વની સૌથી મોટી રાષ્ટ્રીય આરોગ્ય સુરક્ષા યોજનાની જાહેરાત કરી ૫૦ કરોડ ગરીબોને લાભ આપવાની જાહેરાત થઈ.
- બજેટમાં જણાવ્યા મુજબ આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા માટે રૂ. ૧.૩૮ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અન્વયે કેન્દ્ર સરકાર વિશ્વની સૌથી મોટી હેલ્થ કેર યોજના શરૂ કરશે.
- દર ત્રણ સંસદીય બેઠક વચ્ચે એક મેડિકલ કૉલેજ અને દરેક રાજ્યમાં ઓછામાં ઓછી એક સરકારી મેડિકલ કૉલેજનું આયોજન છે.
- મહિલા અને બાળ કલ્યાણ માટે ગયા વર્ષે બજેટ ૨૧,૨૩૬ કરોડ રૂપિયા હતું. ૨૦૧૮-૧૯ ના નાણાંકીય બજેટ માટે ૨૪,૭૦૦ થયું.
- ચાઈલ્ડ પ્રોટેક્શન માટે નાણાંમંત્રીએ ૭૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી.
- આયુર્વેદ, યોગ વગેરેના વિકાસ માટે આયુષ મંત્રાલયને ૧૩ ટકા વધુ રૂ. ૧૬૨૬.૨૭ કરોડની ફાળવણી.
- મેડિકલ એન્ડ પબ્લિક હેલ્થ હેઠળ બજેટ ફાળવણી વધારી ૧૦૪૧.૧૪ કરોડ કરાઈ.

### દિક્ષાંત પ્રવચન

ઉજ્જવળ બનાવી શકશો.

નાના પ્રલોભનો અને ટૂંકા રસ્તાની સફળતા કદાચ તમને ક્ષણિક સુખ અપાવશે પણ લાંબા ગાળે તે જીવનમાં પીડાકારી જ બની રહે છે તે ભૂલશો નહીં. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજોને પણ ભૂલશો નહીં. જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસિ. જે જન્મભૂમિમાં તમે જન્મ લીધો છે તે જન્મભૂમિ આપણી મા છે. સ્વર્ગ કરતાં પણ મહાન છે. સમય આવે તેનું ૠણ અદા કરજો.

મુ. શ્રી રઘુદાદાનું એક સૂત્ર હંમેશાં યાદ રાખજો ''ન દયનીયમ ન પલાયનમ્'' કોઈની દયા ઉપર જીવવું નહીં અને જીવનમાં મુશ્કેલીઓ કે સંકટ વચ્ચે પલાયન ન થવું તમારી સદા સફળતા ઈચ્છું છું. તમારા જીવન પથ ઉજ્જવળ રહો અને ધૂપ્રશેરોની જેમ ચારે તરફ તમે પ્રસરો સુંગધ ફેલાવો અને તમારા દરેક ધ્યેય હાંસલ કરો તેવી મંગલ કામના.

આવજો... આવજો... આવજો...

### જશવંતસિંહજી ફતેસિંહજી સોલંકી

મહિલાઓને સાડી વિતરણ કર્યું. નાના બાળકોને પણ કપડાં પહોંચ્યા છે.

પોતાના ગામમાં સામાજિક વ્યવસ્થા જાળવવામાં બાળકોના અભ્યાસ માટે વિશેષ કાળજી રાખતાં.

એક આદરણીય વ્યક્તિત્વ ધરાવતા હતાં. પોતાના જીવનકાળ દરમિયાન સૌનો સહકાર મેળવ્યો. સાથે રાખી કામ કર્યું.

પોતાના અંગત કે કુટુંબના કાર્યને પ્રાધાન્ય આપ્યા વિના સંસ્થાના કાર્યને સર્વોપરી ગણ્યું. દાગ વગરનું સ્વચ્છ જીવન - કોઈ લાલસા નહીં. સ. વિ. મંડળ પોતાના બે વિદ્યાર્થીઓ સંભાળે છે તેનું ગૌરવ અનુભવતા - અવસાનના બે દિવસ પહેલા જ્યારે શ્રી સજુભા ઝાલા સાહેબ, શ્રી અરવિંદભાઈ તથા શ્રી ભારતીબહેન મળવા આવ્યા ત્યારે પણ તેઓને હાથ પકડી સંસ્થાને સાચવશો - જાળવજો - તેમ જણાવી સંસ્થા પ્રત્યેની પોતાની વફાદારી - લાગણી વ્યક્ત કરી હતી.

આવા પિતાના પુત્ર થવા માટે ખૂબ જ ગર્વ છે.

### આધુનિકરણના ગેરફાયદા

એવું નથી કે આપણે સ્માર્ટ ફોન આદિનો ઉપયોગ ન કરીએ, એવું નથી પણ આપણે એ જોવાનું છે ને એનાથી સીમિત કેવી રીતે રહીએ. એવી રીતે કે એ આપણો ગુલામ રહે, આપણે એના ગુલામ ન બનીએ.

આપણે આ આધુનિક દુનિયામાં જવાબદારી પૂર્વક નવી આવૃત્તિનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીએ.

## "તે નાનું બાળક......"

**ધીરૂભાઈ શાહ**

સુગર લેન્ડ, ટેક્સાસ (યુ.એસ.એ.) ઉ.વ.: ૯૬
ફોનઃ (૨૮૧) ૨૪૨૮૪૫૪
ઈ-મેઈલઃ dinesh@shahcompanies.com


બાળકની નાની નાની આંખો તમારા તરફ ફરે છે. અને તે તમને દિવસ અને રાત જોયા કરે છે. તેના નાના નાના કાન તમારા તરફ રહે છે અને તમે જે કાંઈ બોલો છો, તે બધું જ તે સાંભળે છે અને તરત અંદર ઉતારે છે. તેના નાના નાના હાથ તમે જે કાંઈ કરો છો તે કરવા તત્પર બને છે અને તમારા જેવા થવાનાં સ્વપ્નો સેવે છે.

તમે તે બાળક માટે એક મૂર્તિ છો, એક આદર્શ છો. તેના નાના મગજમાં તમારા માટે કોઈ સંશય હોતો નથી. તે તમારામાં પૂરો વિશ્વાસ ધરાવે છે અને તમે જે કાંઈ કહો છો અને કરો છો તે બધું જ તે ગ્રહણ કરે છે. જયારે તે તમારી જેમ મોટો થશે ત્યારે તે તમારી જ રીતે કહેશે અને વર્તશે.

તે વિશાળ આંખોવાળો બાળક તમે જે કરો છો તે યોગ્ય જ કરો છો તેમ માને છે. તેની આંખો હંમેશા ખુલ્લી હોય છે. તે દિવસ અને રાત બધું જ નીરખ્યા કરે છે. તમે રોજ જે કાંઈ કરો છો તે તેના માટે દાખલારૂપ બને છે. કારણ કે તે નાનું બાળક મોટપણમાં તમારા જેવા થવાની રાહ જુએ છે.

## શ્રી ભગવતીભાઈ દવે - સંગીત સંધ્યા














## સરસ્વતી બાલવિહાર - ૧૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ઉજવણી





Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● માર્ચ - ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-



**ડો. રઘુભાઈ નાયક**
**૧૯૦૭ ● ૨૦03**

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પ્રબળ આત્મ-વિશ્વાસની જરૂર છે. આત્મવિશ્વાસ પોતાની આવડત અને સફળતા-સિદ્ધિમાંથી જન્મે છે. બાળપણમાં માતાપિતા-વડીલો કોઈ પણ પ્રસંગે બાળકને 'શાબાશ' કહે છે ત્યારે બાળકનું હૈયું હરખાય છે. તેને એ શબ્દમાંથી મોટું ઉત્તેજન મળે છે.

શાળાઓમાં વિદ્યાર્થીનો સાચો જવાબ સાંભળી શિક્ષકનું મન હરખાય છે. 'યુ આર રાઈટ' બાળક માટે એ પ્રેરણાબળ બની રહે છે. તેનો આત્મવિશ્વાસ બેવડાય છે. તેના પ્રયત્નો વધુ વેગવાન બને છે.

આવી અનેક નાનીમોટી સિદ્ધિઓ આપણને વધુ પ્રયત્ન માટે પ્રેરે છે. એ સિદ્ધિઓ આપણી તાકાત બની રહે છે. એમાંથી ક્રમશઃ આપણું વ્યક્તિત્વ નીખરતું રહે છે.

વિકસિત, વ્યવસ્થિત, સમાજજીવનમાં આવી કદર, સિદ્ધિનો જાહેર સ્વીકાર માટેની પ્રક્રિયા-સ્વાભાવિક છે; તેનું અસ્તિત્વ સમાજ, કોમ કે દેશના વિકાસ માટે અનિવાર્ય છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.